Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાપીઠ વાચનમાળા

ત્રીજી ચોપડી

નવજીવન કાર્યાલય
અમદાવાદ

66 ग
१६ (३)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक-संख्या 66 ग/१६ (३)

पंजिका-संख्या २१८७१/२५-६-७३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

તથી સારી
, અને તે
ચોપડીઓ
શાળાઓમાં
ધારવી અને
રાદે, ઈ. સ.
ુજબનો ઠરાવ

કરવા નીચેના
ેય કાલેલકર,

તરીકે કામ
કરે એમ ઠરાવવામાં આવ્યું. પોતાના કામમાં મદદને માટે સમિતિએ શ્રી. જુગતરામ દવેને પોતાની સાથે લીધા. ઉપરાંત એક પરિપત્રથી ગુજરાતના લેખક તથા શિક્ષક મિત્રોને આ કામમાં બનતી મદદ કરવા નોતર્યા.

તે ઠરાવને અનુસરીને, 'ચાલણગાડી'ની સુધારેલી નવી આવૃત્તિ તથા પહેલી અને બીજી ચોપડી ગયે વર્ષે બહાર પડી ગઈ છે. ત્યાર પછીની આ ત્રીજી ચોપડી પ્રસિદ્ધ કરવામાં આવે છે, અને ચોથીનું કામ ચાલે છે તે પૂરું કરી થોડા વખતમાં જનતા આગળ મૂકવાની આશા છે.

કેળવણીમાં આજકાલ અનેક અવનવા વિચારો ચર્ચાઈ રહ્યા છે. તેમાંય પ્રાથમિક કેળવણીની તો વિશેષે કરીને ચર્ચાઓ ચાલે છે. તેમાં વર્ધા શિક્ષણ યોજનાએ આવીને વેગ આપ્યો છે; એટલું જ નહિ, આપણા દેશના સાર્વત્રિક શિક્ષણ-પ્રચારને માટે ઉપયોગી એવી કેટલીક મૌલિક વસ્તુઓ પણ સૂચવી છે. સંપાદક મંડળે આ ચોપડીઓ ઘડવામાં ઉપરના ખ્યાલોને ઘટતું ધ્યાન આપ્યું છે.

(અનુસંધાન પૂંઠાને ત્રીજે પાને)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ. – ૨૦

વિદ્યાપીઠ વાચનમાળા

ત્રીજી ચોપડી

66 ग/१६(३)
२१८२१
२४-६-२...

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CHECKED 1973
Initial ......

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજી ચોપડીના પાઠો

૧. હાથે (ગીત)	૩	૨૨. સ્વચ્છતા-સેવિકા	૫૫
૨. સુદામાનો સત્કાર	૪	૨૩. કાચા સૂતરનો તાંતણો (ગીત)	૫૮
૩. નોકર	૮	૨૪. કામધેનુ	૬૦
૪. શાળાબંધુઓ (ગીત)	૧૦	૨૫. હજરત ગોસ-ઉલ-આઝમ	૬૩
૫. ભણો અને ભણાવો	૧૧	૨૬. રમવા આવોને (ગીત)	૬૬
૬. રીસ (ગીત)	૧૪	૨૭. પોપટ મંદિર	૬૭
૭. રામજી અને આદમજી	૧૫	૨૮. કીડીબાઈ	૭૦
૮. મોટું કોણ?	૨૦	૨૯. ધર્મવીરોને આશરો	૭૩
૯. ભોજનના નિયમો	૨૩	૩૦. વાલિયો લૂંટારો	૭૬
૧૦. ક્ષેત્ર-મહિમા (ગીત)	૨૬	૩૧. રામ-લખમણની જોડ	૮૦
૧૧. શુદ્ધ ભાષા	૨૭	૩૨. મારા ક્યારાની નોંધ	૮૧
૧૨. કરોળિયો અને કબૂતર	૩૧	૩૩. ઈસપની બોધકથાઓ	૮૪
૧૩. પ્રભાતિયું (ગીત)	૩૩	૩૪. સેવાભાવી તેલપૂરો	૯૦
૧૪. ઘઉં-ચોખા	૩૪	૩૫. દાદા બાપુનું ગામ	૯૪
૧૫. ખેડૂતનાં ફરજંદ	૩૭	૩૬. સેવાગ્રામ	૯૫
૧૬. શબરીનાં બોર (ગીત)	૪૦	૩૭. ગંદી ટેવો	૯૯
૧૭. રમતનું મેદાન	૪૩	૩૮. જયજયકાર	૧૦૩
૧૮. બે ભાઈઓ	૪૬	૩૯. અંગૂર	૧૦૪
૧૯. ચંદા (ગીત)	૪૮	૪૦. ઘોડો અને ગધેડો	૧૦૮
૨૦. ચંદ્ર	૪૯	૪૧. ખેડ ખેડો (ગીત)	૧૧૦
૨૧. આનંદી પક્ષીઓ	૫૩		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧ લો : હાથે

અમે હાથે તે કામ બધાં કીજીએ રે,
નહિ બાધા કે બંધનોથી બીજીએ રે. અમે૦

અમે જોઈએ તપાસીએ ને બૂજીએ રે,
અમે ભાંગીએ તોડીએ ને પાછાં જોડીએ રે. અમે૦

અમે સર્વે દેશોમાં ઘૂમી આવીએ રે,
જેવા ફાવે તેવા સાજ અંગ ધારીએ રે. અમે૦

કોને પરવા ! છો પહોંચીએ કે થાકીએ રે.
કોને પરવા ! છો ફાવીએ કે હારીએ રે. અમે૦

અમે લીધાં કામ એમ કેમ છોડીએ રે ?
કદી છોડીએ તો મોત માગી લીજીએ રે. અમે૦

અમે બાવડાંના બળે નિપજાવીએ રે,
પ્રાણ ખરચીને ગમતાં ઘર બાંધીએ રે,
એવાં હાથનાં ચણેલ ઘર વસાવીએ રે. અમે૦

જુગતરામ દવે

કીજીએ = કરીએ બીજીએ = ડરીએ લીજીએ = લઈએ
બૂજીએ = સમજીએ બાધા = અડચણ

વિદ્યાર્થીઓ શાળામાં અને ઘેર કામકાજ કરે તેમાં આવો ઉલ્લાસ આણવાનો શિક્ષકોએ અને માબાપોએ પ્રયત્ન કરવો ઘટે. ઉલ્લાસથી તેઓ કામ કરશે તો કામ ઉત્તમ થશે એટલું જ નહિ, પણ તે કરતાં

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની બુદ્ધિમાં નવા નવા પ્રકાશ ઊગશે અને તેમનાં હૃદયમાંથી આનંદના ફુવારા છૂટશે. વેઠ કરવાથી તો કામ પણ બગડશે, અને વિદ્યાર્થીની બુદ્ધિ પણ બુઠ્ઠી થઈ જશે.

પાઠ ૨ જો : સુદામાનો સત્કાર

એક હતા વૃદ્ધ બ્રાહ્મણ. તેમનું નામ હતું સુદામા. તે બહુ જ ગરીબ હતા. ગરીબ હતા, પણ મોટા જ્ઞાની હતા. બીજા બ્રાહ્મણોની જેમ તે કોઈની પાસે ભિક્ષા માગતા નહિ. તે અજાચક વ્રત પાળતા.

તેમના ઘરમાં ખાવાનું ખૂટી ગયું હતું, અને બાળકો ભૂખે ટળવળતાં હતાં.

બ્રાહ્મણી બોલ્યાં, 'સ્વામી, શ્રીકૃષ્ણ તમારા બાલમિત્ર છે. તેમની પાસે જાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જદુપતિ નાથ તે મિત્ર છે તમ તણા,
જાઓ વેગે કરી કૃષ્ણ પાસે;
'પ્રીત પૂરવ તણી, હેત ધરશે હરિ,
મનના મનોરથ સફળ થાશે.'

સુદામા—અરરર, તમે એ શું બોલ્યાં! સુદામો ભીખ માગે! એ કરતાં તો મરવું સારું.

બ્રાહ્મણી—મહારાજ, પણ આપણા ઘર સામું તો જુઓ!

સુદામા—માગવાનું તો કેમ જ બને! પણ ભગવાનનાં દર્શન થશે એ મોટો લાભ છે. પણ હું મળવા જાઉં તો એમને ભેટ શું ધરું? આપણી પાસે તો કંઈ જ નથી.

'નથી કંઈ પહેરવા, ભેટ લઈને જવા,
કેમ કરી જાણશે કૃષ્ણ કામી?
દત્ત નથી આપાણું, વદન લજામણું,
જાચતાં લાજું નરસૈંનો સ્વામી.'

બ્રાહ્મણી—લો આ પૌંઆની પોટલી. શ્રીકૃષ્ણને તે ભેટ આપજો.

પછી સુદામા તો પૌંઆની પોટલી લઈને દ્વારકા ગયા.

સોનાનો મહેલ હતો. તેમાં હીરાનો હીંડોળો હતો. તે ઉપર શ્રીકૃષ્ણ હીંચતા હતા.

દાસીએ કહ્યું, 'ભગવાન, સુદામા નામના કોઈ વૃદ્ધ બ્રાહ્મણ બારણે આવ્યા છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન એકદમ ઝબકીને ઊભા થઈ ગયા.

'હેં કોણ, સુદામા? મારા બાલમિત્ર સુદામા? મારા ગુરુબંધુ સુદામા? નાના હતા ત્યારે અમે સાંદીપનિ મુનિને ત્યાં સાથે રહેતા. અમે સાથે મળીને વનમાં કાષ્ઠ વીણવા જતા.'

શ્રીકૃષ્ણ ઉતાવળા ઉતાવળા દરવાજે પહોંચ્યા. મિત્ર સુદામાને ભગવાન ભેટી પડચા.

'મંદિરમાં તેડિયા, ચાલીને ભેટિયા,
ત્રિવિધના તાપ તે સર્વ નાઠા;
હેમસિંહાસને લઈને બેસાડિયા,
તાણતાં વિપ્રનાં વસ્ત્ર ફાટચાં.'

'કૃષ્ણ, રાખો રાખો. ગોવિંદ, હું ધૂળ-ધૂળ-ભર્યો છું. વાસુદેવ, તમારાં ચીર બગડશે.'

પણ શ્રીકૃષ્ણ તો ધરાઈ ધરાઈને મિત્રને ભેટચા. બેઉની આંખોમાંથી ગંગાજમના ઊભરાયાં.

પછી ભગવાને પોતે મિત્રની પોટલી તથા લાકડી ઉપાડી લીધી. તેમને દોરીને મહેલમાં લઈ ગયા. એમણે ગરમ પાણીથી પોતાને હાથે તેમના પગ ધોયા. તેમને પોતાને હાથે નવડાવ્યા. તેલ ચોળી ચોળી તેમનો થાક ઉતાર્યો. પોતાને હાથે ભોજન પીરસ્યું. પછી પોતાને જ હાથે ઢોલિયો ઢાળી આપ્યો.

સુદામા પોઢચા છે અને શ્રીકૃષ્ણ વાયુ ઢોળે છે. શ્રીકૃષ્ણના ઘરમાં ઘણાં પુત્રપુત્રીઓ હતાં, રાણીઓ હતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાસદાસીઓ હતાં; પણ કૃષ્ણ આજે કોઈને કામ કરવા દેતા નથી. તેઓ કહે છે: 'આજે બધી સેવા કરવાનો હક મારો જ છે.'

બન્ને મિત્રો બહુ વર્ષે મળ્યા છે. સુખદુ:ખની વાતો કરે છે. એવામાં કૃષ્ણની નજર પેલી પૌંઆની પોટલી ઉપર પડી. તેને છોડીને તેઓ તો પૌંઆના બૂકડા ભરવા લાગ્યા.

'ધાઈ લીધા હરિ, મુષ્ટિ તાંદુલ ભરી,
પ્રેમે આરોગિયા તૃપ્તિ પામી.'

સુદામા બિચારા આડા હાથ દે છે. 'તમને એ નહિ ભાવે. વાસુદેવ, તમને પેટમાં દુખશે.'

પણ શ્રીકૃષ્ણે હાથમાંની પોટલી મૂકી નહિ.

તે બોલ્યા, 'મિત્ર સુદામા, આવું મીઠું ભોજન મેં જિંદગીમાં ખાધું નહોતું.'

સુદામા શ્રીકૃષ્ણની રજા લઈ ઘેર જવા નીકળ્યા. તેમણે કંઈ માગ્યું નહિ, શ્રીકૃષ્ણે પણ ત્યાં તેમને કશું આપ્યું નહિ. પણ સુદામા ઘેર જઈને જુએ છે તો તેમનું ઘર સોનાનું થઈ ગયું હતું. શ્રીકૃષ્ણે એમનું તમામ દુ:ખ બારોબાર દૂર કરી દીધું હતું.

અજાચક વ્રત = ગમે તેવા સંકટમાં પણ ભીખ ન જ માગવી એવી ટેક.
ગુરુબંધુ = એક ગુરુના હાથ નીચે શીખેલા વિદ્યાર્થીઓ.
મુષ્ટિ = મૂઠી. કૃષ્ણ કામી = રાજ્યવૈભવમાં રહેનાર કૃષ્ણ.
તૃપ્તિ પામી = ધરાઈને. દત્ત = દીધેલું, દાન, પુણ્ય.
ત્રિવિધના તાપ = ત્રણ પ્રકારનાં દુ:ખો — આધિ, વ્યાધિ, ઉપાધિ.

(૧) કામકાજમાં ઉલ્લાસ કેમ આવે તેનું સૂચન આ વાર્તામાં રહેલું છે. પોતાના વહાલા મિત્રનું કામ કરતાં શ્રીકૃષ્ણને જરા પણ વેઠ જેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન લાગ્યું. તે આનંદમાં નાહવા લાગ્યા. મિત્ર દુખિયો હતો તેથી તો એમને તેમની સેવા કરતાં વધારે ઉમંગ આવ્યો. વિદ્યાર્થીઓ પણ પોતાનાં વહાલાં માટે કામ કરશે, પોતાની વહાલી શાળા માટે, પોતાના દેશબંધુઓ માટે કામ કરશે, ત્યારે તેઓ પણ એવો જ ઉલ્લાસ અનુભવશે.

(૨) નરસિંહ મહેતાના સુદામાચરિતનાં પ્રભાતિયાં, જેમાંથી આ પાઠમાં અવતરણો મૂકવામાં આવ્યાં છે, તે મુખપાઠ કરવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપો.

પાઠ ૩ જો : નોકર

પાણી ભરવું, વાસણ માંજવાં, વાળવું, દળવું, રાંધવું, કપડાં ધોવાં, કાંતવું, પાયખાનું સાફ કરવું — આ બધાં કામો લોકોમાં હલકાં મનાય છે. તેઓને વખત મળતો નથી એમ નથી, પણ આ કામો હલકાં માણસોનાં છે એમ તેઓ માને છે. અને તેથી તે કરવા માટે નોકરો રાખે છે અને નોકરોને નીચા ગણી તેમની સાથે તોછડાઈથી વર્તે છે.

ગાંધીજી કોઈ કામને હલકું ગણતા નથી. આશ્રમ કાઢ્યો તે પહેલાં પણ તેમના વિચારો આ જાતના હતા. તેમના ઘરમાં નોકર નહોતા જ રાખતા એમ નહિ, પણ નોકર સાથે નોકર તરીકે તેઓ કદી વર્તતા નહિ.

તેઓ બહુ નાના હતા ત્યારે તેમના ઘરમાં રંભા નામની એક કામવાળી હતી. એ બાઈને ગાંધીજી સગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માની જેમ આજ સુધી યાદ કરે છે. નાનપણમાં રંભાએ એમને શીખવેલું કે બીક લાગે ત્યારે રામનું નામ લેવાથી બીક ઊડી જાય છે. આ ઉપદેશ ગાંધીજી હજુ ભૂલ્યા નથી.

બારિસ્ટર થયા પછી ગાંધીજીએ મુંબઈમાં થોડો વખત ઘર વસાવ્યું હતું. તે વખતે તેમણે રસોઈ માટે એક બ્રાહ્મણ નોકર રાખ્યો હતો. પોતે વિલાયત જઈ આવેલા, અને રોફમાં અને અંગ્રેજી ઠાઠથી રહેતા. છતાં નોકરને નોકર તરીકે ન ગણતા. અરધું મહારાજ રાંધે, અરધું પોતે રાંધે; મહારાજને શીખવતા જાય; એક પંગતે બેસી તેની સાથે જમે. નોકર તરીકે કશો ભેદ રાખતા નહિ.

દક્ષિણ આફ્રિકામાં તેમની કમાણી મોટી હતી અને ઘરખટલો ભારે હતો. છતાં પાયખાનું સાફ કરવું, કપડાં ધોવાં, એવાં બધાં કામો ગાંધીજી અને કસ્તૂરબા હાથે કરતાં. ઘરમાં નોકરો અને મહેતાઓ ઘણા હતા. પણ તે સૌને ઘરનાં માણસો તરીકે તેઓ પોતાની સાથે રાખતાં.

આશ્રમવાસી થયા પછી તો બધાં કામો હાથે કરવાં, **નોકર ન રાખવા**, એવો નિયમ જ કર્યો. જેને સેવા અર્થે જીવવું છે તેને વળી નોકર શા ને શેઠ શા?

કામ કરે તેને હલકો માનવો એ વિચાર જ હલકો છે. સાચા શિક્ષકો તેવો વિચાર શાળાની હદમાં તો દાખલ ન જ થવા દે.

વિદ્યાર્થીઓ કામ કરે તે તો આવી ભાવનાથી: હું કામ કરું છું તે હું ગાંધીજી જેવો જ્ઞાની થાઉં, ગાંધીજી જેવો દેશસેવક થાઉં તે ખાતર કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪ થો : શાળાબંધુઓ

એક જ શાળાનાં ભણનારાં, આપણ સૌ શાળાબંધુ;
એક જ વડના માળાવાળાં, આપણ સૌ માળાબંધુ. ૧
સરખા મંત્રે, સરખા સૂરે સ્તવનારાં શાળાબંધુ;
સરખા ભાવે, સરખા જોરે ડગ ભરવાવાળાં બંધુ. ૨
ગરીબ ઘરનાં, ધનિક ઘરનાં, સૌ સરખાં શાળાબંધુ;
આના લાડુ, તેનાં ઢેબર, ભેળવવાવાળાં બંધુ. ૩
શિક્ષાબંધુ, ક્રીડાબંધુ, સાવરણાવાળાં બંધુ;
કાંતણબંધુ, વણાટબંધુ, ખેતર-ને ક્યારા-બંધુ. ૪
ખાંધે બિસ્તર જંગલ ડુંગર ભમતાં પગપાળાં બંધુ;
ગામગામનાં નદી નવાણે જળ પીવાવાળાં બંધુ. ૫
એકબીજાના બોજા પ્રેમે ખાંધે લેનારાં બંધુ;
એકબીજાની ગૂંચો ધીરે છોડી દેનારાં બંધુ. ૬
કોઈ ચપળ ને કોઈક ધીમાં, તોપણ સૌ શાળાબંધુ;
નવાં નવાં તો જૂનાંઓનાં વહાલુડાં બાળાબંધુ. ૭
કાન કાનમાં કંઈ કંઈ ગોષ્ઠી, ચલાવવાવાળાં બંધુ;
સાન સાનમાં સમજી જાતાં, એક જીવવાળાં બંધુ. ૮
દેશભક્તિનાં સરખાં સ્વપ્નાં સદા સેવનારાં બંધુ;
મોટપણે મોટાં કામોના નિશ્ચય કરનારાં બંધુ. ૯
ગાઢ મિત્રતા, અગાધ વહાલપ, એક હૃદયવાળાં બંધુ;
જ્યાં કંઈ જઈશું, જે કંઈ કરશું, પણ રહીશું શાળાબંધુ. ૧૦

જુગતરામ દવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળાબંધુ : એક શાળાનાં વિદ્યાર્થીઓ. ગુરુબંધુ, દેશબંધુ, તેવા શાળાબંધુ. તે જ પ્રકારના બીજા પણ નવા શબ્દો આ ગીતમાં વપરાયા છે : શિક્ષાબંધુ, ક્રીડાબંધુ, કાંતણબંધુ, વ૦

સ્તવનારાં : પ્રાર્થના કરનારાં. ગાઢ : ઊંડી.

ડગ ભરવાવાળાં : કૂચકવાયત કરનારાં. અગાધ : તાગ ન લાગે તેટલી.

વિદ્યાર્થીઓમાં શાળા અને શાળાબંધુઓ માટે, તેમ જ સ્વદેશ અને સ્વદેશબંધુઓ માટે આવી ભાવના જગાડવી, એ શાળાઓનું પરમ કર્તવ્ય છે. તે કૃત્રિમ ઉપાયોથી કે માત્ર ગીત ગવડાવવાથી ન બને. શાળાને સેવાની પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવવાથી જ તેવી ભાવનાના ઉદય માટે અનુકૂળ વાતાવરણ ઊભું થશે.

પાઠ ૫ મો : ભણો અને ભણાવો

એક દિવસે સુલતાનાએ શાળામાં આવીને તેનાં શાળાબંધુઓને કહ્યું :

'આપણે તો શાળામાં ભણવા આવ્યાં છીએ. પણ અમારી પડોશમાં ભીખુ રહે છે તે ભણવા આવી શકતો નથી. તેનો બાપ મિલમાં મજૂરી કરવા જાય છે. તેની મા પણ મિલમાં મજૂરીએ જાય છે. થોડા દિવસથી તેમણે નાના ભીખુને પણ મિલમાં કામ અપાવ્યું છે.'

સુલતાનાની વાત પરથી ગોવિંદને યાદ આવ્યું :

'મારા મામાની નાની મણિ પણ ભણવા આવી શકતી નથી. મામીને બે નાનાં નાનાં બાળકો છે. મામા મામી મજૂરીએ જાય છે, અને મણિને નાનાં બાળકોને સંભાળવા ઘેર રહેવું પડે છે.'

આ સાંભળી અહમદ કહેવા લાગ્યો :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અમારી બાજુમાં બહેરામ કરીને છોકરો રહે છે, તે પણ શાળામાં આવતો નથી. તે હોટેલમાં નોકરીએ રહ્યો છે અને મહિને ત્રણ રૂપિયા કમાય છે.'

'અમારે ઘેર નાની કમુ કામ કરવા આવે છે, તેનું પણ તેવું જ છે,' પ્રબોધ બોલ્યો. 'તે અમારે ઘેર વાસણ માંજે છે અને મારી નાની બહેનને રમાડે છે.'

આવાં તો કેટલાંયે બાળકો ભણ્યા વિનાનાં રહી જાય છે. શાળાના નાના નાના વિદ્યાર્થીઓ તેમનો વિચાર કરી આજે બહુ ઉદાસ થયા.

પ્રાર્થના વખતે પણ તેમના મનમાં આ જ પ્રાર્થના રમતી હતી :

'હે જગતપિતા, બધાં બાળકો ઉપર રહેમ કર. બધાં બાળકો અમારી જેમ ભણી શકે એવું કર.'

બાળકોએ ગુરુજીને વાત કરી મનનો ઊભરો ઠાલવ્યો. નાના વિદ્યાર્થીઓની આ જાતની લાગણી જાણી ગુરુજી રાજી થયા. તેમણે તેઓને બોધ આપ્યો :

'વિદ્યાર્થીઓ, પ્રભુનો ઉપકાર માનો કે તમે શિક્ષણનો લાભ લઈ શકો છો. પેલાં ગરીબ બાળકો તે લાભ વિના રહી જાય છે, તેમની સેવા તમે કરો તો કેવું સારું! તમે તે બાળકોની દોસ્તી કરો, તેમને પ્રેમથી પાસે બેસાડો અને રોજ થોડું થોડું શીખવો. એમ કરો તો ઈશ્વર તમારા ઉપર કેટલો પ્રસન્ન થાય! બોલો, તમે એવી સેવા કરશો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુજીનો બોધ સાંભળી વિદ્યાર્થીઓ ઉત્સાહમાં આવી ગયાં.

'હું ભીખુને જરૂર ભણાવીશ,' સુલતાના બોલી.

'હું પણ મારી મણિબહેનને શીખવીશ,' ગોવિંદ બોલ્યો.

અહમદે પણ કહ્યું, 'બહેરામ હોટેલમાંથી સાંજે ઘેર આવશે ત્યારે હું પણ તેને પઢાવીશ.'

પ્રબોધે કહ્યું, 'હું પણ કમુને નાની બહેન સમજી ભણાવીશ. અથવા, અહમદ, આપણે તો પાસે પાસે રહીએ છીએ. તું બહેરામને તેડીને મારે ઘેર જ આવજે ને. આપણે સાથે મળીને ભણાવીશું તો બહુ મજા પડશે.'

બાળકો ઉમંગમાં આવી ગયાં. પછી તેઓ બોલ્યાં તેવું કરવા લાગ્યાં, અને રોજ રોજ પોતાના ભણાવવાના અનુભવો એકબીજાને કહેવા લાગ્યાં. એમનું એ કામ જોઈ ગુરુજી એવા ખુશ થઈ ગયા કે, તેઓ પણ કેમ ભણાવાય એની નવી નવી સૂચનાઓ એમને આપવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિલ — કાંતવા વણવાનું કારખાનું. આખા હિંદુસ્તાનમાં અત્યારે લગભગ ૪૦૦ મિલો છે. તેમાં એકલા અમદાવાદ શહેરમાં ૮૦ મિલો છે.

હોટલ — નાસ્તાપાણીની દુકાન, ઉપાહાર-ગૃહ.

૧. આપણા દેશમાં દર ૧૦ માણસોમાં ૮ માણસ અભણ છે. વિદ્યાર્થીઓનાં પોતાનાં અને પાડોશનાં ઘરોમાં કેટલાં અભણ છે તેની નોંધ કરવા તેમને પ્રેરો.

૨. વિદ્યાર્થીઓ અભણ લોકોની સેવા કરી શકે એવા પ્રસંગો યોજો. તેમને ઘેર જઈ વિદ્યાર્થીઓ પોતાના ઉદ્યોગો કરી બતાવે, પોતાનાં ગીતો ગાઈ સંભળાવે, પોતાના પાઠો વાંચી સંભળાવે, એમ કરી શકાય.

પાઠ ૬ ઠ્ઠો : રીસ

તારું ના, મા ! બાળક હોઉં,
હોઉં ગલૂડું નાનું;
તારા ભાણામાં પડી મોઢું
ભરી જાઉં છાનુંમાનું;
સાચેસાચું કહેજે, માડી !
રાખીશ નહિ સંતાડી;
'હડે' કહીને હાંકી મેલત
તો શું મુજને, માડી ?
જા, મા ! ત્યારે, જા જાને તું,
ઉતાર અમને ખોળેથી તું;
જા નહિ જમીએ હાથે તારે,
જા નહિ જમીએ ભાણે તારે.
તારું ના, મા ! બાળક હોઉં,
હોઉં પોપટ પંખી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊડી જાઉં ક્યાંક કદાપિ,
એવું મનમાં ઝંખી;
સાચેસાચું કહી દેજે, મા,
રાખીશ નહિ સંતાડી;
'પીટ્યું પોપટડું' કહી મુજને
પૂરત પાંજરે માડી ?

ઉતાર અમને ખોળેથી તું,
લાડ નહિ અમને કરતી તું;
તારે ખોળે જા નહિ બેસું,
વનવગડામાં જઈને રહીશું.

જુગતરામ દવે

ગલૂડું = કુરકુરિયું. મોઢું ભરી જાઉં = ખાઈ જાઉં.

ગાય, ઘોડો, ગધેડું જેવાં બીજાં પ્રાણીઓ સંબંધમાં પણ વિદ્યાર્થિઓ આવી સહાનુભૂતિની લીટીઓ રચી શકશે.

પાઠ ૭ મો : રામજી અને આદમજી

રામજી અને આદમજી મિત્રો છે. રામજી એ ધનજી કુંભારનો છોકરો છે. આદમજી એ ફકીરજી ઘાંચીનો છોકરો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ દિવસે રામજી આદમજીને ઘેર જાય છે, તો કોઈ દિવસ આદમજી રામજીને ઘેર આવે છે.

રામજી પોતાના બાપને કામ કરાવવા લાગે છે. તેને ચાકડો ફેરવતાં આવડી ગયો છે, તેના ઉપર નાનાં કોડિયાં અને નાની કુલડીઓ ઉતારતાં તે શીખી ગયો છે.

આદમજી પણ પોતાના બાવાજીના કામમાં મદદ કરે છે. તેને બળદ જોડતાં આવડે છે. ઘાણી ચલાવતાં પણ તેને આવડી ગયું છે.

આદમજી જ્યારે રામજીને ઘેર જાય છે, ત્યારે તેને ત્યાંનું બધું જોવાની બહુ મઝા આવે છે. ધનજીકાકા ચાકડા ઉપર પિંડો ચડાવી તેમાંથી માટલું ઉતારે છે, ત્યારે તો તેના અચરજનો પાર રહેતો નથી.

ચાક ઉપર પિંડો ચડાવી ધનજીકાકા તેને જરાક દાબે છે. આદમ જાણે, કાકા કંઈક શિખર જેવું બનાવે છે. ત્યાં તો અંગૂઠો ભરાવી કંઈક પહોળું પહોળું બનાવે છે. આદમને લાગે છે કે નક્કી કૂંડું બનાવતા હશે. ત્યાં તો વળી હથેળીથી તે માટીને દાબવા લાગ્યા. આદમ ધારે છે—નક્કી તાવડી જ, આ વખતે તો ભૂલ ન જ પડે. પણ ત્યાં તો ધનજીકાકાએ કાંઠા ચડાવી દીધા. 'આહાહા!' આદમ બોલી ઊઠ્યો, 'આ તો માટલું થઈ ગયું! ધનજીકાકા, તમે તો જબરા કસબી છો. મેં ધારેલું શું ને તમે ઉતાર્યું શું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનજીકાકા હસીને બોલ્યા, 'એ તો ચાક ઉપર પિંડો! ઘડો ઊતરે કે ગાગર, એ કોણ કહી શકે?'

ચાકડા ઉપરથી માટલું ઊતરે એટલે પ્રથમ તે સૂકવવા મૂકે છે. અરધુંપરધું સુકાય પછી તેને ટપલા વતી ટીપે છે. તેથી તે પાતળું અને મોટું બને છે. પછી બધાં વાસણો નીંભાડામાં સીંચીને પકવે છે. બરાબર શેકાય એટલે એનો રંગ બદલાય છે અને તે પાકાં થાય છે. હવે એ વાસણો પાણીમાં પલળતાં નથી અને ટકોરો મારીને વગાડવાથી તાંબાપીતળનાં વાસણની પેઠે ઠન ઠન અવાજ કરે છે. અવાજ બોદો થાય તો જાણી લેવું કે વાસણ કાચું છે. વાસણ જો ક્યાંક ફૂટેલું હોય તોપણ અવાજ બોદો નીકળે છે. તેથી જ માટીનાં વાસણ ખરીદનાર લોકો હાથમાં પૈસો લઈ પહેલાં વાસણ વગાડી જુએ છે. આદમને આ બધું જોવા જાણવાની ખૂબ જ મઝા આવે છે.

ધનજીકાકા તેને વહાલથી કહે છે, 'આવ બેટા આદમ, તને કોડિયું ઉતારતાં શીખવું.'

આદમ કહે છે, 'કાકા, મને આવડશે?'

'હા બેટા હા, કેમ નહિ આવડે? આ મારા રામાને આવડ્યું તો તને કેમ નહિ આવડે?'

અને ખરેખર થોડા દિવસમાં આદમજી પણ કોડિયાં અને કુલડીઓ ઉતારતાં શીખી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તે જ પ્રમાણે રામજી જ્યારે આદમજીને ઘેર જાય છે ત્યારે તેને ઘાણી જોઈને બહુ જ રમૂજ પડે છે.

ફકીરજી ચાચા તેને વહાલથી બોલાવે છે, 'આવ બેટા રામા ! તારે ઘાણી ચલાવતાં શીખવું છે ?'

રામજી કહેશે, 'ચાચા, મને આવડશે ?'

'હા બેટા હા, તારા જેવા હોશિયાર છોકરાને કેમ નહિ આવડે ?'

રામજી ઘાણી ઉપર બેસતો ત્યારે પહેલાં થોડો વખત તેની ગમત થતી. ઘાણીની લાટ આવે ત્યારે માથું નમાવી દેવું જોઈએ. પણ રામજી તેમ કરવું ભૂલી જતો. લાટ ઉપર ધ્યાન રાખે તો તલ સંકોરવા ભૂલે, તલ ઉપર નજર રાખે તો લાટ ભૂલે. તે બેમાં ધ્યાન રાખવા જાય તો બળદ હાંકવાનું રહી જાય !

પણ તે તો શરૂ શરૂની વાત છે. હવે તો જેવું આદમજીને આવડે છે, તેવું રામજીને પણ આવડી ગયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાણીમાં જાત જાતનાં તેલી બિયાં પિલાય છે. તલ, મગફળી, સરસવ, એરંડી, એટલાનાં તેલ તો આપણે જાણીએ જ છીએ. કોપરાંનું પણ તેલ નીકળે છે એ જાણો છો ને? એને કોપરેલ કહેવામાં આવે છે. એને માટેની ઘાણી જરા જુદી હોય છે.

રામજી આવું આવું બહુ જાણતો થઈ ગયો છે, અને જુદાં જુદાં તેલના ભાવ પણ તે જાણી ગયો છે.

રામજી જ્યારે આદમજીને ઘેર જાય છે, ત્યારે આદમજીની ભલી મા તેને કચરિયું અને ગોળ આપ્યા વિના કદી રહેતી નથી.

તેમ જ જ્યારે રામજીને ઘેર આદમજી આવે છે, ત્યારે રામજીની મા પણ તેને કંઈક ને કંઈક આપીને રાજી કરે છે. વગડે માટી લેવા જાય ત્યાંથી એ લોકો બોર અથવા રાયણ અથવા કેરી અથવા કરમદાં છોકરાં માટે વીણી લાવે છે. તેમાંથી કંઈક કંઈક તે આદમને આપે છે. તે ઉપરાંત ક્યારેક માટીનું એકાદ સુંદર રમકડું પણ આપે. હાથી, ઘોડો, ગાય, પૂતળી, ઘંટી, ગાડું, એવાં એવાં રમકડાં એ લોકો બહુ સારાં બનાવે છે.

લાટ = ઘાણીમાં ફરતો ઊભો થાંભલો. ચરખામાં પણ લાટ હોય છે ને? તણછ અથવા બાવળના લાકડાની તે બને છે.

કચરિયું = અરધા કચરાયેલા તલ; સાની.

વિદ્યાર્થીઓને આવા ઉદ્યોગો શીખવાનો રંગ લગાડો; તેમ જ શાળાની જરૂરિયાતોમાં આવા ગ્રામઉદ્યોગોની ચીજો વાપરવાનો આગ્રહ રાખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૮ મો : મોટું કોણ?

એક હતો રાજા. તેના શરીરમાં એક વાર મોટો ઝઘડો થયો.

જીભ કહે, 'હું મોટી.'

કાન કહે, 'હું મોટો.'

નાક કહે, 'હું મોટું.'

આંખ કહે, 'હું મોટી.'

મન કહે, 'ના, હું સૌથી મોટું.'

જીવ કંઈ બોલ્યો નહિ. આ ઝઘડો સાંભળી તે મનમાં મનમાં હસવા લાગ્યો.

લડી લડીને બધાં થાક્યાં ત્યારે તેઓ બોલ્યાં, 'ચાલો, બ્રહ્મા પાસે જઈ ન્યાય કરાવીએ.'

બ્રહ્મા બોલ્યા, 'હું કહું તેમ કરો, એટલે કોણ મોટું તે સમજાઈ જશે. એક એક વરસ સુધી તમે વારાફરતી રાજાના શરીરમાંથી બહાર ચાલ્યાં જાઓ. જુઓ કે રાજાને કોના વિના ચાલતું નથી. જેના વિના રાજાને ઘડીયે ચાલે નહિ, તે સૌથી મોટું.'

પહેલી જીભ એક વરસ બહાર ચાલી ગઈ.

રાજા તો કાને સાંભળે, નાકે સૂંઘે, આંખે દેખે, મનથી વિચારે, બધું કરે. બધાં મૂંગાં જીવે છે તેમ એ તો મઝામાં જીવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસ પૂરું થયું. જીભ બિચારી પાછી આવી. તેનું અભિમાન ઊતરી ગયું.

પછી કાન એક વરસ માટે બહાર ચાલ્યા ગયા.

રાજા તો જીભે બોલે, નાકે સૂંઘે, આંખે દેખે, મનથી વિચાર કરે, બધું જ કરે. બધા બહેરા જીવે છે તેમ એ તો મઝામાં જીવ્યો.

વરસ પૂરું થયું. કાન બિચારા પાછા આવ્યા. તેમનું અભિમાન ઊતરી ગયું.

ત્યાર પછી નાક એક વરસ બહાર ચાલ્યું ગયું.

રાજા તો જીભે બોલે, કાને સાંભળે, આંખે દેખે, મનથી વિચારે, બધું કરે. બધા ગૂંગણા જીવે છે તેમ એ તો મઝામાં જીવ્યો.

વરસ થઈ રહ્યું એટલે નાક પણ બિચારું પાછું આવ્યું. તેનું નાક (!) કપાઈ ગયું.

પછી આંખો એક વરસ સુધી બહાર ચાલી ગઈ.

રાજા તો જીભે બોલે, કાને સાંભળે, નાકે સૂંઘે, મનથી વિચારે. બધા આંધળા જીવે છે તેમ એ તો મઝામાં જીવ્યો.

વરસ પૂરું થયું એટલે આંખો બિચારી પાછી આવી. તેમનો ગર્વ પણ ગળી ગયો.

પછી મન એક વરસ માટે બહાર નીકળી ગયું.

રાજા તો જીભે બોલે, કાને સાંભળે, નાકે સૂંઘે, આંખે દેખે, બધું કરે. બધા ગાંડા જીવે છે તેમ એ જેમ તેમ પણ જીવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસ પૂરું થયું એટલે મન બિચારું પાછું આવ્યું. તેનું અભિમાન પણ ઊતરી ગયું.

સૌથી છેલ્લે જીવ કહે, 'હવે મારો વારો.'

તેણે પોતાનાં ગાંસડાં પોટલાં બાંધવા માંડ્યાં, ત્યાં તો આંખ, કાન, નાક, જીભ, મન બધાં જ ગભરાઈ ગયાં.

જીવ ઊભો થયો ત્યાં તો આંખને અંધારાં આવ્યાં, કાનમાં ધાક પડી, નાક બોટું પડ્યું, જીભ ઝલાઈ ગઈ, મન મૂંઝાઈ ગયું.

જીભ બોલી, 'જીવબાપા, જીવબાપા! તમે જશો નહિ. તમે સૌથી મોટા.'

કાન બોલ્યો, 'જીવબાપા, જીવબાપા! તમે જશો નહિ. તમે સૌથી મોટા.'

નાક બોલ્યું, 'જીવબાપા, જીવબાપા! તમે જશો નહિ. તમે સૌથી મોટા.'

આંખ બોલી, 'જીવબાપા, જીવબાપા! તમે જશો નહિ. તમે સૌથી મોટા.'

મન બોલ્યું, 'જીવબાપા, જીવબાપા! તમે જશો નહિ. તમે સૌથી મોટા.'

બધાંએ જીવબાપાને શરણે જઈને કહ્યું, 'અમે જે જે કામ કરીએ છીએ, તે બધું તમારે લીધે જ છે. તમારા વિના અરધી ક્ષણ પણ અમે ટકી શકીએ નહિ.'

આ કથા છાંદોગ્ય ઉપનિષદમાં છે. ઋષિએ સુંદર કથા જોડીને સમજાવ્યું છે કે, હાથપગથી ગમે તેટલાં કામો કરીએ, આંખકાનથી ગમે તેટલું જોઈએ-સાંભળીએ, પણ તેમાં જીવ ન હોય તો તે બધું વેઠરૂપ છે. આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોશિયાર કારીગર થઈશું, પણ જો આપણામાં જીવ નહિ હોય તો આપણી કારીગરી દેશની સેવામાં વાપરવાનું નહિ સૂઝે. આપણે મોટા વિદ્વાન થઈશું, પણ જો આપણામાં જીવ નહિ હોય તો વિદ્વત્તાના બળથી આપણને અજ્ઞાન દેશબંધુઓને છેતરવાનું જ સૂઝશે. વિદ્યાર્થીઓના શિક્ષણમાં જીવ મૂકવાનો પ્રયત્ન કરો.

પાઠ ૯ મો : ભોજનના નિયમો

કનુના ઘરમાં ભોજનના ઘણા સારા નિયમો પાળવામાં આવે છે. તેમને ત્યાં કોઈ મહેમાન આવે છે તો તે આ નિયમો જોઈ બહુ જ ખુશ થાય છે. કેટલાક તો ઘેર જઈ પોતાના ઘરમાં તે દાખલ પણ કરે છે.

પહેલું તો, કનુના ઘરમાં ભોજનના વખત નક્કી કરેલા હોય છે. વખત થાય એટલે કનુ ઘંટ વગાડી સૌને સૂચના આપે છે. ઘંટ સાંભળી ઘરનાં બધાં માણસો પોતપોતાનાં કામ પરવારી રસોડામાં આવી પહોંચે છે. બાએ વખતસર રસોઈ તૈયાર કરી હોય છે. તેથી કોઈનો વખત બગડતો નથી.

બધાંને પીરસાઈ રહે એટલે તેઓ મંત્ર બોલી પ્રભુનું સ્મરણ કરે છે. જે આખી દુનિયાનો પેદા કરનારો છે, અને જેની દયા વડે આપણને ભોજન મળે છે, તેને યાદ કર્યા વિના ખાવું એ તો નગુણાઈ જ કહેવાય ને?

કનુના ઘરમાં ભોજન વખતે કોઈ કોઈને આગ્રહ કરતું નથી. જેની જેટલી રુચિ હોય તેટલું તે જમે છે. મહેમાનને પણ તેઓ આગ્રહ કરતાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા લોકોને મહેમાનને આગ્રહ કરી ખવડાવવાનો શોખ હોય છે. મહેમાન જો મજબૂત મનનો હોય, તો તે વધારાનું અન્ન છાંડીને ઊઠી જાય છે. તેથી મહા મહેનતે તૈયાર કરેલું અમૃત જેવું અન્ન બગડે છે. પણ મહેમાન જો પોચા મનનો હોય તો? તો તે બિચારો આગ્રહને વશ થઈ વધારેપડતું ખાઈ લે છે. તેથી તેનું પેટ તણાય છે, તેને અકળામણ થાય છે, તેને ઘેન ચડે છે, અને જે કામ માટે તે આવ્યો હોય છે તેમાં તેનું ચિત્ત ચોંટી શકતું નથી. બોલો ત્યારે, આગ્રહ કરીને મહેમાનને આપણે સુખી કર્યો કે દુ:ખી?

વળી કનુના ઘરમાં બધાં જ સારી રીતે ચાવીને ખાય છે. કનુનાં માતાપિતાને તે બાબતની ચીવટ છે. તેથી રતન અને કનુ બંને ભાઈબહેન પણ તે બાબતમાં કેળવાઈ ગયાં છે.

ઘણાંને જમતાં જમતાં આખો વખત વાતો કર્યાં કરવાની ટેવ હોય છે. તેમનું મોઢું તો વાતોમાં જ રોકાયેલું હોય, પછી તે ચાવે શેનાથી? એટલે તેઓ આખુંપાખું ગળી જતાંકને પાછાં વાતો કરવા મંડી પડે છે! વળી કેટલાક ઉતાવળિયા માણસો ચાવવાની ધીરજ જ રાખી શકતા નથી. તેઓ લૂસ લૂસ ખાઈ નાખે છે. બે કોળિયા આ ગલોફામાં મારે છે, અને બે તે ગલોફામાં મારે છે, અને વહેલા વહેલા ઊઠી જાય છે. તેમને ચાવવાની સૂચના કરીએ તો કહેશે, 'અમારે બહુ કામ છે, અમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાગોળ્યા કરવાની ફુરસદ નથી. ખાતાં વાર, નહાતાં વાર, તેના કામમાં શો શુક્રવાર ?'

જેમના મોઢાને ચાવવાની ફુરસદ નથી, તેમની હોજરી કહે છે, મનેયે પચાવવાની ફુરસદ નથી! હોજરી કહે છે કે, મારે કાંઈ દાંત નથી કે આખુંપાખું ગળેલું ચાવીને હું પચાવી શકું !

જમી રહ્યા પછીના નિયમો પણ કનુના ઘરમાં ઘણા સારા છે. તેઓ પાણીથી પુષ્કળ કોગળા કરે છે અને મોંમાં આંગળી નાખી દાંતને ઘસીને ખૂબ સ્વચ્છ કરે છે. કેટલાંક આ બાબતમાં પૂરતી કાળજી રાખતાં હોતાં નથી. તેઓ થાળીમાં જ હાથ ધોઈ, બે ઘૂંટડા પાણીથી મોંમાં ખૂળ ખૂળ કરી ઊઠી જાય છે. એટલાથી દાંત, જીભ, ગલોફાં, એ બધું કેમ ધોવાતું હશે, એ નવાઈની વાત છે.

છેલ્લે, ભોજન પછી કનુના ઘરમાં દરેક જણ પોતાની જગ્યા ચોખ્ખી કરી પાણીથી અબોટ કરે છે અને પોતપોતાનાં ઠામ માંજે છે. આથી માતાજીનું કામ ઘણું હળવું થાય છે, અને તેમને ઘરકામ માટે નોકર રાખવો પડતો નથી.

આ પાઠનું પૂર્ણ શિક્ષણ શાળામાં ભાગ્યે જ આપી શકાય. શિક્ષકો તેનું હજાર વાર આવર્તન કરાવે, કડકડાટ ગોખાવી દે, તોપણ તેથી કાંઈ આ પાઠનું શિક્ષણ પૂરું થાય ? ભોજનના નિયમો વંચાવવા તો સહેલા છે, પણ તેનું પાલન આવડે તો જ પાઠ પૂરો ભણાયો કહેવાય. તે તો માબાપની કૃપા હોય તો જ બની શકે. માબાપો સહકાર આપશે ?

ઠામ – વાસણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૦ મો : ક્ષેત્ર-મહિમા

સખી, એકનાં સહસ્ર ગણાં સાંપડ્યાં રે લોલ,
જાણે પાક્યાં પૃથ્વીને પેટ મોતીડાં રે લોલ.

સખી, ઊંબી ઠૂંઠી ને વળી કણસલાં રે લોલ,
સખી, પોપટા ને શીંગ અને તલસરાં રે લોલ.

સખી, મીઠો મધ જેવો રસ મધમઘે રે લોલ,
સખી, ફૂલડાંશો ફાલ રૂડો ફગફગે રે લોલ.

સખી, અન્ન અને વસ્ત્રનું એ દ્વાર છે રે લોલ,
સખી, રિદ્ધિ ને સિદ્ધિનો ભંડાર છે રે લોલ.

સખી, ક્ષેત્ર ધન-ધાન્ય-ભર્યાં ધૂંધવે રે લોલ,
સખી, એકનાં અનેક કણ મૂલવે રે લોલ.
સખી, ખેતી કરે તે ખેડૂત જાત છે રે લોલ,
સખી, ખેતર એને તો અક્ષયપાત્ર છે રે લોલ.

ઈશ્વરલાલ ક. જોષી

ઊંબી = ઘઉંનું કણસલું.
ફગફગે = ખીલી રહ્યો છે.
મૂલવે = કિંમત આંકે.
અક્ષયપાત્ર = જેમાંથી કદી ખૂટે નહિ તેવું દેવતાઈ વાસણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. છોકરાઓ ગાય ત્યારે 'સખી'ને ઠેકાણે 'મિત્ર' કહેવું.

૨. મુખ્ય સ્થાનિક ધાન્યો ક્યારે વવાય છે, ક્યારે લણાય છે, વીઘામાં કેટલું બી જોઈએ છે, કેટલો પાક ઊતરે છે, વગેરેનું શિક્ષણ આપો.

પાઠ ૧૧ મો : શુદ્ધ ભાષા

'નદીમાં જર ખરખર વહે છે!'

(નદીમાં જળ ખળખળ વહે છે.)

'મા બારકને ખોરામાં બેસાડી વાર ઓરે છે!'

(મા બાળકને ખોળામાં બેસાડી વાળ ઓળે છે.)

'એક છોકરી હાથમાં ઝોરી લઈ ઘર બહાર નીકરી. સામી મરી શાકવારી.'

(એક છોકરી હાથમાં ઝોળી લઈ ઘર બહાર નીકળી. સામી મળી શાકવાળી.)

'શાકવારી, શાકવારી, તું મરી ગઈ તે બહુ સારું થયું. તારી પાસે ફર બર છે?'

(શાકવાળી, શાકવાળી, તું મળી ગઈ તે બહુ સારું થયું. તારી પાસે ફળ બળ છે?)

'હા બહેન, જોઈએ તો કેરાં મરશે. વરી આ ધોરા ધોરા મૂરા પણ બહુ સારા છે.'

(હા બહેન, જોઈએ તો કેળાં મળશે. વળી આ ધોળા ધોળા મૂળા પણ બહુ સારા છે.)

આ વાક્યો વાંચીને તમને હસવું આવે છે ને? તેમાં ળ અક્ષરનો મોટો ગોટાળો થયેલો છે.

ઘણાં છોકરાંઓ ળ નો ર જ ઉચ્ચાર કરે છે. તમે પોતે તો તેમ બોલતાં નથી એમ માનું છું. કેટલાંક ઘરોમાં નાનાંથી મોટાં બધાં જ ળ નો આવો ગોટાળો કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળપણમાં છોકરાંઓ પાસે મોટાંઓ લાડમાં કાલું કાલું બોલે છે. તે સાંભળી બાળક પણ લાડઘેલું બને છે, અને વાંકું મોઢું કરી કાલું કાલું બોલતાં શીખે છે. તેમાંથી જ તેની જીભમાં આવો ગોટાળો કાયમનું ઘર કરે છે.

રતનબહેનનાં માતાજી અને પિતાજીને શુદ્ધ ભાષાની બહુ જ ચીવટ છે. પોતાનાં બાળકો શુદ્ધ ભાષા બોલતાં શીખે તેની તેમણે ખૂબ કાળજી લીધી છે.

તેથી રતન કે કનુના બોલવામાં ળ નો ગોટાળો કદી સાંભળવામાં આવતો નથી.

એટલું જ નહિ; શ, ષ, સ, એ ત્રણ અક્ષરોના ઉચ્ચારો પણ તેઓ સાચા કરી શકે છે.

કેટલાક છોકરાઓ તો આ ત્રણે અક્ષરો સરખા જ સમજે છે. ત્રણમાંથી ગમે તે અક્ષર હોય, પણ તેઓ તો **સ** ઉચ્ચાર જ કરે છે. તેઓ મનમાં કહેતા હશે: આ કક્કા-વાળો કેવો વિચિત્ર કે તેણે એક 'સ' ને બદલે ત્રણ 'સ' બનાવ્યા? શકોરાનો **શ** અને ધનુષનો **ષ** અને સસલાનો **સ** ગોખતાં તેમનો દમ નીકળે છે! અને જેમ ગોખે તેમ ગોટાળો વધતો જ જાય છે! કોઈ વાર શુદ્ધ બોલવા જાય છે તો **સ** ને બદલે **શ** બોલી પાડે છે, અને **શ** ને બદલે **સ** બોલી નાખે છે.

ભાઈઓ, હું સું કહું છું તે સાંતિથી શાંભળો.
(ભાઈઓ, હું શું કહું છું તે શાંતિથી સાંભળો.)
તમે શૌ કશરત કરસો તો સરીર શારું રહેસે.
(તમે સૌ કસરત કરશો તો શરીર સારું રહેશે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે સૌ સાંતિ રાખસો તો કામ શારું થઈ સકસે.
(તમે સૌ શાંતિ રાખશો તો કામ સારું થઈ શકશે.)
તમે સૌ શાચ્ચું બોલસો તો તમારી સાખ વધસે.
(તમે સૌ સાચું બોલશો તો તમારી શાખ વધશે.)
તમે સૌ શંપ રાખસો તો તમે શુખી થસો.
(તમે સૌ સંપ રાખશો તો તમે સુખી થશો.)

આવી રીતે તેઓ વાંચે છે! મઝા એ છે કે, પોતે શુદ્ધ વાંચ્યું એમ માની તેઓ મનમાં મલકાય છે.

રતનબ્હેનના પિતાજી ગામડામાં રહે છે અને ખેડૂત છે, પણ તે કેળવાયેલા ખેડૂત છે. તેથી તેમના ઘરમાં કોઈ અશુદ્ધ, હલકી, કાંટા જેવી ભાષા બોલતું નથી.

તેમના ઘરમાં આપણે આવી ઢબની વાતો કદી સાંભળીશું નહિ:

'અલી રતની! ચ્યાં મોઈ? ખાવું હોય તો હેંડ, નકે પડ સૂલામાં.'
(અલી રતની, ક્યાં મૂઈ? ખાવું હોય તો હીંડ, નીકર પડ ચૂલામાં.)

'અલ્યા કનુડા, ચ્યાં રખડચાં કરું સું? હમણાં એક બૂધું મારું સું ને કે ટાંટિયા ભોંજી નાંખેશ. જા પાંણીનો લોટો ભરી આંણ. જોજે, પાંણી ઢોર્યું સે તો બરડો ચીરી નાંખેશ!'
(અલ્યા કનુડા, ક્યાં રખડચા કરું છું? હમણાં એક બૂધું મારું છું ને કે ટાંટિયા ભાંગી નાખીશ. જા પાણીનો લોટો ભરી આણ. જોજે, પાણી ઢોળ્યું છે તો બરડો ચીરી નાખીશ.)

માતાજીના મોંમાંથી કે પિતાજીના મોંમાંથી આવો ગંદવાડ સ્વપ્નામાં પણ ન નીકળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમવાનો સમય થાય ત્યારે માતાજી પુત્રીને પ્રેમથી બોલાવે છે : 'ચાલ, બેટા રતન, જમવાનો વખત થયો છે. વહેલી વહેલી પાણી પાટલા કરી નાખ. વાહ, મારી દીકરી કેવી ડાહી છે!'

કનુને કામ બતાવે છે ત્યારે પિતાજી આવી વિવેક-વાળી ભાષા વાપરે છે :

'બેટા કનુ, જરા પાણીનો લોટો લાવી આપીશ?'

અને જ્યારે તે લોટો લાવી આપે છે, ત્યારે પિતાજી તેને પ્રેમથી આશિષ આપે છે :

'જીવતો રહે, બાપુ.'

હવે બોલો, એ ભાઈબહેનની વાણી પણ મધ જેવી મધુરી હોય એમાં કંઈ નવાઈ છે?

શાખ = આબરૂ   બૂધું = ધોકો

૧. વિદ્યાર્થીઓની ભાષા શુદ્ધ કરવી એ શાળાની ફરજોમાંની એક મહત્ત્વની ફરજ છે.

જુદા જુદા જિલ્લાઓમાં ળ, શ, ષ, સ, ચ, છ, ત, ટ, દ, ડ, થ, ઠ, જેવા કોઈ ને કોઈ અક્ષરો વિદ્યાર્થીઓને ભારે તકલીફ આપે છે. તેનું શુદ્ધ ઉચ્ચારણ ધીરજથી તેમને શીખવવું જોઈએ. અક્ષરનું સ્થાન સમજાવવાથી વિદ્યાર્થી સહેલાઈથી શીખી લેશે.

•સાવચેતી : ખોટા ઉચ્ચાર માટે મશ્કરી કદી ન કરો.

૨. આ તો ભાષાનાં ઉપરનાં વસ્ત્રો સ્વચ્છ કરવાની વાત થઈ. ભાષાશરીરની અંદરની ગંદકી તો હલકું, ગંદું, તોછડું, જૂઠું બોલવું એ છે. આપણે શિક્ષકો અને માબાપો આપણી ભાષા ચીવટથી શુદ્ધ રાખીએ, એટલે વિદ્યાર્થીઓની ભાષા એની મેળે શુદ્ધ રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૨ મો : કરોળિયો અને કબૂતર

હજરત મહમદ સાહેબ મક્કા છોડી મદીના તરફ હિજરત કરી રહ્યા હતા. મક્કાના કુરેશીઓએ જાહેર કર્યું હતું કે તેમને મારી નાખશે તેને સો ઊંટનું ઇનામ આપવામાં આવશે. શહેરના ઘોડેસવારો તેમને ઢૂંઢવા ચારે દિશામાં નીકળી પડ્યા હતા.

રાત પડી. પાસેના ડુંગરામાં સૌર નામની ગુફા જોઈ મહમદ સાહેબે સાથીને કહ્યું, 'ચાલો આ સૌરની ગુફામાં આશરો લેવો ઠીક પડશે.'

રેતાળ વાટમાં પડતાં પગલાં પોતાની પછેડીઓની લટકતી ચાળથી લૂછતા લૂછતા તેઓ ગુફામાં દાખલ થયા.

અબુબકર બોલ્યા, 'હજરત, એ લોકો ગુફા શોધી કાઢશે તો આપણને માર્યા વિના નહિ મૂકે હોં !'

રાતમાં ગુફા બહાર ઘોડાના ડાબલા સંભળાવા લાગ્યા. થોડી વારમાં મક્કાવાળી એક ટોળી સૌર ગુફાના દ્વાર પાસે આવીને ખડી થઈ. ગુફા પાસે ઊભા ઊભા એ લોકો માંહોમાંહે ચર્ચા કરવા લાગ્યા. ગુફાની અંદર તપાસ કરવી એવો એ લોકોએ મનસૂબો કર્યો.

અબુબકર આ બધું સાંભળી બહુ જ ફિકર કરવા લાગ્યા. તેમણે મહમદ સાહેબના કાનમાં કહ્યું : 'હજરત, ખરેખર, હવે તો આપણું આવી બન્યું. આપણે બે જ છીએ, અને એ ઘણા છે.'

પેગંબર સાહેબને તો અલ્લાનો મોટો ભરોસો હતો. તેઓ બોલ્યા : 'ઇતબાર રાખો; આપણે બે સંગાથીઓ છીએ, પણ ખરી રીતે આપણે બે જ નથી. આપણે તો ત્રણ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણને બચાવનારો ત્રીજો આપણી સાથે મોજૂદ છે. ડરો નહિ. ખુદા ધારશે તો દુશ્મનની આંખો ધબ કરી દેશે.'

આ તરફ મક્કાવાળાઓની ટોળી તપાસ કરવા ગુફાના મોં પાસે આવી, તો ત્યાં તેમણે શો ખેલ જોયો ?

ગુફાના મોં આગળ જ એક કબૂતરી પોતાનાં ઈંડાં સેવતી હતી, અને કબૂતર અંદર ગુફામાંથી હળવે હળવે ઘૂ ઘૂ ઘૂ કરતો હતો. વળી બીજું કૌતુક એ લોકોએ શું જોયું ? ગુફાના મોં ઉપર જ કરોળિયાએ જાળ રચી હતી. પોતાની જાળની વચમાં બેસીને કરોળિયો શિકારની રાહ જોતો હતો. જાળ આખી અકબંધ હતી. તેનો એક પણ તાંતણો તૂટેલો નહોતો.

મક્કાવાસીઓ આ દેખાવ જોઈ બોલ્યા :

'નાહકના આપણે આ ડુંગરામાં આથડી મૂઆ ! જ્યાં કબૂતરી ઈંડાં સેવતી હોય અને કરોળિયાએ જાળ બાંધી હોય ત્યાં તે કોઈ માણસ કદી ફરક્યું હોય ?'

એમ કહી તેઓ તપાસ પડતી મૂકી આગળ ચાલ્યા ગયા.

આ રીતે કબૂતર અને કરોળિયાએ પાક પેગંબરની જિંદગી બચાવી.

તુચ્છમાં તુચ્છ જંતુ પણ પોતાના પેદા કરનાર અને માલિકની ખિદમત કરી જાય છે.

હિજરત કરવી = વતનનો ત્યાગ કરવો : મહમદ સાહેબે મૂર્તિપૂજા વગેરે જૂના રીતરિવાજોનું ખંડન કરી નવો ધર્મ ફેલાવવા માંડ્યો, તેથી મક્કાના જૂના વિચારના લોકોએ તેમની ઉપર અને તેમની શિષ્યમંડળી ઉપર વેર બાંધ્યું. સ્વપ્નમાં તેમને ખુદાએ આ સ્થાનનો ત્યાગ કરી લીલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાડી સમી કોઈ બીજી ભૂમિમાં હિજરત કરવાની પ્રેરણા આપી. તે ભૂમિ મદીના જ. ત્યાંના લોકો મોટી ટોળીમાં પેગંબર સાહેબને તેડવા આવ્યા. હ૦ મહમદના કાકાએ એમને લઈ જવામાં કેવું જોખમ રહેલું છે તે તરફ તેઓનું ધ્યાન દોર્યું. મદીનાવાસીઓએ હિંમતથી જવાબ દીધો : પેગંબર સાહેબનો વાળ વાંકો થાય તે પહેલાં અમારાં માથાં પડશે. છેવટે મહમદ સાહેબે મક્કાથી મદીના હિજરત કરી. એ મહાન બનાવની યાદમાં મુસલમાનોએ હિજરી સન ચાલુ કરી છે.

અબુબકર — હ૦ મહમદના સસરા ખિદમત = સેવા

પાઠ ૧૩ મો : પ્રભાતિયું

રાત રહે જ્યાહરે પાછલી ખટ ઘડી,
સાધુ પુરુષને સૂઈ ન રહેવું;
નિદ્રાને પરહરી, સમરવા શ્રીહરિ,
એક તું એક તું એમ કહેવું. ૧

જોગિયા હોય તેણે જોગ સંભાળવા,
ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા,
વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા. ૨

સુકવિ હોય તેણે સદ્ગ્રંથ બાંધવા,
દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારીએ કંથને પૂછવું,
કંથ કહે તે તો ચિત્ત ધરવું. ૩

આપણે આપણા ધર્મ સંભાળવા,
કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈંના સ્વામીને સ્નેહથી સમરતાં,
ફરી નવ અવતરે નર ને નારી. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખટ ઘડી = (ષટ) છ ઘડી, ૨ ક. ૨૪ મિ. જૂની કાળગણના પ્રમાણે ૬૦ ઘડીનો રાત્રિદિવસ થતો. સૂર્યોદય પહેલાં ૬ ઘડી એટલે ૪ વાગ્યાનો સમય અથવા બ્રાહ્મમુહૂર્ત.

સાધુ પુરુષ = સદાચરણી માણસ.

પાઠ ૧૪ મો : ઘઉં–ચોખા

એક વાર અમારે ત્યાં બે મહેમાન આવ્યા: એક પંજાબના લાલાજી અને બીજા બંગાળના બાબુજી.

મેં તેમને કહ્યું, 'મારી બા પુછાવે છે કે રસોઈમાં આપને શું પસંદ છે. અમે આપની ટેવો જાણતાં નથી. આપ કહેશો તે પ્રમાણે રસોઈ બનાવીશું.'

બંનેએ પૂછ્યું, 'તમારો રોજનો ખોરાક શો હોય છે તે કહો.'

મેં કહ્યું, 'અમે તો ઘણુંખરું બાજરીનો રોટલો, શાક, તુવેર કે મગની દાળ અને કઢી કે છાશ જમીએ છીએ. છેવટે થોડો ભાત પણ ખાઈએ.'

લાલાજી કહે, 'બાજરીને બદલે ઘઉંનો રોટલો અને છાશને બદલે દહીં ને ખાંડ આપશો, તો મને તમારી રસોઈ માફક આવશે.'

પછી બાબુજી કહે, 'મને રોટલો નહિ જોઈએ. પણ હું તો ભાત જ સારી પેઠે ખાઈશ.'

મેં જઈને આ વાત માને કહી. માએ તે પ્રમાણે રસોઈ કરી. જમવા બેઠા ત્યારે લાલાજીએ ઘઉંની રોટલીઓ જ ખાધી, ભાતને તે અડ્યાયે નહિ. અને બાબુજીએ તો થાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરીને ભાત જ લીધો. લાલાજીએ પહેલાં દાળ સાથે રોટલી ખાધી, પછી શાક સાથે ખાધી, અને છેવટે દહીં ખાંડ સાથે ખાધી. બાબુજીએ પહેલાં દાળ ભાત ખાધાં, પછી શાક ભાત ખાધાં, અને છેલ્લાં ખાંડ નાખીને છાશ ભાત ખાધાં. બંનેએ કહ્યું, 'અમને બહુ સંતોષ થયો, ઘર જેવું જમ્યા.'

મેં માને કહ્યું, 'મા, લાલાજીએ ભાત જરાયે ખાધો નહિ. આપણને તો ભ[illegible]વિના સંતોષ ન થાય, અને રોટલી કે રોટલા વિના પેટ ન ભરાય.'

ત્યારે માએ મને દેશનો નકશો બતાવ્યો, અને કહ્યું:



'જો, આપણા દેશના આ ભાગના લોકો ઘઉં ખાવાવાળા છે. તેમને ચોખા વિના મહિનાઓ સુધી ચાલે. અને આ ભાગના લોકો ચોખાખાવાવાળા છે. એ લોકો નછૂટકે જ ઘઉં ખાય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું, 'આ તો ચોખા ખાનારો દેશ જ વધારે લાગે છે.'

માએ કહ્યું, 'હા, હિન્દુસ્તાનમાં જ નહિ પણ આખીયે દુનિયામાં માણસોનો ઘણો મોટો ભાગ ચોખા ખાનારો છે. પરંતુ આપણા પ્રાંતના ચોખા ખાનારા લોકો ઘણુંખરું ચોખા સાથે થોડાંઘણાં જુવાર, બાજરી, કે ઘઉં પણ ખાય છે.'

આપણા ગુજરાતમાંયે બે પ્રકારની વસ્તી છે. કેટલાક લોકો થોડોક જુવારનો રોટલો કે ચોખાની ચાનકી અને ઘણો ભાત ખાય છે. કેટલાક મુખ્યપણે બાજરી કે ઘઉંના રોટલા અને થોડો ભાત ખાય છે. ઘઉંની રોટલી અને ભાત બંને પકાવ્યાં હોય, તો બધા ગુજરાતીઓને પસંદ પડે છે. તેઓ પહેલાં રોટલી અને પછી ભાત ખાય છે. પણ બીજા પ્રાંતોમાં ભાત પહેલો ખવાય છે અને રોટલી તે પછી ખવાય છે. ચોખા ખાનારા લોકો ભાત, રોટલો અને પછી પાછો ભાત લે છે.

ઘઉં માટે બાજરી કરતાંયે ઓછો વરસાદ અને કોરી જમીન ચાલે છે. એને બહુ તાપનીયે જરૂર નથી. એ શિયાળુ પાક કહેવાય છે. ચોખા માટે જુવાર કરતાં વધારે વરસાદ જોઈએ, અને જ્યારે ડાંગર ઊગતી હોય ત્યારે દિવસો સુધી એના ક્યારા પાણીથી ભરાયેલા રહેવા જોઈએ. પાછળથી તાપ પણ સખત જોઈએ.

એમ મનાય છે કે ઘઉંમાં હાડકાં વધારવાની વધારે શક્તિ છે. ઘઉં ખાનારા લોકો સાધારણ રીતે શરીરે ઊંચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે. પણ ચોખા ખાનારા નબળા હોય એમ માનવાનું કારણ નથી. માત્ર આપણા લોકો ભાત ઓસાવી ઓસામણ ફેંકી દે છે એમ ન થવું જોઈએ. વધારેપડતું ખાંડવાથી ચોખાનાં પોષક તત્ત્વો નીકળી જાય છે. તેને સાચવ્યાં હોય તો ચોખા પણ પૂરતી પુષ્ટિ આપે છે.

---

૧. લોટમાંથી પૌષ્ટિક થૂલું કાઢી ન નાખીએ અને ચોખા ઉપરનું પડ છડી ન નાખીએ તેથી, તેમ જ સારી પેઠે ચાવીને ખાવાથી ખોરાકમાં મીઠાશ આવે છે અને ઓછા ભારથી ધરાઈ જવાય છે. વિદ્યાર્થીઓ આનો પ્રયોગ કરી શકે છે.

૨. બાળકોના ખોરાક વિષે તપાસ કરો. તે પકાવવાની રીતોમાં રહેલા ગુણદોષોની સમજ આપો.

૩. ઘઉં ચોખાના પ્રદેશોમાં કયા પ્રાંતો આવે છે તે સમજાવો.

પાઠ ૧૫ મો : ખેડૂતનાં ફરજંદ

અમારી શાળામાં ફાતમા અને મહંમદ શિક્ષણ લેવા આવે છે. તેઓ ભાઈબહેન છે.

તેમનાં શરીર મજબૂત અને ઘાટીલાં છે. તેમની આંખો પાણીદાર છે. તેમના ચહેરા સદા હસતા ને હસતા રહે છે.

શાળાના દરેક કામમાં એ બે આગળ તરી આવે છે. વાડીમાં તેમના ક્યારાઓ ભાત પાડે છે. કાંતવામાં તેમની ખૂબી ઓર છે. પીંજણ તો તેમના હાથમાં જાણે નાચે છે.

તેઓ નાનાં છે, પણ તેમની આવડત ભારે છે. ગમે તે નવું શીખવાનું હોય તેમાં તેમનો હાથ તરત બેસી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફાતમા અને મહંમદ આવાં હોશિયાર કેમ હશે? તેનું કારણ તો આપણે તેમને ઘેર જઈએ ત્યારે જ સમજાય છે.

તેઓ એક ડાહ્યા ખેડૂતનાં બેટા બેટી છે. માબાપ તેમને ઘણું જ ચાહે છે, અને બહુ કાળજીથી તેમને દરેક કામની તાલીમ આપે છે.

તેમના ઘરમાં ગાયો, બળદો, ઘોડો એમ ઘણાં જાનવર છે. તેમને ચાર નીરવી, પાવા લઈ જવાં, ધમારવાં, તેમના તબેલામાં વાસીદું કરવું, એ બધાં કામોમાં ફાતમા અને મહંમદ રોજ ભાગ લે છે. જાનવરોથી તેઓ ડરતાં નથી. તેઓ તો તેમનાં દોસ્તો બની ગયાં છે.

તેમના ઘરના આંગણામાં ફૂલવાડી છે; અને પાછળ વાડામાં શાકભાજીની વાડી છે. તેમાં પણ ફાતમાબહેન અને મહંમદભાઈના હાથ ફરતા રહે છે. તેઓ કોઈ દિવસ નીંદતાં હોય, કોઈ દિવસ ગોડતાં હોય, કોઈ દિવસ ઝારી વતી પાણી સીંચતાં હોય, તો કોઈ દિવસ ફૂલ અને શાકભાજી ચૂંટતાં હોય.

અમ્માનાં કામોમાં પણ તેઓ પાછાં પડતાં નથી. દળવું, ખાંડવું, ઝાટકવું, વાળવું, પાણી ભરવું, રાંધવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં, એમ ઘરમાં ઢગલાબંધ કામ ચાલતાં હોય છે. જ્યાં ખપ જેવું લાગે ત્યાં ભાઈ કે બહેન હાજર થયાં જ હોય. અમ્માને તેઓ બહુ વહાલાં થઈ પડયાં છે. તે પ્રેમથી કહે છે, 'આ બે તો મારી લાકડીઓ છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતરનાં કામોમાં પણ તેઓ માબાપની સાથે વખતોવખત જાય છે. ત્યાં તેઓ મોસમ પ્રમાણેનાં કામોમાં મદદ કરે છે. નીંદવામાં તેમને કોઈ આંટી શકતું નથી. તેઓ ટાઢ, તડકા કે પાણીથી ડરતાં નથી. ભર વરસાદમાં રોપણી કરવા સૌની સાથે તેઓ હાજર થઈ જાય છે. કોઈ વાર તેઓ ચાર વાઢે છે, તો કોઈ વાર શેઢા ઉપર ઢોર ચારે છે. એ ચારવાનું કામ તેમને બહુ જ ગમે છે. તેઓએ સુંદર પાવા બનાવ્યા છે. ઢોર ચારતી વખતે તેના મીઠા સૂર ખેતરમાં રેલાઈ રહે છે.

સાંજની શીતળ વેળાએ માબાપ તેમને પોતાની પાસે બેસાડી પ્રેમથી વાતો કહે છે. કોઈ વાર જૂની કથાઓ કહે છે, કોઈ વાર વિવેક વિનયના નિયમો શીખવે છે. ઘરમાં કામ-કાજ ચાલતાં હોય તેની પણ વાતો તેઓ કરે છે અને બધાં કામોની ખૂબીઓ સમજાવે છે.

આવાં શાણાં માબાપ હોય, આવું ઉદ્યમી ઘર હોય, પછી ફાતમા અને મહંમદ દરેક બાબતમાં હોશિયાર થાય એમાં કંઈ નવાઈ છે?

ફરજંદ = સંતાન; છોકરું.

ધમારવાં = નવડાવવાં (ઢોર માટે જ વપરાય છે.)

વિદ્યાર્થીઓને ઘેર ચાલતા ઉદ્યોગોથી માહિતગાર રહો. શિક્ષણના કામમાં તે એક કીમતી સાધન થઈ પડશે. આ પાઠ ખેડૂતોનાં બાળકો સંબંધમાં છે. બીજા ધંધાઓ કરનારાનાં બાળકો વર્ગમાં હોય તેમને વિષે પણ આ ઢબે પાઠો રચો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૬ મો : શબરીનાં બોર



મારાં મીઠાં મીઠાં મધ બોર રે,
　　　　રામ તમે આરોગો !
મારાં ચાખેલ મીઠડાં બોર રે,
　　　　રામ તમે આરોગો !
એક વનમાં વસે ભીલ નાર રે,　　　રામ૰
એનું શબરી છે નામ નિરધાર રે.　　　રામ૰
નથી પુત્તર, નથી પરિવાર રે,　　　રામ૰
એક રામનામનો આધાર રે.　　　રામ૰
એ તો જપે છે રાતદિન રામ રે,　　　રામ૰
એને રામને ભજ્યાનું એક કામ રે.　　　રામ૰

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં તૂટયાં છે છાપરીનાં છાજ રે, રામ૦
માંહી શ્વાન શિયાળવાંનાં રાજ રે. રામ૦
એને એક મળ્યો વન કેરો જોગી રે, રામ૦
'તારી ભક્તિનો, બાઈ, આવે ભોગી રે.' રામ૦
એને તે દિનની એક રઢ લાગી રે, રામ૦
એના ચિત્તડામાં ચટપટી જાગી રે. રામ૦

રામ આવે તો આંહી હું બેસાડું રે, રામ૦
રામ આવે તો આમ હું બેસાડું રે. રામ૦
એનું કામ માંહ્ય ચોંટે ન મન રે, રામ૦
એને ભાવે નહિ હવે અન્ન રે. રામ૦
મધરાતે તે ઝબકીને જાગે રે, રામ૦
પાન હાલે ત્યાં જોવા વહેલી ભાગે રે. રામ૦

સૂરજ ઊગે કે સંચરે છે વન રે, રામ૦
રામ કાજે ફળ વીણવાનું મન રે. રામ૦
એને જડે ન કાંઈ રામ જોગ રે, રામ૦
બધાં ફળમાં છે કંઈક કંઈક રોગ રે. રામ૦
પેલી કોઠી હજુ ઘણી કાચી રે, રામ૦
ખાટી આમલી ચાખીને નાખી પાછી રે. રામ૦
દેખી ખટમણાંને મોઢું એ મરોડે રે, રામ૦
પીલુ પીલુડીનાં કોણ એવાં તોડે રે? રામ૦
જાંબુ કાળાં ને બીજ-ભર્યાં પેરુ રે, રામ૦
વળી ઊંબરાંમાં ઘર કીડા કેરું રે. રામ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોતી ગોતીને એક એણે ગોતી રે, રામ૦
રૂડી બોરડી તે બહુ બોર સોતી રે. રામ૦
ડાળ વાંકડી ને વાંકડિયા કાંટા રે, રામ૦
બોઠાં બોરાં એમાં રાતાં રાતાં રે. રામ૦
બોર દેખી શબરી હરખાણી રે, રામ૦
ચૂંટે બોર પછી હેત આણી આણી રે. રામ૦
પીળાં પીળાં તે ભોંય પર નાખે રે, રામ૦
રૂડાં રાતડાંને રામ સારુ રાખે રે. રામ૦
ચાખી ચાખીને કરી છે કસોટી રે, રામ૦
ભલાં ભલાંની ભરી છે ભંભોટી રે. રામ૦
ઊગ્યો એક દિન સોનાનો સૂર રે, રામ૦
રામ લક્ષ્મણ પધારે જરૂર રે. રામ૦
'અહો વનના ઓ વનવાસી જન રે! રામ૦
'અહો હરણાં ને અહો પંખીજન રે! રામ૦
'કહો ક્યાં વસે શબરી માઈ રે ?'— રામ૦
એમ પૂછતા રામ પહોંચ્યા ધાઈ રે. રામ૦
'મારાં મીઠાં મીઠાં મધ બોર રે, રામ૦
'મારાં ચાખેલ મોંઘલાં બોર રે.' રામ૦
શબરી, ઊગ્યો તારા ભાગ્ય તણો ચંદ રે, રામ૦
તારે આંગણે પરોણા રઘુનંદ રે. રામ૦
તારી ભક્તિ સફળ બની, માઈ રે, રામ૦
તારાં એઠાં તે બોર રામ ખાય રે. રામ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબરી, તારી તે ધન્ય ધન્ય જાત રે, રામ૦
તને રામે કહી, શબરી માત રે. રામ૦

---

૧. તુલસી-રામાયણમાં શબરીનો પ્રસંગ અરણ્ય કાંડમાં આવે છે તે વિદ્યાર્થીઓને વાંચી સંભળાવો.

૨. રામચંદ્રજીએ વનવાસ દરમ્યાન વનનાં વનવાસીઓને જંગલી ગણી છેટાં રાખ્યાં નહોતાં, પણ તેમની સાથે મૈત્રી બાંધી હતી. ગુહકજીના તેમ જ હનુમાન, સુગ્રીવ, અંગદ વગેરે વાનરોના પ્રસંગો રામાયણમાંથી સંભળાવી આ પાઠને સમૃદ્ધ કરો.

૩. ભીલો આદિ શબરીપુત્રોની વસ્તી ક્યાં છે? તેઓની સ્થિતિ કેવી છે? ભીલસેવાશ્રમો ઇ૦ બાબતો પણ કહો.

પાઠ ૧૭ મો : રમતનું મેદાન

નાનુંશું સુંદરપુર રંગીલું ગામ છે. તેના પાદરમાં રમતગમતનું એક મજાનું મેદાન છે. મેદાન ફરતે ઘટાદાર ઝાડો છે. બાજુમાં તળાવ છે. નજીકમાં નાનકડી ફૂલવાડી છે. સાંજ નમતી જાય છે તેમ તેમ શીતળ સુગંધી હવા મેદાનમાં ફરી વળે છે.

સાંજ પડે છે એટલે ગામમાંથી સૌનાં પગલાં આ મેદાન તરફ વળે છે. શાળાનાં છોકરાં ત્યાં સૌથી પહેલાં પહોંચી જાય છે. તેઓ હુતુતુ, ખો, આટાપાટા જેવી રમતો રમવામાં ઘણા પાકા છે.

બાલમંદિરનાં નાનાં નાનાં ભૂલકાંઓ પણ મેદાનમાં રમવા આવે છે. તેમનો એક જુદો વિભાગ છે. તેમાં તેમને રમવા માટે લપસણાં અને હીંચકા રાખેલાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવાળિયા ગામમાં ઢોર પહોંચાડીને વહેલા વહેલા મેદાનમાં આવે છે. તેઓ સીમમાંથી ગેડીઓ કાપી લાવ્યા છે અને ગેડીદડાની રમત રમે છે.

એક ખાસ વિભાગમાં બાળાઓ રમે છે. કોઈ દોરી કૂદે છે, કોઈ સાતતાલી રમે છે, તો કોઈ ગરબે રમે છે.

છોકરાંઓ તો રમે જ, પણ આ ગામમાં તો મોટા મુછાળા લોકો પણ રમવાના બડા શોખીન છે. આ જુઓ ખેડૂતની મંડળી ચાલી આવે છે. તેમના હાથમાં ગિલ્લી અને દંડા છે. આવડા મોટા માણસો ગિલ્લીદંડા રમશે તે જોવા જેવું થશે.

અરે જુઓ, આ સામે કઈ મંડળી ચાલી આવે છે? ઓહો, આ તો ભરવાડ ભાઈઓ છે. તેઓના હાથમાં ઢોલક અને દાંડિયા દેખાય છે. તેઓ દાંડિયારાસ રમી આજે મેદાનને ગજાવશે.

અને પેલા જોયા? તે ભીલ મંડળી છે. એક જણની પાસે મોટું ડોબરું છે. બીજા પાસે ઢોલક અને તૂર છે. બાકી સૌના હાથમાં લાઠીઓ અથવા કરતાલો છે. તેમનો નાચ ખરેખર જોવા જેવો થશે.

રોજ સાંજે કલાક બે કલાક આખું મેદાન ગાજી ઊઠે છે. આ વખતે કોઈ ઘરમાં ભરાઈ રહેતું નથી. ઘરડાં અને અશક્ત હોય તેઓ પણ મેદાનમાં આવ્યા વિના રહેતાં નથી. તેઓ રમી તો ન શકે, પણ હરેફરે છે, હવા ખાય છે, અને રમતો જુએ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેદાનમાં નજર દોડાવીએ તો નાનાં મોટાં બધાંના ચહેરા કેવા લાલ ગાજર જેવા અને આનંદી દેખાય છે! તેમનાં બદન પણ કેવાં ઘાટીલાં, ખીલેલાં અને પેશીદાર છે! એ બધા પ્રતાપ મેદાનના છે.

આ મેદાન સુંદરપુરના લોકોનું બહુ જ માનીતું સ્થાન છે. પોતાના મેદાન માટે તેઓ મગરૂર છે. તેઓ એને જરા પણ અસ્વચ્છ રહેવા દેતા નથી. ભારે મહેનત ઉઠાવીને તેઓ પોતાના મેદાનને ચોખ્ખું આરસી જેવું રાખે છે. પોતાની ફૂલવાડીનું પણ તેઓ ખંતથી જતન કરે છે.

મેદાનમાં બીજાં બધાં આનંદ કલ્લોલ કરી રહ્યાં છે, ત્યારે એક દસ પંદર જણની ટોળી ફૂલવાડીને પાણી પાય છે. આ કામનો વારો આ મહિને ગામના હરિજનોને ભાગે આવ્યો છે.

'અરેરે બાપડાઓ!' એમ કહી તમે દયા ખાઓ છો શું? અરે મિત્રો, તે ભાઈઓના ચહેરા તો જુઓ. રમનારાઓના કરતાં તે જરા પણ ઓછા ખીલેલા દેખાય છે? પોતાની વહાલી ફૂલવાડીને પાણી પાવું એમાં તો તેમને રમત કરતાં પણ વધારે ગંમત પડે છે.

ગયે મહિને ગામના વણિકોએ એ ફરજ બજાવી હતી. આ મહિને હરિજનો બજાવે છે. આવતો મહિનો શાળાના વિદ્યાર્થીઓને ફાળે જશે.

સુંદરપુરના રસિયા લોકો પરસેવો ઉતારીને પોતાના ગામને સુંદર રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂલકાંઓ = બાળકડાંઓ. બદન = શરીર.
ડોબરું = તુંબડાનું બનાવેલું એક વાદ્ય. જતન કરે છે = સાચવે છે.
તૂર = નાચ વખતે વગાડવાની તાસક.

૧. સુંદરપુરની શાળા ગામની ફૂલવાડીને પાણી પાવાનો વારો ઝીલવા તૈયાર છે. તમારી શાળા પણ ગામાત સેવાનાં કાંઈક કામોનો લાભ પોતાના વિદ્યાર્થીઓને અપાવશે ને?

૨. શાળાના રમતના મેદાનનો ઉપયોગ કેવો થાય છે? મેદાન છે? તેને સ્વચ્છ રાખવા વારા ગોઠવો. વ્યવસ્થિત રમતો રમવાનું ગોઠવો. મોટેરાંને તે જોવા નોતરો

પાઠ ૧૮ મો : બે ભાઈઓ

આ એક ફ્રેન્ચ વાર્તા છે.

બે ભાઈ સાથે રહેતા હતા. ખેતી કરતા હતા. જમીનમાં જે પાકે તેનો ભાગ વહેંચી લેતા હતા. એક ભાઈ હતો કુંવારો, બીજો હતો મોટા કુટુંબ-કબીલાવાળો. એક વાર બંને ખેતીનો પાક ખળામાં લાવીને વહેંચવા લાગ્યા. સરખી વહેંચણી કરીને બંને સૂઈ ગયા. રાત્રે બન્નેને પોતપોતાની પથારીમાં વિચાર આવ્યો કે, હું મારા ભાઈને શી રીતે મદદ કરી શકું?

કુંવારા ભાઈને મનમાં થયું : 'મારો ભાઈ બચ્ચરવાળ છે. એને કુટુમ્બનો મોટો બોજો છે. શા સારુ મારે મારો પૂરો અર્ધો હિસ્સો લેવો? મને તો કશી જવાબદારી નથી. હું થોડાથી ચલાવી લઈ શકું એમ છું.' આમ વિચાર કરી તેણે રાત્રે ઊઠીને પોતાના ભાગમાંથી સો પૂળા લઈને પોતાના ભાઈના ભાગમાં મૂક્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા બચરવાળને વિચાર આવ્યો: 'મારો ભાઈ કુંવારો છે. એણે દુનિયાનાં દુઃખ જોયાં નથી; કેવા માઠા વખત આવે છે તેનું એને ભાન નથી; એટલે એ આવે તેટલું ઉડાવે છે અને કશો સંગ્રહ નથી કરતો. હું તો કરકસર જાણું છું. એટલે મારા મોટા કુટુમ્બ છતાં કાંઈક બચાવું છું. શા સારુ મારે મારો પૂરો અર્ધો હિસ્સો લેવો?' આમ વિચાર કરીને એ ઊઠ્યો, અને પોતાના ભાગમાંથી સો પૂળા લઈને પોતાના ભાઈના ભાગમાં મૂકી આવ્યો.

સવારે બંને ઊઠીને જુએ છે તો બંનેના હિસ્સા સરખા હતા! બંને બહુ અચંબો પામ્યા. પણ મનમાં જ સમજીને બેસી રહ્યા.

બીજી રાત્રે પણ બંનેને એના એ જ વિચારો આવ્યા, અને બંનેએ આગલી રાતની જેમ કર્યું. સવારે ઊઠીને જુએ છે તો બંનેના હિસ્સા સરખા! આમ દશ પંદર રાત ચાલ્યું.

એક રાત્રે એવું બન્યું કે બંને ભાઈ સાથે ઊઠ્યા અને સામસામા ભટકાયા. હવે બંનેને ખબર પડી કે આટલા દહાડાથી શો ખેલ ચાલી રહ્યો હતો!

લોકોને આ વાતની ખબર પડી અને જે સ્થાને પંદર દિવસ અને રાત સુધી એકનો એક પવિત્ર વિચાર બે હૃદયમાં ઉત્પન્ન થયા જ કર્યો, તે સ્થાન ઉપર મંદિર રચવાનો લોકોએ વિચાર કર્યો અને મંદિર બનાવ્યું.

આ સાચી કથા છે. એમાંથી આપણને ઘણું શીખવાનું મળે છે. આપણે તો એક મહાન મંદિર બનાવવાનું છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરાજ્ય મંદિર. એ મંદિર બનાવવાને માટે બે ભાઈઓને નહિ પણ અગણિત ભાઈબહેનોને, પંદર દિવસ નહિ પણ મહિનાના મહિના સુધી, પવિત્ર વિચાર આવવો જોઈએ, અને તેનો અમલ થવો જોઈએ. જેમ બચરવાળ ભાઈએ કુંવારા ભાઈના હિતનો વિચાર કર્યો, તેમ આપણે ગરીબ, તવંગર, હિંદુ, મુસલમાન, નબળા ને સબળા, સૌ એકબીજાના દિલનો વિચાર કરતા થઈ જઈશું અને તેવો અમલ કરતા થઈ જઈશું, તો જ આપણે સ્વરાજ્યમંદિરની રચના કરી શકીશું.

---

૧. એક વાર ભારતમાતાના બે બાળકો—હિંદુ અને મુસલમાન—આ બે ભાઈઓના જેવી લાગણી ન રાખતાં લડવા લાગેલા, ત્યારે શ્રી મહાદેવભાઈએ તેમને આ વાર્તા સંભળાવી હતી.

૨. યુરોપના ખેતીપ્રધાન દેશોનાં જીવન વિષે વિદ્યાર્થીઓને કહો. ફ્રાન્સની દ્રાક્ષની વાડીઓ, ડેન્માર્કનું ગોપાલન, રશિયાની સહકારી ખેતીવાડીનાં વર્ણનો સંભળાવો.

પાઠ ૧૯ મો : ચંદા

ઊંચે આભે રે પેલી ચંદા રમે,
મતવાલી ભમે,
એ તો સૌને ગમે! ઊંચે૦

કેવી દીપે રે, જાણે મંડપની
મધ્ય ચંદ્રમણિ!
એવી મનહરણી! ઊંચે૦

એને અંગે રે અમીઝરણાં ઝરે,
તેમાં તારા તરે,
ચમકારા કરે. ઊંચે૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું મુખડું રે ગોરું ગોળ દીસે,
અજવાળાં હસે,
તેના મેહ વરસે! ઊંચે૦

એને ઘેરે રે કંઈ વાદળડી,
થઈ સાહેલડી,
ફરે ફુદરડી. ઊંચે૦

ખીલે નિત નિત રે દેવકન્યા સમી,
આકાશે ભમી,
સીંચે સૌમાં અમી. ઊંચે૦

ત્રિભુવન વ્યાસ

ચંદા — કવિએ ચંદ્રને નાની બાળા કલ્પી તેનું નામ ચંદા રાખ્યું છે.
મતવાલી = મસ્ત મેહ = મેઘ, વરસાદ

પાઠ ૨૦ મો : ચંદ્ર

આકાશમાં સૂરજ તપે છે. આકાશમાં તારાઓ ચળકે છે. પણ એ બધામાં ચંદ્ર જુદી જ ભાત પાડે છે. કેવી સુંદર તેની ચાંદની! કેવી શીતળ! કેવી મીઠી! ઊજળી દૂધ જેવી! સુંવાળી ફૂલ જેવી! મીઠી અમૃત જેવી!

સૂરજ તો ગોળ ને ગોળ રહે. તારાઓનાં ટપકાં ગોળ ને ગોળ રહે. પણ ચંદ્ર તો રોજ નવાં રૂપ લે.

બીજને દિવસે પાતળી કમાન ઊગે. પશ્ચિમમાં બહુ શોધીએ ત્યારે માંડ જડે. જાણે સૂતી બાળકીની આંખડી! જરાક જ ઉઘાડી. હમણાં મીંચાશે, હમણાં મીંચાશે, એ મીંચાઈ ગઈ! બાળકી ઊંઘી ગઈ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બહારના ચક્રમાંના ચાંદા અર્ધા પ્રકાશેલા ચીતર્યા છે, પણ ચંદ્ર પૃથ્વી સામે પોતાનું મોં રાખી, તેની ચોપાસ માસમાં એક ફેરો ફરે છે. તેથી પ્રકાશેલો અર્ધગોળ પૂરો ન દેખાતાં આપણને ઓછોવત્તો થતો દેખાય છે. અંદરના ચક્રમાં તે જેવો આપણને દેખાય તેવો ચીતરી બતાવ્યો છે. બીજનો, ચોથનો, તેરશનો, પૂનમનો ચંદ્ર ખોળો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ચંદ્ર રોજ થોડો થોડો વધે. બીજથી મોટો ત્રીજે, તેનાથી મોટો ચોથે, તેનાથી મોટો પાંચમે, તેનાથી મોટો છઠે, તેનાથી સાતમે.

આઠમે અડધોઅડધ. જાણે અડધી ચાનકી. આઠમ વધી નોમ થાય. નોમ વધી દશમ. દશમ વધી અગિયારશ.

બારશે પોણો ગોળ. કેવો બેડોળ? કેવો કોઢિયો? પણ પછી તેરશ, ચૌદશ અને છેલ્લે આવે પૂનમ! પૂનમનો પૂરેપૂરો ગોળ. કેવું તેનું રૂપ! જાણે રૂપાનો થાળ! જાણે હસતું મુખડું!

સુદ થઈ પૂરી અને હવે આવી વદ. પંદર દિવસ વધ્યો તેવો પંદર દિવસ હવે ઘટશે. ચડતી પછી પડતી. અમાસની રાતે તો ચંદ્ર મોઢું જ નહિ બતાવે.

કેમ કંઈ મોં પડી ગયું? લો હવે શોક ન કરો. એક રાત પછી બીજ ઊગશે. પાછો ચંદ્ર વધવા લાગશે.

ચંદ્ર તો આકાશની આંખ છે. પંદર દિવસ ધીરે ધીરે મીંચાય, પંદર દિવસ ધીરે ધીરે ઊઘડે.

ચંદ્રનાં દર્શન કરી તમને પણ આવા કંઈ કંઈ વિચારો આવતા હશે.

પણ ચંદ્ર નાનો મોટો કેમ થાય છે તે સમજવું છે? ચંદ્ર એ કંઈ સૂર્યના જેવો સળગતો ગોળો નથી. તે તો આપણી પૃથ્વી જેવો ટાઢો ગોળો છે. તેથી સૂર્યનો પ્રકાશ પડે તેટલો ભાગ જ ચળકે ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્ર સદા પૃથ્વીના સામું ને સામું જ પોતાનું મુખ રાખે છે. તે પૃથ્વીનો પુત્ર ખરો ને? અંધારા આકાશમાં રહ્યો રહ્યો માતા સામે જોઈ તે હસ્યા કરે છે. પણ અંધારામાં તેનું આખું મુખ આપણને દેખાતું નથી. મુખના જેટલા ભાગ ઉપર સૂર્યનો પ્રકાશ પડ્યો હોય, તેટલું જ મુખ આપણે દેખી શકીએ છીએ. બીજે મુખની એક કળા ઉપર જ પ્રકાશ પડે છે, અને પૂર્ણિમાએ સોળેસોળ કળાઓ ઉપર પડે છે.

તમારું ગામ દરિયાકાંઠે છે શું? તો તમે જોયું હશે કે આપણા દરિયાને ચંદ્રમા સાથે ભારે પ્રીતિ છે. ચંદ્ર માથા ઉપર આવે છે ત્યારે દરિયામાં ભરતી આવે છે.

ચંદ્રને આધારે મહિનો ગણવાની આપણને સારી સગવડ મળી ગઈ છે. મહિનો એ એક મોટું પક્ષી છે. અજવાળિયું એ તેની એક પાંખ, અને અંધારિયું એ બીજી પાંખ. તેને શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષ પણ કહેવાય. તે એક વાર ઊજળી પાંખ પસારે છે ને એક વાર અંધારી પાંખ પસારે છે. એમ કરતો તે ઊડી જાય છે. બાર વાર પાંખો ફફડાવે છે ત્યાં તો એક વર્ષ પૂરું થઈ જાય છે.

---

૧. સૂર્યને સ્થાને દીવો મૂકીને અને બે વિદ્યાર્થીઓને પૃથ્વી અને ચંદ્ર બનાવીને કલાઓની સ્પષ્ટ સમજ આપવી.

૨. ચંદ્રમા વિષે ખગોળનાં પુસ્તકો ઉપરથી ઘણું વધારે શીખવી શકાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૧ મો : આનંદી પક્ષીઓ

મને પક્ષીઓ ઉપર બહુ વહાલ આવે છે. તેઓ કેવાં આનંદી હોય છે! સવારે વહેલાં ઊઠીને કેવાં ગાયન ગાય છે! તેઓ કેવી ખૂબીથી માળા બાંધે છે! જાણે માણસ જ ન હોય! વળી માળામાં નર અને માદા રહી, પોતાનાં બચ્ચાં મોટાં કરે છે. આપણાં માબાપ કમાઈ લાવી આપણને ખવડાવે છે, તેમ આ પક્ષીઓ પણ ચારો લઈ આવી પોતાનાં બચ્ચાંને ખવડાવે છે.

મને તો એ પાંખવાળાં માણસો જ લાગે છે. હોઠને બદલે કઠણ ચાંચ હોવાથી તેઓ આપણા જેવી વાતો કરી શકતાં નથી. પણ અક્કલ તો જાણે લગભગ આપણા જેવી જ. હાથ ન હોવાથી તેમને અડચણ તો પડતી જ હશે. પણ ચાંચથી અને પગથી તેઓ થોડું થોડું હાથનું કામ કરી શકે છે. વળી તેઓને ઊડવાને પાંખ મળી છે તેથી હાથનો બદલો વળી રહે છે.

પક્ષીઓ બોલી શકતાં નથી, પણ તેઓ ગાઈ તો શકે જ છે. કોયલના કૂઉ કૂઉથી આપણે કેવાં ખુશ થઈએ છીએ! મેઘ ચડ્યો હોય અને મોર ટહુકો કરે ત્યારે આપણને કેવો આનંદ થાય છે!

એક બાબતમાં પક્ષીઓ ઉપર પ્રભુજીએ મુસળધાર મહેરબાની વરસાવી છે. જુઓ તેમનાં રંગબેરંગી પીંછાં! કમભાગી માણસો આપણે! આપણને તો આખે શરીરે એક જ રંગવાળી ચામડી! અને તેનો રંગ પણ બહુ રૂડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપાળો નહિ! ત્યારે આ પક્ષીઓને ભગવાને વનનાં ફૂલો જેવા ભભકાદાર રંગોથી શણગાર્યાં છે. આપણે માણસો ભાત ભાતનાં લૂગડાં વીંટાળી તેમના જેવા થવા જઈએ છીએ, પણ એમ કંઈ પક્ષી થવાશે?

વળી કેટલાંક સમડી જેવાં પક્ષીઓની આંખો કેવી સારી હોય છે! આંખો હોય છે સાવ ઝીણી, પણ એવી તીણી કે દૂરબીનની જેમ બહુ જ દૂરથી ખાવાનું ખોળી કાઢે છે. આપણે તો બહુ ઝીણું જોવા જઈએ તો ચશ્મેધબ જ થઈ જઈએ!

પક્ષીઓને જોઉં છું એટલે મને આવા આવા વિચારો આવ્યા જ કરે છે.

અમારા ઘરમાં બધાં જ પક્ષીઓને ચાહે છે. બાપાજીને પક્ષીઓ ઉપર ઘણો જ પ્રેમ છે. તેઓ અમને જુદાં જુદાં પક્ષીઓની વાતો હમેશાં કહે છે. એમને પક્ષીઓની એટલી બધી ખબર છે કે તેમની વાતો ખૂટતી જ નથી.

પક્ષીને કોઈ પાંજરામાં પૂરે એ અમને ઘણું ખરાબ લાગે છે. આપણને જોવાની મઝા પડે એટલા ખાતર તેને બિચારાને નાનકડા પાંજરામાં રાતદિવસ પૂરી રાખવું એ કેટલું ખરાબ! એટલી સાંકડી જગ્યામાં તે ઊડે કેવી રીતે? પુરાઈ રહેવાથી તેની પાંખો કળે છે અને નબળી પડી જાય છે, અને તે પક્ષી જ મટી જાય છે. પાંખ વાપરે અને ઊડે તેથી તો તેનું નામ પંખી છે. જે પોપટ બિચારો ઊડી ન શકે ને પોપટ-પંખી નહિ પણ પોપટ-ઉંદરડો જ બની જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપાજીએ પક્ષીઓને પકડવાનાં પાંજરાં રાખ્યાં નથી. તેમણે તો ઘર પાસે સુંદર વાડી બનાવી છે. તેનાં ઝાડો ઉપર પક્ષીઓ પોતાની મેળે આવીને રહે છે અને કલ્લોલ કરે છે. વળી વાડીમાં તેમણે એક ચબૂતરો બાંધ્યો છે. ત્યાં મોર, પોપટ, ચકલાં, કબૂતર, કાગડા જેને મરજી પડે તે આવીને બેસે છે, દાણા ચણે છે, પાણી પીએ છે અને આનંદ કરીને ઊડી જાય છે.

મુસળધાર વરસાદ = મુસળ એટલે સાંબેલું — તેના જેવી જાડી ધારવાળો ધોધમાર વરસાદ.

ચશ્મેધબ = ચશ્માં ચડાવવાં પડે એવી નબળી આંખવાળા.

વિદ્યાર્થીઓને પોતાના ઘરમાં અને ઘર નજીકના ઝાડમાં માળો બાંધી વસતાં પક્ષીઓનો અભ્યાસ કરવા પ્રેરો. ચકલી, કબૂતર અને કાગડો તેમને આ માટે અનુકૂળ પડશે. દરેકનું જુદું પાટિયું રાખી આવી નોંધ રાખવી: ૧. ક્યારે માળો બાંધવો શરૂ કર્યો? ૨. ક્યારે પૂરો કર્યો? ૩. ક્યારે ઈંડાં મૂક્યાં? ૪. કેટલાં? ૫. ઈંડાંમાંથી બચ્ચાં ક્યારે નીકળ્યાં? ૬. બચ્ચાંને આંખ ક્યારે આવી? ૭. તે ઊડતાં ક્યારે થયાં?

આવો અભ્યાસ કરતાં પક્ષીઓને જરા પણ તકલીફ આપવી ન જોઈએ. એમને ખબર પણ ન પડવા દો કે તમે તેમને જુઓ છો.

પાઠ ૨૨ મો: સ્વચ્છતા-સેવિકા

રતનબહેનના ઘરમાં ઘરકામના વારા બાંધે છે. મહિને મહિને વારા બદલાય છે. પિતાજી અને માતાજીના સફાઈકામના વારા આવી ગયા. આ મહિનાનો વારો રતનબહેને માગ્યો છે.

'અજબ ઘર!' તમે કહેશો. 'સવારે ઘરમાં સાવરણી ફેરવવી, એમાં વળી વારા શા?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જરા ધીરા થાઓ, મહેરબાન. આ વારામાં રતન-બહેનને શું શું કરવાનું છે તે જરા સાંભળો.

પહેલું કામ તો થૂંકનો નિકાલ કરવાનું.

આ ઘરમાં ઓસરીમાં કે ખૂણામાં થૂંકવાનું હોતું નથી. બારણામાં ઊભા રહી રસ્તામાં ગળફા ઉડાડવા, એ પણ આ ઘરમાં ન ચાલે. અહીં તો થૂંકવા માટે બેચાર ઠેકાણે માટીનાં કૂંડાં મુકાય છે. તે કૂંડાં રોજ સાફ કરવાનાં, અને રોજ તેમાં નવી માટી ભરવાની.

આ ઘરની દાતણ કરવાની રીત પણ જુદી જ છે. ગામની શેરીમાં તો રોજ સવારે શું ચાલે છે? લોકો ઓટલા ઉપર બેસી દાતણ ચાવે છે. શેરીને થૂંક અને કફથી ગંદી કરે છે. પછી એ જ ગંદી શેરીમાં લોકો આવજા કરે છે. તેમાં જ તેમનાં છોકરાંઓ રમે છે.

ત્યારે અહીં? અહીં તો વાડામાં લાંબી ચર ખોદી છે. સૌ ત્યાં જઈને જ મુખશુદ્ધિ કરે છે. માટી ભભરાવી તે ચરને સ્વચ્છ રાખવી એ રતનબહેનની ફરજ છે.

રતનના ઘરમાં પાયખાનું કેવું છે તે તમે જાણો છો જ. તે માટે સુંદર હવા-ઉજાસ-વાળી ઓરડી છે. તેમાં મેલા માટે અને પેશાબ માટે અલગ અલગ ડોલો રાખી છે. દરેક જણ મેલા ઉપર માટી નાખે છે.

આ ડોલો રોજ ખાડામાં ઠાલવવી, ધોવી અને પાછી ઓરડીમાં ગોઠવવી, એ પણ સ્વચ્છતા-સેવિકાનું જ કામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલબત્ત, તેમાં પિતાજી હમેશાં મદદ કરે છે. કોઈ વાર કનુ પણ હાથ દે છે. પણ જવાબદારી તો રતનની જ.

રસોડા પાસે પણ સ્વચ્છતા-સેવિકા માટે કામ તૈયાર છે. રસોડું એ તો અમૃત પકાવવાની જગ્યા. પણ સ્વચ્છતા ન રાખીએ તો તે નરકનું ધામ બની જાય. અહીં એક કૂંડી રાખી છે. તેમાં એઠવાડનું પાણી ભેગું થાય છે. આ કૂંડી ઉલેચવાની ફરજ રતનની છે.

રસોડા બહાર વાડામાં એઠવાડનો ખાડો છે. જમ્યા પછી સૌ એમાં એઠવાડ નાખે છે. એઠવાડ ઉપર માટી નાખી એ ખાડાને રોજ સાફ રાખવો એ પણ રતનનું જ કામ છે.

તમે તો કહેતા હતા કે સફાઈ એટલે પૂંજો વાળવો! હવે તમે જુઓ છો કે પૂંજો વાળવો એ તો રતનનું નાનામાં નાનું કામ છે.

પૂંજો પણ આ ઘરમાં દિવસમાં એક જ વાર કઢાય છે શું? નહિ. અહીં તો આખું ઘર ત્રણ વાર વળાય છે. તેમાં સવાર સાંજનો કચરોપૂંજો રતનબહેન કાઢે છે. બપોરે તે શાળાએ ગઈ હોય, એટલે માતાજી કાઢી લે છે.

વળી વાળવું એટલે કેવળ જમીન વાળવી જ નહિ. ભીંતોના ખૂણામાં કે બારીના સળિયામાં જાળાં બાઝે તે રોજ સાફ થવાં જ જોઈએ. અને છાપરું પણ અંદરથી આઠ દિવસે એક વાર સાફ થવું જ જોઈએ.

વળી તેમના ઘરમાં બે ચાર જગ્યાએ કચરાની ટોપલીઓ મુકાય છે. ઘરનો બધો કચરો તેમાં જ પડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. રતનબહેન રોજ એ બધી ટોપલીઓ ઉકરડામાં ઠાલવી આવે છે.

આ રીતે આખો મહિનો રતનબહેન ઘરને ચોખ્ખું-ચણક રાખશે.

અને તમે જાણો છો કે તે ઘણી જ હોંશીલી સેવિકા છે.

કોઈ કોઈ વાર તે છંટકાવ કરી સ્વચ્છતામાં ઠંડક ઉમેરશે.

કોઈ વાર ધૂપ સળગાવી સ્વચ્છતામાં સુગંધ ભરશે.

કોઈ વાર ફૂલપાનનાં તોરણો બાંધી સ્વચ્છતામાં શોભા મેળવશે.

ચર=લાંબી પહોળી નીક.

૧. શાળાઓએ વિદ્યાર્થીઓને સ્વચ્છતા-સેવકો થવાની તાલીમ પૂરી પાડવી ઘટે છે.

૨. શાળાઓ સ્વચ્છતાકામ શિક્ષણના એક વિષય તરીકે કરશે એટલે કુદરતી રીતે તેમાં અત્યંત ઝીણવટ લાવશે. ઝાડુ કેમ પકડવું ત્યાંથી માંડીને મલેરિયા આદિ રોગોનાં જંતુઓ ઉત્પન્ન થતાં કેમ અટકાવવાં, ત્યાં સુધીના વિષયો એમાં સમાવી લેવા જોઈએ.

પાઠ ૨૩ મો : કાચા સૂતરનો તાંતણો

અતૂટ એક કાચા સૂતરનો તાંતણો.—ટેક.

હાંરે ઓલી લોઢાની બેડિયુંય તૂટે; અતૂટ૦
હાંરે ઓલી સોનાની સાંકળી વછૂટે. અતૂટ૦
હાંરે ધાર ખાંડાની તેય થાય ખાંડી; અતૂટ૦
હાંરે હાર માને હજાર તોપ ગાંડી. અતૂટ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાંરે દુર્બળિયાં શું બળિયાને બાંધે; અતૂટ૦
હાંરે શામળાં શું ઉજળિયાંને સાંધે! અતૂટ૦

હાંરે અંધ સાથે આંખાળાંને બાંધે; અતૂટ૦
હાંરે પંગુ સાથે પાંખાળાંને સાંધે! અતૂટ૦

હાંરે રંક સાથે તે રાજવીને બાંધે; અતૂટ૦
હાંરે રામ સાથે તે માનવીને સાંધે. અતૂટ૦

હાંરે કાંતો કાંતોને બહેન પૂરી પ્રીતે; અતૂટ૦
હાંરે કાંતો કાંતોને ભાઈ એકચિત્તે. અતૂટ૦

હાંરે ઘરોઘરમાં એ પ્રેમને પ્રસારો; અતૂટ૦
હાંરે મારી ભારતીના ભારને ઉતારો. અતૂટ૦

હાંરે રૂડા રેંટિયા અખૂટ બાપ દેજો,
અતૂટ એક કાચા સૂતરનો તાંતણો.
હાંરે બાપુ ગાંધીજીની જિંદગીના રહેજો,
અતૂટ એક કાચા સૂતરનો તાંતણો.

જુગતરામ દવે

બેડિયું = બેડીઓ.
ખાંડાની ધાર = તલવારની ધાર.
ખાંડી થાય = ખંડિત થાય, તૂટે.

૧. રેંટિયાને ગાંધીજી સ્વરાજ્યનું મુખ્ય સાધન કહે છે, ત્યારે તેઓ સૂચવે છે કે કાંતનારાઓનાં હૃદયમાં આવી ભાવનાઓ ઊછળવી જોઈએ.

૨. રાષ્ટ્રીય પ્રસંગોએ ગાંધીજી જેવા રાષ્ટ્રપુરુષને અર્પણ કરવાના હેતુથી સમૂહ-કાંતણ, હરીફાઈઓ વગેરે ગોઠવવાથી વિદ્યાર્થીઓની આ ભાવના પોશાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૪ મો : કામધેનુ



'હે પ્રભુ, મોત આપે ત્યારે એવું મોત આપજે કે એક હાથમાં રેંટિયાનો હાથો હોય, બીજા હાથમાં પૂણી રહી ગઈ હોય ને આંખો મીંચાઈ જાય.'

આવી પ્રાર્થના કોણ કરતું હશે?

ગાંધીજી. બીજું તે કોણ હોઈ શકે? એમને રેંટિયો બહુ જ વહાલો છે. રોજ કાંતવું જ એવું એમને વ્રત છે. ગમે તેવું કામ હોય તોપણ ગાંધીજી કાંત્યા વિના રહેતા નથી. મુસાફરીમાં હોય ત્યાંયે તેઓ રેંટિયો સાથે રાખે છે અને ફુરસદ કાઢીને કાંતે જ છે. માંદા પડ્યા હોય અને અશક્તિ આવી ગઈ હોય તોયે તેઓ કાંતવાનો આગ્રહ રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેલમાં જાય ત્યાં પણ પોતાના પ્રાણ સમા રેંટિયાને સાથે જ લઈ જાય છે.

યરવડા જેલમાં ગાંધીજીએ બે ચક્રવાળા રેંટિયા ઉપર કાંતતાં કાંતતાં શોધખોળો કરી, અને તેમાંથી નાનું અને નાજુક, સુંદર અને મધુર 'યરવડા-ચક્ર' જન્મ્યું.

ગાંધીજી એવું ઝંખી રહ્યા છે કે, દેશના બુદ્ધિમાન લોકો રેંટિયા પાછળ પોતાની બુદ્ધિ વાપરે અને તેમાં ખૂબ સુધારા કરે. તેમને કેવો રેંટિયો જોઈએ છે? એક તો ખૂબ જ સસ્તો. બીજું, ગામડાંના લોકો જાતે બનાવી શકે અને જાતે દુરસ્ત કરી શકે તેવો. ત્રીજું, વધારે ઝડપવાળો.

શોધકોને ઉત્તેજન આપવા એમણે એક લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું. પછી તો ઘણા ઘણા ઇજનેરોએ અને કારીગરોએ રેંટિયા ઉપર પોતાની બુદ્ધિ ચલાવી. કોઈએ દસ ત્રાકનો રેંટિયો બનાવ્યો, કોઈએ પોતાની મેળે સૂતર વીંટાય એવી યુક્તિઓ કરી.

પણ ગાંધીજીને એક સુધારાથી સંતોષ થયો નહિ. એ સુધારા કરવા જતાં તો રેંટિયો જ ઊડી ગયો હતો અને તેને બદલે લોઢાના ભારે અને મોંઘા સંચા બની ગયા હતા. એવા સંચા ગામડાના ગરીબ લોકો કેમ ખરીદી શકે? તેમને તો એ ચલાવતાં અને દુરસ્ત કરતાં પણ ન આવડે.

વિનોબાએ પણ પોતાની તેજ બુદ્ધિ આ વિષય ઉપર ચલાવી. પણ તેમણે બીજી દિશામાં તે ચલાવી. તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર્યું : આ મોટા ચકરડાની શી જરૂર છે? એકલી તકલી જ બસ છે. તેમણે તકલી ઉપર કાંતવાની ઝડપી રીત શોધી તેના વડે કલાકના ૩૦૦ તાર કાંતી બતાવ્યા. આ શોધથી ગાંધીજીના આનંદનો પાર ન રહ્યો. 'હવે શી ફિકર છે? હિંદુસ્તાનનાં ૪૦ કરોડ માણસો એકીસાથે કાંતવા તૈયાર થઈ જાય તોપણ હવે હું મૂંઝાઉં નહિ.'

રેંટિયો દેશનાં કરોડો ઉઘાડાંને ઢાંકી શકે છે અને ભૂખ્યાંને રોટી આપી શકે છે. રેંટિયાના સૂતરનો તાંતણો સ્વરાજ લાવી શકે છે. તેથી ગાંધીજી તેને કામધેનુ કહે છે અને તેના ગુંજારવમાં મીઠામાં મીઠું સંગીત સાંભળે છે.

દેશના કરોડો દરિદ્રો પરસેવો ઉતારવા છતાં પેટ ભરીને ખાવા પામતા નથી. તેમની સાથે એકતા ક્યારે અનુભવાય? તેઓની સાથે આપણે પણ કંઈક જાતમહેનત કરીએ ત્યારે જ.

તેથી દરેક જણે રોજ અરધો કલાક કાંતી દરિદ્ર દેશબંધુઓ સાથે એકતા અનુભવવી એવો ગાંધીજીનો ઉપદેશ છે.

ત્રિરંગી રાષ્ટ્રધ્વજમાં ગાંધીજીએ રેંટિયાનું ચિહ્ન અંકિત કરાવ્યું છે. કરોડો શ્રમજીવીઓનું સ્વરાજ્ય તે જ સાચું સ્વરાજ્ય, એમ તે જાહેર કરે છે.

કામધેનુ = કામ એટલે ઇચ્છા. ધેનુ એટલે ગાય. ઇચ્છિત વસ્તુ રૂપી દૂધ આપે તેવી દેવતાઈ ગાય.

ચરવડા જેલ = પૂના નજીક ચરવડા ગામને પાદરે આવેલું મોટું કેદખાનું. ગાંધીજી સત્યાગ્રહ કરતાં ઘણી વાર ત્યાંના મહેમાન થયા છે.

શ્રમજીવી = જાતમહેનત કરીને આજીવિકા મેળવનાર. જેઓ શરીરશ્રમ કર્યા વિના બુદ્ધિના જ જોરે કમાણી કરે તે બુદ્ધિજીવીઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિરંગી રાષ્ટ્રધ્વજ: તે હાથે કાંતેલી અને હાથે વણેલી શુદ્ધ ખાદીનો હોય છે. ઉપર કેસરી, નીચે લીલો અને મધ્યમાં સફેદ એવા ત્રણ પટાઓ તેમાં હોય છે અને સફેદ પટામાં રેંટિયાનું ચિહ્ન હોય છે.

પાઠ ૨૫ મો : હજરત ગોસ-ઉલ-આઝમ

બાળકો, સચ્ચાઈ પર પ્યાર રાખો. ડરીને જૂઠ ન બોલો. હજરત ગોસની કથા સાંભળો અને ખુદાને બંદગી કરો કે તમને પણ એમના જેવા નીડર બનાવે.

હજરત ગોસ એક મહાન સંત હતા. તેમનું માન એટલું ઊંચું છે કે તેમને ગોસ-ઉલ-આઝમ (સર્વશ્રેષ્ઠ સંત) કહેવામાં આવે છે.

તેઓ ઈરાન દેશમાં જિલાન પ્રાંતના રહીશ હતા. તેમનું નામ હતું અબ્દુલ કાદર જિલાની.

અબ્દુલ કાદર મોટા થયા ત્યારે બગદાદ ભણવા ચાલ્યા. બગદાદ એ વિદ્યાનું મોટું ધામ હતું. દેશ દેશના વિદ્યાર્થીઓ ત્યાં વિદ્યા ભણવા જતા. ભલી માએ બેટાને ભાતું બંધાવ્યું અને ડગલીમાં ચાળીસ સોનામહોરો સીવી આપી.

માએ કહ્યું, 'લે બેટા, ભૂખ લાગે ત્યારે આ ભાતું ખાજે. અને લે આ ડગલી. તેમાં મેં ચાળીસ સોનામહોરો સીવી છે. ભીડ પડે ત્યારે એ કાઢજે.'

વળી માએ શિખામણ આપી, 'જો બેટા, જ્યાં જાય ત્યાં હંમેશાં સાચું બોલજે. ખુદાનો ડર રાખજે. અલ્લા તારું ભલું કરો.'

માને સલામ કરી અબ્દુલ બગદાદ જવા ઊપડ્યા.

રસ્તામાં તેમને સોદાગરોનો સાથ મળ્યો. તેમની સાથે તે જોડાયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક રાત્રે ઘોર જંગલમાં તેમનો પડાવ પડચો. બધા સોદાગરો ટોળે વળીને જાગતા રહ્યા. ખુદાપરસ્ત અબ્દુલ બંદગી માટે જંગલમાં એક બાજુ એકાન્તમાં ગયા, અને ધ્યાનમાં મગ્ન થયા.

આ તરફ સોદાગરો ઉપર લૂંટારાઓએ છાપો માર્યો, અને તેમને લૂંટવા માંડચા.

મુસાફરોએ પોતાનું ધન છુપાવવા બહુ ફાંફાં માર્યાં. જૂઠાં જૂઠાં બહાનાં બતાવ્યાં, પણ ચોરોએ તેમને મારી મારી બધું કઢાવ્યું. આમાંથી પરવાર્યા પછી લૂંટારાઓ પાછા ફરવા લાગ્યા, ત્યારે એક લૂંટારાએ અબ્દુલ કાદરને જંગલને એક છેડે ઊભેલા જોઈ સહેજ પૂછ્યું, 'અલ્યા છોકરા, તારી પાસે કંઈ છે કે?' એના મનમાં એમ કે, આવા નાના ગરીબ છોકરા પાસે તે શું હોય!

અબ્દુલને અમ્માએ સાચું બોલવાની શીખ આપી હતી, તેથી તે સાચેસાચું કહેતાં ડર્યા નહિ.

તેમણે કહ્યું, 'હા, મારી પાસે ચાળીસ સોનામહોરો છે. મારી અમ્માએ મારી ડગલીમાં સીવી આપી છે.'

'બડો મશ્કરો છોકરો લાગે છે!' એમ કહી લૂંટારો ચાલ્યો ગયો. તેણે અબ્દુલની વાત સાચી માની નહિ.

થોડી વારે બીજો લૂંટારો તેમની પાસે આવ્યો. તેણે પૂછ્યું, 'છોકરા, તારી પાસે કંઈ છે કે?'

અબ્દુલ બોલ્યા, 'હાજી.'

'શું છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ચાળીસ સોનામહોરો.'

'ક્યાં છે?'

'આ રહી મારી ડગલીમાં. મારી અમ્માએ એ તેમાં સીવી દીધેલી છે.'

લૂંટારાને આવો જવાબ સાંભળી અચંબો થયો. તે અબ્દુલ કાદરને પકડી પોતાના નાયક પાસે લઈ ગયો.

નાયકે પૂછ્યું, 'છોકરા, સાચું કહી દે. તારી પાસે ચાળીસ સોનામહોરો છે એ ખરી વાત છે?'

'હાજી. આ રહી મારી ડગલીમાં. મારી અમ્માએ ડગલીમાં સીવી આપી છે. ખપ પડે ત્યારે વાપરજે એમ મારી માએ કહ્યું છે. પણ મેં હજુ એક મહોર વાપરી નથી.'

નાયકે તપાસ કરી તો પૂરી ચાળીસ સોનામહોરો ડગલીમાંથી નીકળી.

લૂંટારાના નાયકે કહ્યું, 'અરે છોકરા, તેં સાચેસાચું કેમ કહ્યું? તું ખોટું બોલ્યો હોત તો અમે કશું જાણત નહિ.'

'પણ સાહેબ, મારી માએ મને હંમેશાં સાચું બોલવાનું શીખવ્યું છે. મારી માનું કહેવું મારે માનવું જ જોઈએ.'

નાયક કહે, 'પણ તું જોતો નથી કે અમે લૂંટારા છીએ? તને અમારો ડર નથી લાગતો?'

'ના સાહેબ, મારી અમ્માએ મને ફક્ત ખુદાનો ડર રાખવા શીખવ્યું છે. એટલે માણસનો ડર હું રાખતો નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લૂંટારાના સરદારે આવો છોકરો કદી જોયો ન હતો. તે બોલ્યો, 'છોકરા, તું તો મોટો મહાત્મા છે. લે આ તારી સોનામહોરો. એ અમને ન પચે.'

સોદાગરો = વેપારીઓ ખુદાપરસ્ત = ઈશ્વરભક્ત

હજરત ગોસ–ઉલ–આઝમ જેવી નિર્ભયતા વિદ્યાર્થીઓમાં કેળવવી શકય છે ? શાળાઓ એ દિશામાં કંઈ કરી શકે ? હિંદુસ્તાનનાં બાળકોમાંથી ભય ઉડાવવો એ તેમની કેળવણીમાં ઘણું જ અગત્યનું છે, એ વિષે શંકા નથી. ગાંધીજી જેવા કહે છે કે, નાનપણમાં તેમને અંધારામાં જતાં પણ બીક લાગતી, પણ પ્રયત્નથી તેઓ નીડરતા કેળવી શકયા છે.

પાઠ ૨૬ મો : રમવા આવોને

મારે આંગણ, સૂરજદેવ, ઝગવા આવોને;
સોનેરી કિરણ-સેર સાથે લાવોને.

મારે આંગણ, સાગરદેવ, ગાવા આવોને;
ગંભીરા ડોલન તાલ સાથે લાવોને.
મારે આંગણ, વાયુદેવ, ફરવા આવોને;
ફૂલડાંની આછી મહેક સાથે લાવોને.
મારે આંગણ, ચાંદાદેવ, હસવા આવોને;
રૂપેરી તારક-તેજ સાથે લાવોને.
મારે આંગણ, વીરા, રોજ રમવા આવોને;
ભાઈબંધો કેરી ફોજ સાથે લાવોને.

સોમાભાઈ ભાવસાર

દાદાભાઈ, તિલક, લાલાજી જેવા નેતાઓને ઉદ્દેશીને અથવા કુંભાર, લુહાર, વણકર, ખેડૂત જેવા ગ્રામકારીગરોને ઉદ્દેશીને આવી વધારે લીટીઓ વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડી શકશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૭ મો : પોપટ મંદિર



એક રાજાએ પોપટ પાળ્યો અને તેને ભણાવવા પંડિતો રાખ્યા. સામાન્ય ઘરના પોપટ તો 'સીતારામ' 'સીતારામ' એવું જ કંઈક બોલે. આ તો રાજાનો પોપટ, અને એને ભણાવવા મોટા પંડિતો રાખેલા, એટલે તે તો ઘણું ઘણું બોલતાં શીખ્યો. મોટાં મોટાં વાક્યો બોલે અને લાંબા લાંબા શ્લોકો પણ લલકારે.

પોપટ નાસી ન જાય અને ડાહ્યો થઈને પઢતાં શીખે તે માટે રાજાએ તેને પાંજરામાં રાખ્યો. રાજાને ઘેર ક્યાં ખોટ હતી? તેણે તો પોતાના પોપટ માટે સોનાનું પાંજરું ઘડાવ્યું. એમાં હીરા માણેક જડાવ્યાં. તેમાં પોપટને ખાવાપીવા માટે રૂપાની વાડકીઓ રાખી. પોપટની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળાનું 'પોપટ મંદિર' એવું સરસ નામ પાડ્યું. પંડિતો રોજ બરાબર શીખવી શકે એટલા માટે પંડિતોને રહેવા માટેયે સરસ ઓરડા બંધાવી આપ્યા.

અવારનવાર રાજા પોપટનો અભ્યાસ જોવા આવે. પંડિતો તરત ઊભા થાય. પાંજરામાં પુરાયેલો પોપટ પઢાવેલું બધું બોલવા માંડે. રાજા ખુશ થાય. 'વાહ! વાહ! પંડિતો, આપે મારા પોપટને બહુ સારું શિક્ષણ આપ્યું.'

પણ કોઈકે ગામમાં વાત ચલાવી: 'પોપટનું બરાબર ચાલતું નથી. એના શિક્ષણમાં કંઈક ખામી છે.'

રાજાને કાને આ વાત પહોંચી. રાજા વિચારમાં પડ્યો. બીજે દિવસે પંડિતોને બોલાવ્યા, 'કેમ પંડિતો, પોપટનું શિક્ષણ કેમ ચાલે છે?'

'રાજાજી, બરાબર, બધું જ બરાબર છે!' બધા પંડિતો બોલી ઊઠ્યા. તેમણે ગોદાવી ગોદાવીને, શીખવેલા શ્લોકો પોપટ પાસે પઢાવી બતાવ્યા.

પોપટ ભણે ખરો, બોલે પણ બરાબર, પણ પાંજરામાં પુરાયેલો એટલે બિચારો હીજરાય. પરમેશ્વરે ઊડવા માટે પાંખો આપી, પણ પાંજરામાં તે કેમ વાપરી શકાય! બહારનું ખુલ્લું આકાશ, ઝાડ અને વેલા, કલ્લોલ કરતાં પંખીઓ, એ બધું રોજ પોપટ જોયાં કરે અને બહાર ઊડી જવા ઝંખે. પરંતુ પંડિતો આવે ત્યારે બાપડો ડાહ્યો થઈ 'પાઠો' ભણવા મંડી જાય. પંડિતો જાય એટલે પગમાં બાંધેલી સાંકળો ચાંચ વતી કરડે, સળિયા બહાર ચાંચ કાઢી ધીમું ધીમું રડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને છતાં પંડિતો તો રાજાને હંમેશ જણાવે: ‘બરાબર છે, બધું જ બરાબર છે!’ પંડિતોને પગાર બરાબર મળતા રહે છે, પોપટને ‘પાઠો’ બરાબર ભણાવાયે જાય છે, રાજાને સંતોષ મળતો રહે છે; છતાં પોપટ તો પાંજરામાં ઝૂર્યા કરે છે; એનો ઉત્સાહ ચાલ્યો ગયો છે; એનો આનંદ ઓસરી ગયો છે. રૂપાની વાડકીમાં મૂકેલાં તાજાં મરચાં કે પાકાં જમરૂખ અને જાંબુ ઘણી વખત એમ ને એમ પડ્યાં રહે છે.

અવારનવાર પોપટની પરીક્ષા લેવાય છે અને તેનાં પરિણામ રાજા પાસે પહોંચાડવામાં આવે છે. એટલે પોપટના પાંજરા પાસે પણ જવાની હવે તો તેને જરૂર રહી નથી. પંડિતો જ ‘બરાબર છે, બધું જ બરાબર ચાલે છે’ એમ કહી દે છે. અને રાજા ખુશ થઈ પોપટના પાંજરામાં વધારે ને વધારે મોંઘાં હીરામાણેક જડાવી આપે છે.

છતાં ગામમાં તો વાતે વધારે જોર પકડ્યું: ‘કહો કે ન કહો, પણ રાજાના પોપટને કંઈ ઠીક નથી.’

રાજા આવી અફવાઓ સાંભળી ખિજાઈ ગયો: ‘અરે કોણ છે આવું બોલનારા?’

ફરી પાછો રાજા ‘પોપટ મંદિરે’ ગયો. આ વખતે તો તે ઠેઠ પોપટના પાંજરા પાસે ગયો. પોપટ ચૂપ હતો, હાલતો ન હતો, ચાલતો ન હતો. રાજાએ પોતાની લાકડી પાંજરામાં ખોસી પોપટને ઢંઢોળ્યો.

પોપટ બોલ્યો નહિ, ફક્ત ખર ખર ખર તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંખો ખખડી ઊઠી. જાણે કે અત્યાર સુધી ભણેલાં શાસ્ત્રોનાં પાનાં અવાજ કરી ઊઠચાં !

પોપટમાંથી પ્રાણ ઊડી ગયા હતા. હવે એને ભણવાનું કશું જ બાકી રહ્યું નહોતું.

પંડિતો કેવા ભારેખમ અને પ્રૌઢ ગૃહસ્થો છે ! પેલો ટૂંકી પોતડી-વાળો ગામડિયો પંડિતોનાં શાસ્ત્રોમાં શું સમજે ? તે નાને મોઢે મોટાંના કામમાં ખોડ બતાવે છે એ કેવી ધૃષ્ટતા !

સ્વતંત્રતા વિનાના શિક્ષણનું કેવું પરિણામ નીપજ્યું ? આપણી શાળાઓ 'પોપટ મંદિરો' ન થાઓ.

પાઠ ૨૮ મો : કીડીબાઈ



રાણી કામદાર નર

કીડીબાઈની કહું હું કહાણી,
સાંભળજો સૌ અચરજ આણી.

૧

કીડી દિનભર ફરતી ફરે, જ્યાં જાતી ત્યાં ખાયાં કરે.
ખાય ને ઉપર લેતી જાય, દરમાં ભંડાર ભરતી જાય.
રસોડામાં પેસી જાય, રોટલા ખાય, લાડુ ખાય,
દુકાને જઈ ગોળ ખાય, ખારેક ને ખજૂર ખાય;
લાગ આવે તો ખાંડ ખાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડનાં તો ફળ ખાય, ઝીણાં ઝીણાં જન્તુ ખાય;
ખાય નહિ એટલું બીજું, ભંડાર ભરવા લેતી જાય.

૨

નાની પણ નહિ નાનો તોર; નાની પણ છે જબરું જોર.
જાત કરતાં ભારે કણ, ઉઠાવે એ દોડદોડ.
મહેનતનો કંટાળો નહિ; થાકે તોયે હારે નહિ.
એકથી જો ઊપડે નહિ તો બીજીને ઝટ તેડી લાવે,
બેથી પણ જો ઊપડે નહિ તો પાંચપચીસ જઈને લાવે.
તેનાથી પણ શિકાર જબ્બર,
ખાંડ ગોળનું વાસણ ખુલ્લું, દાણાદૂણી વેરાયેલું,
એવાની જો પડે ખબર,
ઝટ દોડી જઈ કરતી હાજર, હજાર કીડીનું એ લંગર.

૩

બોલ્યાં નહિ, નહિ કર્યો અવાજ; તોયે ભેગો કર્યો સમાજ!
કીડીબાઈ, કહો અમને જરી, કેમ કરી તમે વાતો કરી?
કીડીને તો તીણી નાસા, એકમેકની આવે વાસા;
વાસે વાસે જાણી જતી, આ પરકી ને આ છે સગી.
વાસે વાસે જાણી જાય, આ પાસે અમ બહેનો જાય.
'ખાવાનું છે, આવો અહીં,' 'ભય છે, નાસો જીવડો લઈ,'
'બહેન, ભાર લાગ્યો છે બહુ, મુજને મદદ કરોને સહુ.'
'મને પેટમાં લાગી આગ, બહેન, ભલાં થઈ આપો ભાગ.'
એમ કરી સૌ મનની વાત, વાસે વાસે સમજી જાત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

આપણે કહીએ જેને દર, કીડીનાં એ મોટાં નગર!
રસ્તા તેમાં, ગલીઓ તેમાં, ઓરડા ઓરડીઓ તેમાં,
ઈંડાંના આગારો તેમાં, દાણાના ભંડારો તેમાં!

સંપે સૌ નગરીમાં રહે, રાણીની આજ્ઞામાં રહે.
તન દઈને સૌ કરે મજૂરી, મહેનતમાં નહિ કોઈ અધૂરી;
હુકમ થાય જો રાણીજીનો, મોટાં મોટાં ખોદી દે દર,
હુકમ થાય જો રાણીજીનો, દાણાનો વહી લાવે ડુંગર.

૫

કીડીને શું માની નાની? નાની પણ છે કીડી રાણી!
રાણીની પણ મહારાણી!
નીડર થઈ ફાવે ત્યાં જાય,
ડોશીમાને કૂબે જાય, રાજાને દરબાર જાય.
ડર છોડીને દાખલ થાય;
'બીએ એક, બીએ દો, બીએ પાંચ પચ્ચાસ સો;
અમે છઈએ હજ્જારો, અમે શાના બીએ વારુ?
પાંચ મરીએ તોયે શું? પચાસ મરીએ તોયે શું?'
કીડીને મન મોટી હામ:
'અમે છઈએ હજ્જારો, હજ્જારો ને હજ્જારો!'

૬

કીડીનું તે કેવું જોર!
મોટાં મોટાં ઝાડો ચડે, મોટા મોટા પહાડો ચડે,
ચડેને ધબ્બ કરતી પડે, તોય હાથ પગ કદી ન ખડે.
હાથીમામા મારકણા! વાઘકાકા કરડકણા!
શૂરા હો તો આવી જાઓ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીડી ચડે તેમ ચડી જુઓ. કીડી પડે તેમ પડી જુઓ!
કીડીની છે એવી વાત,
ઝીણી પણ બહુ શાણી જાત.

આગાર = ઘર

૧. કીડી, મંકોડા, ઊધઈ, એ બધાં ઝીણાં જંતુઓ હોવા છતાં તેમના રાફડાના નિયમો જોતાં તેઓ ભારે અક્કલવાળાં જણાય છે. તેઓમાં ઊધઈ સૌથી વધારે અક્કલવાળું જન્તુ છે. 'ઊધઈનું જીવન' નામના પુસ્તકમાં તેનું રસિક વર્ણન છે. વિદ્યાર્થીઓને તેમાંની રસિક માહિતી આપી સ્વતંત્ર શોધખોળ કરવાનો રસ લગાડો.

૨. કીડીના દરમાં ઈંડાં મૂકનારી એક રાણી હોય છે, થોડાક પાંખવાળા નર હોય છે, બાકીની બધી વસ્તી કામદારોની હોય છે. ચિત્રમાં તેમની આકૃતિઓ ઘણી વધારીને બતાવી છે. વિદ્યાર્થીઓ કીડીઓને જોઈ કઈ કયા વર્ગની છે તે હવે ઓળખી શકશે.

પાઠ ૨૯ મો : ધર્મવીરોને આશરો

સંજાણ બંદરે દરિયામાં દૂરથી આવતા એક વહાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ કેટલાક લોકો જોઈ રહ્યા છે. કોઈ વેપારીનું વહાણ તો આ અરસામાં આવવાનું ન હતું. તો આ કોનું વહાણ હશે?

વહાણ કિનારે આવી પહોંચ્યું. પણ એ તો કોઈ વેપારીનું વહાણ નહોતું. ત્યારે?

વહાણમાંથી કેટલાક લોક કિનારે આવ્યા. તે પરદેશી હતા: ઈરાન બાજુના દેખાતા હતા.

એ નવા આવનારાઓ પાસેથી લોકોએ જાણ્યું કે, તેઓ ઈરાન દેશના પારસીઓ હતા. ઈરાનમાં તેમનો ધર્મ જોખમમાં આવી પડ્યો હતો. તેથી તે ધર્મવીરોએ ધર્મનું રક્ષણ કરવા પોતાનો દેશ છોડ્યો.

તે જમાનામાં પરદેશીઓને બીજા મુલકમાં આશ્રય મળવો કંઈ સહેલો ન હતો. આ પારસીઓએ ગુજરાતની ખ્યાતિ ઠેઠ ઈરાનમાં સાંભળી હતી. તેમને વિશ્વાસ હતો કે, ગુજરાતમાં તેમને રક્ષણ મળશે જ.

સંજાણમાં તે વખતે એક જાદે રાણા નામના હિંદુ રાજાનું રાજ્ય હતું. પારસીઓએ તેના રાજ્યમાં રહેવાની રાણા પાસે રજા માંગી. રાણાએ કંઈ જવાબ ન આપ્યો. પણ જે માણસ સંદેશ લઈને આવ્યો હતો, તેને દૂધથી છલોછલ ભરેલો એક પ્યાલો આપી તેણે કહ્યું, 'તમારા વડાને આ આપજો.'

દૂધનો ભરેલો પ્યાલો જોઈ બધા પારસી વિચારમાં પડ્યા, 'દૂધના પ્યાલાનો શો અર્થ?' પારસીઓના વડાએ પ્યાલો હાથમાં લીધો. તેમાં તેણે ધીરે ધીરે થોડી સાકર નાંખી. દૂધ ઢળ્યા વગર સાકર તેમાં ભળી ગઈ, અને દૂધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે ગળ્યું થયું. એ ગળ્યા દૂધનો પ્યાલો તેણે રાણા પાસે પાછો મોકલ્યો.

રાણાએ પ્યાલો લીધો. દૂધ ચાખી જોયું. રાણો ખુશ થયો. પ્યાલા વાટે પોતાના પ્રશ્નનો ઉત્તર તેને મળી ગયો હતો. પારસીઓને સંજાણમાં આશરો મળ્યો.

રાણાને શો ઉત્તર મળ્યો? રાણાએ શું પૂછ્યું હશે? રાણાએ જ્યારે ભરેલો પ્યાલો મોકલ્યો, ત્યારે તેનો અર્થ એ હતો કે, 'પ્યાલાના દૂધ પેઠે, મારા રાજ્યમાં વસ્તી છલોછલ ભરી છે; તેમાં તમને કેવી રીતે સમાવું?' અને તેનો પારસીઓના વડાએ તે પ્યાલામાં સાકર ઉમેરીને જવાબ આપ્યો, 'દૂધમાં જેમ સાકર ભળી જાય છે તેમ, હે રાણા, અમે પારસીઓ તમારી વસ્તીમાં બરોબર ભળી જઈશું.'

અને કોણ કહી શકે કે, સંજાણના રાણાને પારસીઓના દસ્તૂરે આપેલો એ કોલ ખોટો હતો? સાચે જ, પારસીઓ આજે ગુજરાતના ગુજરાતી થઈને રહે છે, તેમણે ગુજરાતીને પોતાની માતૃભાષા કરી છે, અને તેઓ બીજા કોઈ પણ ગુજરાતીની જેમ વહાલથી ગુજરાતને ચાહે છે. ગુજરાત એમનું વહાલું વતન અને ગુજરાતી એમની પ્યારી ભાષા છે. એ ધર્મવીરોના વંશજોએ ગુજરાતને દીપાવ્યું છે. એ કોમમાંથી જ દાદાભાઈ નવરોજજી, જમશેદજી તાતા, ફિરોજશાહ મહેતા જેવા મહાન ગુજરાતીઓ પેદા થયા.

એ ધર્મવીરો ઈરાનથી પોતાનો પવિત્ર અગ્નિ લાવ્યા હતા. તે અગ્નિને પારસીઓ માનથી ઈરાનશાહ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદવાડાની અગિયારીમાં એ ઈરાનશાહ ચેતી રહ્યો છે. ઉદવાડા એ હિન્દભરના પારસીઓનું મોટામાં મોટું તીર્થ છે.

પારસીઓ ૧૩૦૦ વર્ષ પહેલાં દરિયા માર્ગે હિંદમાં આવ્યા. શરૂઆતમાં તેઓ થોડાં વર્ષ દીવ બંદરમાં વસેલા. પછી સંજાણ આવ્યા. તેમની રહેણીકરણી તથા સૂર્ય, અગ્નિ, સમુદ્ર, ગાય માટેની પૂજ્યબુદ્ધિ જોઈ જાદે રાણાએ તેમને આશ્રય આપ્યો. રાણાની માગણીથી મૂળ પારસીઓએ આ દેશની ભાષા સ્વીકારી તથા પોતાના રિવાજોમાં કેટલાક માફક સુધારા-વધારા કર્યા.

જાદે રાણાનું મૂળ નામ જયદેવ અથવા જાદવ હશે.

પાઠ ૩૦ મો : વાલિયો લૂંટારો

એક હતો લૂંટારો. એનું નામ વાલિયો. તે જંગલમાં રહે, ચોરી લૂંટ કરે. રમતાં રમતાં ખૂન કરી નાખે. એના જંગલમાંથી કોઈ સાજોસમો જાય નહિ. કોઈ લૂંટાયા વિના રહે નહિ.

વાલિયાને મોટું કુટુંબ હતું. એનાં માબાપ હતાં, બૈરી છોકરાં હતાં. એ બધાંને ખવડાવવું પિવડાવવું ઓઢાડવું તો જોઈએ ને? એટલે એ તો લૂંટનો ધંધો કરતો. જંગલમાંથી જતા રસ્તાની ધારે તે લપાઈ રહેતો અને રસ્તે નીકળે એને માર મારીને લૂંટી લેતો.

એક વખત વાલિયો એક ઝાડને ઓથે ભરાઈ ને બેઠો હતો. એટલામાં એક બ્રાહ્મણ ત્યાંથી નીકળ્યો. તેના એક હાથમાં તંબૂરો હતો અને બીજા હાથમાં કરતાલ હતી. એના શરીર ઉપર પીળું પીતાંબર હતું અને એના માથા ઉપર ઊભી શિખા હતી. એના મુખમાંથી નારાયણ નામની ધૂન ચાલે. બોલો એ કોણ હશે? એ હતા નારદ મુનિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિકાર હાથમાં આવેલો જાણીને વાલિયો તો કિકિયારી કરતો આગળ ધસી આવ્યો. એણે બૂમ પાડી, 'એ બામણા, મૂકી દે તંબૂરો નીચે અને દેખાડ તારી ઝોળી!'

નારદ મુનિએ બૂમ સાંભળી, પણ એ નિર્ભય મુનિવર ઉપર તેની શી અસર થાય! તે તો ધૂન ગાતા હતા તેમ ગાતા જ રહ્યા. સ્થિર ડગે ચાલતા હતા તેમ ચાલ્યા જ આવ્યા. નજીક આવતાં તેમણે દયાથી વાલિયા લૂંટારા સામે જોયું અને બે હાથ પસારી તેને આશીર્વાદ આપ્યાં.

લૂંટારાના અચંબાનો તો પાર ન રહ્યો. આજ સુધી અનેક વટેમાર્ગુ જોયા, પણ કોઈ આવો ન જોયો. બીજા સૌના તો બરાડા ભેગા જ હાંજા ગગડી જતા, અને મોટા ચમરબંધીઓ પણ તેની સામે રડી પડતા. આજે આ નવી જ જાતનો માણસ જોઈ વાલિયાના બૂમબરાડા થીજી ગયા, અને તે મૂઢની જેમ મુનિ તરફ જોઈ રહ્યો.

નારદ મુનિ એકાદ બે ક્ષણ થોભીને તેના પ્રત્યે બોલ્યા: 'ભાઈ! તારે આમ લૂંટ અને હિંસા કરવી યોગ્ય નથી.'

લૂંટારો બોલ્યો: 'આ તો મારો ધંધો છે. વનના વાઘ સિંહ શિકાર કરે, તેમ અમે વનના માણસો પણ લૂંટ કરીએ છીએ.'

નારદ મુનિ—'પણ ભાઈ, તું આ બધું પાપ કોને માટે કરે છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાલિયો—'મારાં બૈરાં છોકરાંને માટે.'

નારદ મુનિ—'શું તારાં બૈરાં છોકરાં તારા પાપમાં ભાગીદાર થશે?'

વાલિયો—'એ તો થાય જ ને? હું થોડો મારા એકલા સારુ આ ધંધો કરું છું?'

નારદ મુનિ—'પણ તેં એમને પૂછી જોયું છે?'

વાલિયો—'ના મહારાજ, પૂછ્યું તો નથી.'

નારદ મુનિ—'ત્યારે બાપુ, તું ઘેર જઈ પૂછી આવીશ? તું પાછો આવે ત્યાં સુધી હું અહીં જ ઊભો રહીશ.'

વાલિયો લૂંટારો તો દોડતો દોડતો ઘેર ઊપડ્યો.

જઈને પ્રથમ તેણે પોતાની માને પૂછ્યું: 'મા મા, હું લૂંટ અને હિંસા કરી તને ખવડાવું છું, તો મારા પાપમાં તું ભાગીદાર ખરી કે નહિ?'

મા—'પાપમાં હું ભાગીદાર શાની? તે તો કરે તે ભરે. હું કંઈ થોડી જ તને કહું છું કે તું પાપ કરીને કમાઈ લાવ!'

પછી તો તેણે એ જ પ્રમાણે પોતાના બાપને પૂછ્યું. તેમણેય તેવો જ જવાબ આપ્યો. સ્ત્રીને પૂછ્યું તો તેણે પણ તેવો જ જવાબ આપ્યો.

આથી વાલિયાનું મોઢું પડી ગયું. એ તો નારદ મુનિ પાસે આવીને રડી પડ્યો; એમને પગે પડીને કહેવા લાગ્યો: 'મહારાજ, હવે તો તમે મને બચાવો. મારાં સગાં તો સૌ ખાવાનાં જ સગાં છે. મારા પાપમાં કોઈ ભાગ લેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૈયાર નથી. હું એકલો આવડા મોટા પાપનો ઢગલો કેમ કરીને ઉપાડી શકીશ?'

પછી નારદ મુનિએ તેના ઉપર દયા કરી તેને રામનામનો મંત્ર આપ્યો અને કહ્યું: 'હું ફરીથી પાછો આવું ત્યાં સુધી આ પીપળાના ઝાડ નીચે બેસી આ મંત્રનો જપ કરજે. તેથી તારાં સર્વ પાપો બળી જશે.'

એમ કહી નારદ મુનિ તો ચાલ્યા ગયા. વાલિયો લૂંટારો પીપળા નીચે આસન જમાવી રામનામનો જપ કરવા લાગ્યો. વર્ષો સુધી તે ભક્તિમાં લીન રહ્યો. તેને શરીરનું પણ ભાન ન રહ્યું.

બહુ વર્ષે ફરી નારદ મુનિ એ જ રસ્તે થઈને નીકળ્યા. ત્યારે વાલિયાના શરીર ઉપર તો ઊધઈના મોટા વલ્મિક (રાફડા) બાઝેલા હતા!

નારદ મુનિ પ્રેમભર્યા સ્વરે બોલ્યા: 'હે વાલ્મિક મુનિ! ઊઠો.'

વાલિયો ઊઠ્યો, પણ હવે એ પહેલાંનો વાલિયો રહ્યો નહોતો. એના મોઢા ઉપર તો તેજ છવાયું હતું. રામનામના જપથી તેનાં પાપ બળી ગયાં હતાં. તે જ્ઞાની થયો હતો, અને તેની જીભે સરસ્વતી વસી હતી.

આ વાલ્મિક ઋષિએ જ પછીથી પાવનકારી રામાયણની કથા રચી.

પાવનકારી=પાવન–પવિત્ર કરનારી; પાપ ધોનારી.

રામાયણમાંથી વિદ્યાર્થીઓને પ્રસંગો સંભળાવો. રામાયણ એ હિંદ દેશનો અમૂલ્ય વારસો છે. તેનું સેવન ગળથૂથીમાંથી કરાવવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૧ મો : રામ-લખમણની જોડ



કાળિયો ને વળી ધોળિયો બન્ને સરખાસરખી જોડ;
ગાયને ઓદર અવતરી જાણે રામ-લખમણની જોડ. ૧
સાથે જ જૂતે ને સાથે જ છૂટે, સાથે જ જેની કોડ;
રાત ને દહાડો જોડે જડી મારી રામ-લખમણની જોડ. ૨
જોડાજોડ તે ચાર ચરે ને વાગોળે મોઢામોઢ;
હૈયાહૈયે હીંહોરે છે મારી રામ-લખમણની જોડ. ૩
સામસામાનાં ચાટતા ભાઠાં ખાંધનાં, ધારી કોડ;
સામસામા ખજવાળ કરે, મારી રામ-લખમણની જોડ. ૪
સુખની સોડમાં સૌએ ભળે, ઓલ્યા દુ:ખની દોહ્યલી સોડ;
ભીડની ભાગીદાર મોંઘી મારી રામ-લખમણની જોડ. ૫

જુગતરામ દવે

હીંહોરે = ભાંભરે.

ભીડની ભાગીદાર = સંકટ સમયે પણ સાથે રહી સંકટમાં ભાગ લેનાર સાથી.

બળદ વિષે કેટલીક માહિતી વિદ્યાર્થીઓને આપો :

૧. તેઓ કેટલું વજન ખેંચી શકે? ૨. તેઓ કેટલાં વર્ષ કામ આપે? ૩. તેમને કેટલો ખોરાક આપવો જોઈએ? ૪. તેમને કેટલી ઉંમરે કામમાં લેવાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૨ મો : મારા ક્યારાની નોંધ

કારતક સુદ ૧૫, મંગળ

ગુરુજીએ કહ્યું કે, શાળાના ચોગાનમાં વાડી કરવાની છે. તેમાં દરેક વિદ્યાર્થીને એક એક ક્યારો મળશે. તેમણે વાડીનો નકશો બતાવ્યો. તેમાં એક ક્યારા ઉપર મારું નામ પણ હતું.

પછી ગુરુજીએ નકશા પ્રમાણે માપ લઈ દોરીઓ બાંધી. તેમાં મારા ભાગનો ક્યારો શોધી મેં તેનો કબજો લીધો.

કારતક વદ ૨, ગુરુ

આજે છોકરાઓ ઘેરથી કોદાળી પાવડા લઈ આવ્યા છે. ભીમ જેવા હાથવાળા મારા મોટા મિત્ર ભીમસિંહે મારો ક્યારો ખોદી આપ્યો. મેં ઘાસનાં જડિયાં વીણી કાઢ્યાં અને ઢેફાં ફોડ્યાં.

કારતક વદ ૩, શુક્ર

ગુરુજીએ કહ્યું કે હવે વાડીને વાડ બનાવવાની છે. અમારા વર્ગના છોકરાઓ ઝરડાં લેવા ગયા. મોટા છોકરાઓ થાંભલીઓ કાપવા ગયા છે.

નવો કોસ આવ્યો. અમે તેને દિવેલ ચોપડ્યું.

કારતક વદ ૪, શનિ

કાલના જેવું જ કામ ચાલ્યું. હું વધારે ઝરડાં લાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારતક વદ ૬, સોમ

મોટા છોકરાઓએ ક્યારાઓ ફરતાં દરો ખોદ્યાં અને તેમાં થાંભલીઓ રોપી. ખાતરનું ગાડું આવ્યું. મેં મારા ક્યારામાં બે ટોપલા ખાતર પૂર્યું.

સુતાર આવ્યો છે. કૂવા પર ચાકડો સુકાય છે.

કારતક વદ ૭, મંગળ

થાંભલીઓ સાથે વાંસ બાંધ્યા, અને તેની સાથે ઝરડાં બાંધ્યાં. હું પણ ઝરડાં બાંધવા લાગ્યો.

કારતક વદ ૮, બુધ

આજે પણ વાડનું કામ ચાલ્યું.

સરસ મજબૂત વાડ થઈ ગઈ છે.

સૌએ પોતપોતાના ક્યારા પર નામનાં પાટિયાં ખોડ્યાં. મેં પણ ખોડ્યું.

કારતક વદ ૯, ગુરુ

મોટા મોટા ભાઈઓ પાવડા લઈને નીકળી પડ્યા. ક્યારાઓની વચ્ચે તેમણે ઢાળિયા બનાવવા માંડ્યા.

કારતક વદ ૧૧, શનિ

આખી વાડીના ઢાળિયા થઈ ગયા છે. આવતા સોમવારે સૌને બી વહેંચાશે, એમ ગુરુજીએ જાહેર કર્યું. સોમવારે કોસ પણ જોડવાના છે.

કારતક વદ ૧૩, સોમ

આજે અમારો ઓરણીનો દિવસ છે. ગુરુજી જાત જાતની ભાજીનાં બી લાવ્યા છે. મેથી, ધાણા, રાઈ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજગરો, પાલખ, લૂણી, તાંદળજો. વિદ્યાર્થીઓને જુદાં જુદાં બી વહેંચ્યાં.

અમારી હારના બધા છોકરાઓને મેથીનાં બી મળ્યાં. સામી હારવાળાને પાલખનાં બી મળ્યાં.

મારા ક્યારામાં મેં મેથી ઓરી. પાટિયું ફેરવી બી જરાક ઢાંકી દીધાં.

બધા ઓરી રહ્યા એટલે કોસ ચાલુ થયો. નવા નવા ધોરિયામાં પાણી આવવા લાગ્યું.

એક પછી એક ક્યારામાં પાણી વાળવા લાગ્યા. મારા ક્યારાનો વારો આવ્યો, એટલે તેમાં મેં જાતે પાણી વાળ્યું.

માગશર સુદ ૧, બુધ

આજે જરા જરા કોંટા ફૂટયા છે. જમીન ફોડીને નવા અંકુરો માથાં કાઢવા મંડયા છે! આજે ક્યારામાં પાણી લીધું.

માગશર સુદ ૨, ગુરુ

આજે તો દરેક અંકુરને બબ્બે પાંદડાં આવ્યાં છે. બધા ક્યારાઓમાં તેમ જ છે.

માગશર સુદ ૩, શુક્ર

ક્યારામાં પાણી લીધું.

માગશર સુદ ૬, સોમ

ક્યારામાં ફરીથી પાણી લીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગશર સુદ ૭, મંગળ

ક્યારામાં નકામું ખડ ઊગ્યું હતું તે નીંદી કાઢ્યું. મારી મેથી જોસબંધ વધી રહી છે. બધા ક્યારાની બધી ભાજીઓ સરસ વધે છે. વાડી લીલી લીલી લાગે છે.

---

૧. વિદ્યાર્થીઓને ગામની વાડીઓનો પરિચય કરાવો. તેમને નહેરો વિષે માહિતી આપો અને નજીકમાં હોય તો બતાવો.

૨. પાણીનો હિસાબ કાઢી બતાવો: ૧. કોસમાં કેટલું પાણી માય છે? ૨. દિવસમાં કેટલા કોસ નીકળ્યા? ૩. કુલ ક્યારા અને કુલ પાણી. ૪. દરેક ક્યારાને ભાગે કેટલું પાણી આવ્યું?

૩. વિદ્યાર્થીઓ પોતાના ઘરની ખેતીની આવી નોંધ રાખે એમ તેમને પ્રેરો.

પાઠ ૩૩ મો: ઈસપની બોધકથાઓ

૧. ગંજીનો કૂતરો

એક કૂતરો ઘાસની ગંજી ઉપર રહેતો હતો. ગંજી પાસે કોઈ પણ ઢોર આવે તો તે કૂતરો ભસીને તેને કાઢી મૂકતો.



એક વાર એક ભૂખી ગાય તે ગંજી જોઈ ત્યાં ઘાસ ખાવા આવી. કૂતરો પોતાની ટેવ પ્રમાણે તેની સામે તડીને ભસવા લાગ્યો.

ગાય કરગરીને બોલી: 'અરે, ભલા કૂતરા, હું ઘણી ભૂખી થઈ છું. મને એકાદ પૂળો ઘાસ ખાવા દે તો તારી મહેરબાની.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કૂતરો તો વધારે ને વધારે ભસવા લાગ્યો અને ગાય ગંજી પર મોં નાખવા ગઈ કે તે તો તેને કરડવા ધસ્યો.

ગાય નિરાશ થઈને પાછી ફરી. પાછી ફરતાં તે બોલી: 'ધિક્કાર છે તને, ઓ અદેખા કૂતરા! આ ઘાસ તારા ખાવાના ખપમાં આવતું હોત અને તું મને હાંકી મૂકતો હોત તો કંઈક ઠીક. તે તારા કામનું નથી, છતાં તું મને ભૂખીને ખાવા દેતો નથી, એમાં તારા હાથમાં શું આવે છે?'

૨. 'દ્રાક્ષ ખાટી છે.'

એક શિયાળ ભૂખ્યું થવાથી ફરતું ફરતું કોઈની વાડીમાં ભરાયું. વાડીમાં દ્રાક્ષનો માંડવો હતો. તેના

ઉપર દ્રાક્ષની સુંદર લૂમો લટકતી હતી. તે જોઈ શિયાળના મોંમાં પાણી છૂટ્યું.

તેણે માંડવા નીચે જઈ લૂમ લેવા કૂદકો માર્યો. પણ તે ઊંચી હોવાથી શિયાળ પહોંચી શક્યું નહિ. તેણે બીજી વાર વધારે જોરથી કૂદકો માર્યો, ત્રીજી વાર માર્યો, ચોથી વાર માર્યો. એમ જોર કરી કરી ઘણી વાર કૂદકા માર્યા. પણ ચતુર માળીએ માંડવો શિયાળવાંની પહોંચ કરતાં વધારે ઊંચો કર્યો હતો.

છેવટે શિયાળ ભોંઠું પડીને ત્યાંથી જવા લાગ્યું. પણ તેની આંખ તો પેલી લૂમ ઉપર જ ઠરેલી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં પોતાની ફજેતી ઢાંકવા મોઢેથી તો તેણે કહ્યું: 'છી છી, આ દ્રાક્ષ ખાટી છે. આવી ખાટી દ્રાક્ષ તે કોને ભાવે?'

૩. 'તું નહિ તો તારો બાપ.'

એક બકરીનું બચ્ચું નદી પર પાણી પીતું હતું. તેવામાં તેની ઉપરની બાજુએ જંગલમાંથી એક વરુ પાણી પીવા આવી પહોંચ્યો.



બકરીના બચ્ચાને જોઈ વરુના મોંમાં પાણી છૂટચું. પણ તેના ઉપર તરાપ મારવા માટે કંઈક બહાનું તો કાઢવું જોઈએ ને?

વરુએ તેની સાથે ઝઘડો માંડચો: 'અલ્યા એ બકરીના બચ્ચા, મારું પાણી ડહોળાય છે તે જોતું નથી? તારું મોત આવ્યું છે કે શું?'

ગરીબ બકરીનું બચ્ચું નમીને બોલ્યું, 'અરે સાહેબ, તમે વહેણની ઉપરવાસ છો અને હું નીચેની બાજુએ છું. એટલે તમારું ડહોળેલું પાણી ઊલટું મારી તરફ આવે છે.'

તેની વાત સાચી હતી. છતાં તકરારી વરુ ઘૂરક્યો: 'ઝાઝી લાયરી ન કર. છ મહિના પહેલાં ગાળ દઈને નાસી ગયું હતું તે જ તું કે-બીજું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બકરીનું બચ્ચું બોલ્યું, 'અરે બાપા, હું તો હજુ ત્રણ જ મહિનાનું થયું છું; છ મહિના ઉપર તમને ગાળ દેવા હું ક્યાંથી આવ્યું હોઉં?'

વરુ બોલ્યો: 'ચૂપ કર. ગાળ દેનાર તું નહિ તો તારો બાપ હશે.' એમ કહી તેણે તે ગરીબ બકરીના બચ્ચા ઉપર છલંગ મારી તેને ફાડી ખાધું.

૪. ફૂલણજી કાગડો

એક ભૂખ્યું શિયાળ કંઈક શિકારની શોધમાં વગડામાં ફરતું હતું. તેવામાં નજીકના ગામમાંથી એક કાગડો ઊડતો આવ્યો અને એક ઝાડ ઉપર બેઠો. તેની ચાંચમાં માંસનો ટુકડો હતો.



શિયાળે મનમાં વિચાર્યું, કંઈ પણ યુક્તિ કરીને આ કાગડાની ચાંચમાંનો માંસનો ટુકડો પડાવવો જોઈએ.

પછી તેણે ઝાડ નીચે જઈ કાગડાનાં વખાણ કરવા માંડ્યાં: 'સલામ, કાગડા સાહેબ, તમને. વાહ! ઈશ્વરે શું રૂપ તમને આપ્યું છે! શો રૂપાળો તમારો રંગ છે! કેવાં કોમળ તમારાં પીંછાં!'

પોતાનાં વખાણ સાંભળી કાગડો ફુલાયો અને નાચવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિયાળે તેને વધારે ફુલાવ્યો: 'વાહ રે વાહ, કાગડાજી, જેવું તમારું રૂપ તેવો જ તમારો નાચ પણ સુંદર છે. ખરેખર, તમારો રાગ તો વળી ઓર જ મધુર હશે!'

બેવકૂફ કાગડો આ સાંભળી એટલો બધો તાનમાં આવી ગયો કે, તે ચાંચમાંના માંસના ટુકડાનું ભાન ભૂલી ગયો, અને ચાંચ પહોળી કરી કા કા કા કરી ગાઈ સંભળાવવા લાગ્યો!

એટલે તેની ચાંચમાંથી માંસનો ટુકડો નીચે પડી ગયો. તરત જ ભૂખ્યા શિયાળે તેને પડતો જ મોંમાં ઝીલી લીધો, અને મનમાં હસતું હસતું તે ત્યાંથી ચૂપચાપ પલાયન કરી ગયું.

ફૂલણજી કાગડાનું તાન ઊતર્યું ત્યારે તેને ભાન આવ્યું કે, ઝાડ નીચે શિયાળ નથી અને પોતાની ચાંચમાં માંસનો ટુકડો પણ નથી!

૫. રૂપાળાં શિંગડાં



એક હરણ નદીમાં ઊભો રહી પાણી પીતો હતો. નદીના પાણીમાં તેના શરીરની છાયા પડતી હતી, તે તરફ તેની નજર ગઈ. તે કહેવા લાગ્યો, 'વાહ, પરમેશ્વરે મને કેવાં ખૂબસૂરત શિંગડાં આપ્યાં છે! રાજાના માથા ઉપર મુગટ શોભે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ તે મારા માથા ઉપર શોભે છે. પણ અરેરે, તેણે મને પગ કેટલા પાતળા અને કદરૂપા આપ્યા છે! ખરેખર, આ ભૂંડા પગથી તો હું લાજી મરું છું.'

હરણ આવા વિચારો કરતો હતો એવામાં શિકારી કૂતરાઓ તેના ઉપર ધસી આવતા તેણે જોયા. તે જીવ લઈને જંગલની ઝાડીમાં નાઠો. તેના ભૂંડા દેખાતા પાતળા પગ તેને ખરે વખતે ખપ લાગ્યા. પણ એટલામાં તો તેનાં પાંખડાંવાળાં ખૂબસૂરત શિંગડાં ઝાડીમાં ભરાઈ ગયાં. તેમને કાઢવા તે બહુ મથ્યો, પણ તે કેમે નીકળ્યાં જ નહિ અને થોડી વારમાં તે શિકારી કૂતરાઓનો ભોગ થઈ પડ્યો.

મરતાં મરતાં તે બોલ્યો, 'અરેરે, જે પગ મને નકામા અને લજામણા લાગતા હતા, તેમણે તો મને બચાવવા ઘણું કર્યું. પણ જે શિંગડાં માટે મેં અભિમાન કરેલું, તેમણે જ મારો ઘાત કરાવ્યો!'

ઈસપ: તે ૨,૫૦૦ વર્ષ પૂર્વે થઈ ગયો. તે ફ્રિજ્યા દેશ (હાલના 'એશિયા માઈનોર'નો પશ્ચિમ ભાગ)નો એક ગરીબ માણસ હતો. નાનપણમાં તે બકરાં ચારતો. પાછળથી તે ગ્રીસ દેશમાં અનેક સદ્‌ગૃહસ્થોને ત્યાં ગુલામ તરીકે રહ્યો હતો. તે વાતવાતમાં પશુપંખી ઉપરથી ઘણી જ માર્મિક વાતો રચીને કહેતો. તેથી પ્રસન્ન થઈ તેના છેલ્લા માલિકે તેને મુક્ત કર્યો. બીજી તરફથી તેની માર્મિક ટીકાઓ સાંભળી કોઈ કોઈ લોકોને ઝાળ પણ લાગતી. એક વાર ઈસપ ડેલ્ફીના રાજાની નોકરીમાં હતો ત્યારે, તેવા કેટલાક બળેલા લોકોએ તેના સરસામાનમાં રાજાનો સોનાનો થાળ છાનોમાનો મૂકી તેની ઉપર ચોરીનું તહોમત મૂક્યું. ચોરી સાબિત થવાથી ઈસપને કરાડ પરથી ફેંકીને મારી નાખવાની સજા કરવામાં આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રીસના લોકોએ ઈસપના મરણ પછી તેની કદર કરી, અને દેશના એક મહાન જ્ઞાની તરીકે તેની પ્રતિમા સ્થાપન કરી.

ઈસપની આટલી બોધકથાઓ વાનગીરૂપે આપી છે. શિક્ષકો વધારે કથાઓ વિદ્યાર્થીઓને ઈસપનીતિના પુસ્તકમાંથી કહે.

પાઠ ૩૪ મો : સેવાભાવી તેલપૂરો

કનુ કાંતવાની કળામાં ઉસ્તાદ છે. તેલ ઊંજ્યા વિના કાંતવું અને ઊંજીને કાંતવું એ બેમાં કેટલો ફેર છે, એ તે બરાબર જાણે છે. રેંટિયે બેસે, ત્રાક અને માળ ચડાવે કે તરત તેનો હાથ તેલકૂપી તરફ વળે છે. ટીપું ટીપું તેલ બે ચમરખાંમાં મૂકે અને ટીપું ટીપું ચક્રની ધરીના બે છેડા પર મૂકે, તે પછી જ તેનો હાથ પૂણી પકડે છે.

હમણાં જ એક દિવસ શાળામાં શિક્ષકે 'ઘર્ષણ' ઉપર પાઠ આપ્યો. તેમાં કનુના નાના મગજને વિચાર કરવાનો ઠીક ઠીક ખોરાક મળ્યો.

'ઘર્ષણમાં તેલ પૂરો. તેમાં કદી ગફલત ન કરો.

'કોઈ પણ યંત્રમાં ક્યાંક ને ક્યાંક તો ઘર્ષણ થાય છે જ. ઘર્ષણથી ઘણી જાતનાં નુકસાન થાય છે. યંત્રની ઝડપ ઓછી થઈ જાય છે, તે ચલાવતાં જોર વધુ પડે છે, કર્કશ અવાજ નીકળે છે, અને ઘર્ષણવાળા ભાગો ઘસાઈ ઘસાઈને જલદી નકામા થઈ જાય છે.

'આવું નુકસાન ન થાય તે માટે ઘર્ષણની જગ્યાએ તેલ દિવેલ જેવો ચીકણો પદાર્થ પૂરવાની ખાસ જરૂર છે.'

આટલું સમજાવ્યા પછી શિક્ષકે કહ્યું : 'યંત્રો એટલે કંઈ મોટાં એંજિનો અને મોટર-ગાડીઓ જ ન સમજશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાં રેંટિયો અને ઘંટી ફરે છે તેય એક જાતનાં યંત્ર જ છે. કૂવે ગરેડી હોય છે તેયે એક જાતનું યંત્ર છે. ખેતી-વાડીમાં કોસ, હળ, ગાડાં હોય છે તે પણ યંત્રો જ છે. આ બધાંને આપણે યંત્રો કહેતા નથી, પણ ઓજારો કહીએ છીએ. નાનાં મોટાં બધાં જ યંત્રોમાં ઘર્ષણ આવે જ. અને ડાહ્યા યાંત્રિકો તે તે જગ્યાએ તેલ પૂરવામાં કદી ગફલત કરતા નથી.



'બહુ ઝડપથી ફરતાં યંત્રોમાં તો તેલ પૂરનારા ખાસ માણસો જ રાખવા પડે છે. તેમને આખો દિવસ સંચામાં તેલ પૂર્યાં કરવાનું હોય છે.'

છોકરાઓ બોલી ઊઠ્યા: 'હાજી, રેલગાડીના એન્જિનમાં અમે તેવું જોયું છે. એક માણસ હાથમાં તેલનો મોટો કૂપો લઈ એન્જિનની ચારે તરફ ફરે છે, અને તેલ પૂર્યાં કરે છે.'

છોકરાઓની આંખો આ પાઠ શીખ્યા પછી બદલાઈ જ ગઈ. તેમની આંખો ચારે તરફ યંત્રોની શોધ કરવા લાગી, અને તેને ચલાવનારે તેમાં તેલ પૂર્યું છે કે નહિ તે તપાસવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કનુ તો હવે ઘણી વાર હાથમાં તેલની કૂપી લઈને જતો જોવામાં આવે છે.

જાહેર કૂવાની ગરેડીઓમાં રોજ એક વાર તેલ પૂરી આવવાનો તેણે નિયમ કર્યો છે.



એ તો સૌનું કામ. તે કાળજી રાખીને કોણ કરે? કોણ દિવેલની કૂપી લાવે? કોણ તેને સાચવે? અને કોણ ચીવટ રાખીને ઊંજે? સૌનું કામ તે કોઈનું કામ નહિ!

તેલ ન પૂરવાથી ગરેડીઓ કેવો ભૂંડો અવાજ કરે છે! કેમ જાણે પાણી ભરનારીઓ સાથે તેઓ તકરાર ન કરતી હોય! ધરીઓ કેટલી બધી ઘસાઈ ગઈ છે! તેમાં ખાંચ પડી ગઈ છે અને તે ખાંચમાં ગરેડી ભરાય છે. પાંચ શેર પાણી ખેંચતાં એક મણ ખેંચવા જેટલી મહેનત પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડોશીના કોસનો ચાકળો કચૂડ કચૂડ બોલે છે. કનુ ત્યાં પણ દિવેલની કૂપી લઈને પહોંચે છે. કોસ ઊભો રખાવીને ચાકળામાં દિવેલ ઊંજે છે. તેથી બળદનો ભાર કેટલો બધો હળવો થઈ જાય છે !

પડોશની એક વાડીમાં રેંટ ફરે છે. ત્યાં પણ કનુ દિવેલ ઊંજવા જઈ પહોંચે છે, અને ચારે તરફ ફરીને ઘર્ષણની જગ્યાઓ ઊંજી વળે છે. રેંટ વાડીવાળાના મજૂરો ચલાવે છે. તેમને ઊંજવાની દરકાર નથી. કનુ જ્યારે જ્યારે જઈને તપાસ કરે, ત્યારે ઊંજવાનું રહી જ ગયું હોય.

કનુને ગાડામાં બેસવાનો પ્રસંગ આવે છે તો, તેલ ઊંજ્યું કે નહિ તેની પૂછપરછ કર્યા વિના તે ગાડા ઉપર ચડતો નથી.

શાળામાં વિદ્યાર્થીઓનો કાંતણ-વર્ગ ચાલે છે ત્યારે પણ કનુ તેલકૂપી લઈને ફરી વળે છે. ઘણા રેંટિયા વગર ઊંજેલા પકડાય છે; વીસથી ચાળીસ ટકા તો ખરા જ.

કોઈ કોઈ છોકરા કનુને કહે છે, 'કનુભાઈ, નકામા તસ્દી શું કામ લો છો? ભલે અમારો રેંટિયો ભારે ફરે. અમે શું રેંજીપેંજી છીએ કે આવડો રેંટિયો ચલાવતાં અમારા હાથ થાકી જશે? અમે તો, કહો તો, મોટા સંધાડા ચલાવીએ, સંધાડા !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાઓએ કનુનું નામ 'સેવાભાવી તેલપૂરો' પાડ્યું છે. પણ હવે તેઓમાં ઊંજવાની બેદરકારી ઘણી ઘટી ગઈ છે.

યાંત્રિક = યંત્ર ચલાવનાર.

સેવાભાવી = બીજાની સેવા કરવાના ભાવથી કામ કરનારો.

તેલપૂરો = તેલ પૂરવાનું કામ કરનાર.

રેંટિયો ચલાવનાર વિદ્યાર્થીઓને યંત્રના બીજા સિદ્ધાંતો પણ શીખવવા જોઈએ. તે માટે 'ખાદીવિદ્યાપ્રવેશિકા' શિક્ષકને ઘણી ઉપયોગી થઈ પડશે.

પાઠ ૩૫ મો : દાદા બાપુનું ગામ

સોનલાં સવાર સાંજ, રૂપલા બપોરિયા,
રાતલડી રળિયાત,
હો દાદા બાપુનું નાનકડું ગામ. ૧

લીલાછમ લીંબડા ને શીળી એની છાંયડી,
હીંચકાઓ ભલી ભાત;
હો દાદા બાપુનું નાનકડું ગામ. ૨

ટહુકારે મોરલા ને કૂજે છે કોકિલા,
ગરબા ગાજે છે મધરાત;
હો દાદા બાપુનું નાનકડું ગામ. ૩

પાધર પાણિયારીઓ ભરે જળ-બેડલાં,
આંગળીએ બાળકીય સાથ;
હો દાદા બાપુનું નાનકડું ગામ. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફળિયે ફળિયે તે કાંઈ ગુંજે છે રેંટિયા,
ઘંટીઓના ઘેરેઘેર ઘોર;
હો દાદા બાપુનું નાનકડું ગામ. ૫
ગાડેડુ ગાય, વળી લલકારે કોસિયા,
જબરાં છે છાતીઓનાં જોર;
હો દાદા બાપુનું નાનકડું ગામ. ૬
ગોરા જહીં ગોરિયા ને ગોરી તે ગાવડી,
દૂધ અને છાશની છે છોળ;
હો દાદા બાપુનું નાનકડું ગામ. ૭
દાદા બાપુજી તપે સૂરજ-સોહામણા,
પ્રાણો ભરે છે આઠ પહોર;
હો દાદા બાપુનું નાનકડું ગામ. ૮

દેશળજી પરમાર

ગાડેડુ = ગાડાનો હાંકેડુ ગોરિયા = ગોરા ગોરા બળદ
સૂરજ-સોહામણા = સૂરજ સમા શોભાયમાન

પાઠ ૩૬ મો : સેવાગ્રામ

ગાંધીજીએ, હાલ પોતે જે ગામડામાં રહે છે, તેનું નામ પાડ્યું છે સેવાગ્રામ. પહેલાં એને લોકો સેગાંવ કહેતા. સેગાંવ નાનકડું અને કંગાલ ગામડું હતું. ત્યાં જવાને રસ્તો સરખો પણ ન હતો, એમ કહીએ તો ચાલે. ચોમાસામાં તો વર્ધાથી સેગાંવ સીધા જવાય જ નહિ, એટલો કાદવ વાટમાં હોય. એટલે ટેકરીઓની બાજુ બાજુએ ચંદ્રાકાર માર્ગ લઈ સેગાંવ જવું પડતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેગાંવમાં મોટે ભાગે હરિજનો જ વસે છે. ત્યાંનાં હવાપાણી સારાં નહિ. લોકો માંદા પડે. ટાઢિયો તાવ અને મુદ્દતિયો તાવ અને મરકી વખતોવખત દર્શન દે. ખેતરોમાં જાત જાતના સાપ પણ ખરા જ.

આ સેગાંવ શ્રી. જમનાલાલજી બજાજનું ગામ ગણાય છે. તે ગામના એ જમીનદાર હતા.

આવા સેગાંવને પોતાનું ગામ બનાવી, ગાંધીજી માટીની બનાવેલી એક ઝૂંપડીમાં રહેવા લાગ્યા, અને ગામની સેવા કેમ કરવી એનું જ રાતદિવસ ચિંતન કરવા લાગ્યા.

ધીમે ધીમે સેગાંવ વધ્યું અને એ સેવાગ્રામ કહેવાયું.

ગાંધીજી ત્યાં જઈને રહ્યા એટલે શ્રી. જમનાલાલજીને ત્યાંની આવકના પૈસા પોતાને લેવાનું મન શી રીતે થાય? એમણે ગાંધીજીને કહ્યું, 'આ ગામની આવકના પૈસા મેં આપને આપ્યા. તેનો આ ગામના ભલા ખાતર આપને ઠીક લાગે તે ઉપયોગ આપ કરો.' ગાંધીજીએ ગ્રામસેવાનું મંડળ સ્થાપી એને તે કામ સોંપ્યું.

હવે સેવાગ્રામથી વર્ધા સુધી એક સુંદર રસ્તો થઈ ગયો છે. ગાંધીજીના વાસથી એ રસ્તાનું મહત્ત્વ ખૂબ જ વધી ગયું છે. દુનિયાભરના લોકો—આપણા દેશના જ નહિ, પણ ચારે ખંડના લોકો—મહાત્માજીને મળવા તે રસ્તે થઈને જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે સેવાગ્રામમાં ટપાલ અને ટેલિફોનની પણ સગવડ થઈ છે. વાઇસરૉયને જો ગાંધીજીને કંઈ કહેવું હોય, તો એક મિનિટમાં તે કહી શકે છે. તેથી જ લોકો કહે છે કે, હિંદુસ્તાનની હવે બે રાજધાનીઓ છે—એક દિલ્હી અને બીજી સેવાગ્રામ. દિલ્હીમાં બાદશાહી મહેલાતો છે અને સેવાગ્રામમાં ગરીબોની ઝૂંપડીઓ છે.

હવે સેવાગ્રામમાં ઉદ્યોગધંધા વધ્યા છે. ગામના હરિજનો અને બીજા લોકો સૂતર કાંતે છે, વણે છે, ગાયો પાળે છે. લોકોની સુખાકારી પણ વધી છે. સેવાની શરૂઆત ગાંધીજીએ માંદાંની માવજતથી કરી હતી.

સેવાગ્રામની વસ્તી પણ હવે વધી છે. ત્યાં ખાદી વિદ્યાલય નીકળ્યું છે. સુંદર ગૌશાળા ચાલે છે. વળી ત્યાં હિંદુસ્તાની તાલીમી સંઘ કરીને એક સંસ્થા પણ ચાલે છે. ગામડાંની કેળવણી કેમ સુધારવી અને ઉદ્યોગો મારફત બધી કેળવણી કેમ આપવી, એના પ્રયોગો તે કરે છે.

ગાંધીજીને એક દિવસ પણ સેવાગ્રામથી દૂર જવું ગમતું નથી. વર્ધા પણ તેઓ ભાગ્યે જ જાય છે.

પાંચ વર્ષ પહેલાં આ ગામને કોઈ જાણતું નહિ. વર્ધા એટલું નજીક, છતાં ત્યાં પણ તેને કોઈક જ જાણતું હશે. આજે આખી દુનિયા સેવાગ્રામનું નામ જાણે છે. ગાંધીજી સેવાગ્રામને ચાહે છે, સેવાગ્રામની સેવા કરે છે, તેથી જ સેવાગ્રામ આટલું સુધર્યું, સુખી થયું, અને પ્રસિદ્ધ થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી દિલથી ઇચ્છે છે કે, આપણે બધા શહેરમાં વસવાનો મોહ ઓછો કરી ગામડામાં વસીએ અને હિંદુસ્તાનનાં ખંડેર-ગામડાંને હસતાં કરીએ.

ચંદ્રાકાર = બીજના ચંદ્ર જેવો વંકાયેલો.

ટાઢિયો તાવ = મલેરિયા — તે ટાઢ ચડીને આવે છે માટે.

મુદતિયો તાવ = ટાઇફૉઈડ, તે, ૭, ૧૪, ૨૧, ૪૨ એવા દિવસોની મુદતનો હોય છે માટે.

મરકી = પ્લેગ.

૧. ગાંધીજીની પ્રેરણાથી આખા દેશમાં અનેક નાના મોટા સુશિક્ષિત દેશસેવકો ગામડાંમાં જઈ વસ્યા છે. આપણા ગુજરાતમાં પણ કરાડી, વેડછી, થામણા, સુનસર, આંબલા, તરવડા, વગેરે ગામોમાં તેવા સેવકો વસ્યા છે.

૨. 'મારું ગામડું' નામના પુસ્તકમાં ગ્રામસેવક બબલભાઈએ પોતાની ગ્રામસેવાનું ઘણું જ સરસ અને બોધક વર્ણન કર્યું છે. તેમાંથી વિદ્યાર્થીઓને વાનગી પીરસો.

પાઠ ૩૭ મો : ગંદી ટેવો

એક વાર જીવણભાઈ પોતાનાં બાળકોને લઈ પ્રવાસે નીકળ્યા. બધાં આગગાડીમાં બેઠાં. એમની બાજુમાં જ બીજા ચાર પાંચ મુસાફરો બેઠા હતા. આ મુસાફરોને બહુ ગંદી ટેવો હતી. શેરડી અને સંતરાં ખાતા જાય અને ડબ્બામાં જ કૂચા અને છાલ નાંખે. થૂંક કે ગળફો કાઢવો હોય ત્યારે ડબ્બામાં જ કાઢે! નાક ત્યાં જ નસીકે અને પછી પાટિયા પર આંગળાં લૂછે. એક ભાઈ તો પાન ખાઈ ડબામાં જ પિચકારીઓ મારે. કોઈએ ચવાણું ખાધું હશે તેના કાગળ ડબ્બામાં જ પડચા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાધા પછી બધા બીડી પીવા લાગ્યા. એટલે ડબ્બામાં બધે ધુમાડો ધુમાડો થઈ રહ્યો. એકનો ધુમાડો નાના કનુના મોં પર જ છૂટતો હતો. આથી કનુને બહુ સૂગ ચડી. એણે પિતાજીને કાનમાં કહ્યું, 'આ ભાઈને સમજાવો ને. મારાથી ધુમાડો ખમાતો નથી અને ગંદકી જોઈ જતી નથી.'

જીવણભાઈએ મુસાફરોને વીનવવા માંડયાં. એમણે કહ્યું, 'ભાઈઓ, ગંદકી કરવી ઠીક નથી. ડબ્બો આપણું કામચલાઉ ઘર કહેવાય. એને ઓરડા જેવો સાફ રાખવો જોઈએ. છોતરાં બારી બહાર નાંખો. થૂંકવું પડે ત્યારે બહાર થૂંકો. બીડીનો ધુમાડો બહાર કાઢો. નાક નસીકેલાં આંગળાં ભીંતે કે પહેરેલાં કપડાં વડે ન લૂછો. ગજવામાં એક નાનો રૂમાલ રાખી તે વડે સાફ કરો.'

પણ મુસાફરોએ આ વાત માની નહિ. એક કહે, 'હવે બહુ ડાહ્યા ન થાઓ. તમારે ઘેર આવીએ ત્યારે આમ ન કરવા દેશો. આ કાંઈ તમારું ઘર નથી. અમે ભાડું ભરીને બેઠા છીએ.'

આથી કનુ બહુ અકળાયો. હવે શું કરવું ? છેવટે તેને એક વિચાર સૂઝ્યો. એ બોલ્યો, 'પિતાજી, તમે રજા આપો તો અમે બધાં છોકરાં મળી ડબ્બાને સાફ કરી નાખીએ.'

જીવણભાઈએ રજા આપી. બધાં છોકરાં છાલછોતરાં, કૂચા ડૂચા વગેરે ઉપાડવા લાગ્યાં. થૂંક ગળફા પડેલા તે જગાઓ પણ તેમણે કાગળથી લૂછી સાફ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા મુસાફરો આ જોઈ અચરજ પામ્યા. તેમાંના બે જણ પલળ્યા. તેઓ કહે, 'હવે રહેવા દો. અમને શરમાવો નહિ. હવે અમે બહાર નાંખીશું.'

પણ એક કહે, 'અરે, આ તો ધતિંગ છે! જોઈએ તો ખરા, ક્યાં સુધી સાફ કરે છે!'

એમ કહી સાફ કરેલા એક ખૂણામાં એ થૂંક્યો.

જીવણભાઈ આ જોઈ શાંતિથી ઊઠ્યા અને તેમણે કાગળથી ખૂણો સાફ કરી નાંખ્યો. ત્યાં તો એ ફરી થૂંકવા જતો હતો. જીવણભાઈએ તરત જ પોતાની હથેળી તેની સામે ધરી. એ ભાઈ શરમાઈ ગયો.



જીવણભાઈએ કહ્યું, 'ભાઈ, અમે તમને શરમાવવા માગતા નથી. આ તો આપણી બૂરી આદત છે. એ એટલી ઊંડી પેઠી છે કે, એમાં શું ખોટું છે તે જ આપણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાતું નથી. હું જાણું છું કે, લોકો પોતાના ઘરમાંય આમ જ કરે છે. પછી પરદેશીઓ આપણને ઉકરડામાં રાચનાર જાનવરો કહે, તો એમનો વાંક કઢાય?

'આપણે અહીં આવીને બેઠા હતા ત્યારે ડબો કેવો સાફસૂથરો હતો? આ કચરો અંદર નાંખવાને બદલે જો આપણે બહાર નાંખ્યો હોત, તો શું વધારે તકલીફ પડવાની હતી? જાણે સ્વચ્છતાની સૂગ હોય એમ, આપણે હાથે કરીને બધું ગંદું ગંદું કરીને તેની અંદર બેસીએ છીએ. કેળાની છાલ ઉપર પગ લપસવાથી કોઈ બાળક પડે તો, ત્યાં મરવા ગયો હતો, એમ કહી તેને મારીએ પણ છીએ. પણ કેળાની છાલ રસ્તામાં ન નાખવાનું આપણને સૂઝતું નથી. આ બધું કેવું કહેવાય?

'આવી ટેવોને લીધે આપણે સ્વમાન ખોઈ બેસીએ છીએ, અને બીજા આપણને હલકા ગણી દૂર રાખે છે.

'ગંદવાડમાંથી કોઈ વાર કેટલા ભયાનક રોગો ફાટે છે, એની વાત તો અત્યારે તમારી આગળ શું કરું?

'હવે આ ગંદી ટેવો આપણે કાઢયે જ છૂટકો છે.'

તે પછી કોઈએ ડબો ગંદો કર્યો નહિ અને સૌએ સુખમાં મુસાફરી કરી.

શાળા, બાગ, તળાવ, ક્રીડાંગણ, ધર્મશાળા, મંદિર, મસ્જિદ, રસ્તાઓ, વગેરે સાર્વજનિક સ્થળોમાં કદી કચરો ન ફેંકવો, કોઈ અણસમજુ લોકોએ ગંદકી કરી હોય તો તે ઉપાડી યોગ્ય ઠેકાણે નાખવી, એવી ટેવ વિદ્યાર્થીઓના હાડમાં ઉતારવાનો પ્રયત્ન શાળામાં થવો જોઈએ. વખતોવખત સાર્વજનિક સ્થાનોની સફાઈના કાર્યક્રમો રાખવા, એ તેનો સારામાં સારો ઉપાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૮ મો : જયજયકાર



ઓ ભરતભૂમિના પહાડો! તમ શિર પૂગ્યાં આકાશ;
તમ જેવા જગમાં બીજા નથી ઉન્નત કોની પાસ.
છે પ્રૌઢ પ્રતાપ તમારો, તમ ભવ્ય જ છે ભંડાર;
મુજ ભરતભૂમિનો જગમાં વરતાવો જયજયકાર!
ઓ ભરતભૂમિની નદીઓ! તમ સુંદર ચિત્ર ચરિત્ર;
તમ જેવી જગમાં બીજી નથી કોઈ પરમ પવિત્ર.
સુગભીરી ધીરી વીરી, તમ પુણ્ય કથા આ વાર;
મુજ ભરતભૂમિનો જગમાં વરતાવો જયજયકાર!
ઓ ભરતભૂમિના પુત્રો! મુજ દેશ તણાં નરરત્ન;
જે ગયા ધ્રુજાવી ધરણી, કરીને કંઈ લાખ પ્રયત્ન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમ શૌર્ય અને તમ પ્રીતિ, ભરજો વીરા, સહુ ઠામ;
નિજ ભરતભૂમિનો જગમાં વરતાવો જયજયકાર !

ખબરદાર

ઉન્નત = ઊંચા.
ચિત્ર ચરિત્ર = વિવિધતા ભરેલી કથાઓ.
સુગભીરી = ઊંડાં પાણીને લીધે ગંભીર દીસતી.

૧. હિંદુસ્તાનના પહાડો અને નદીઓનો પરિચય વિદ્યાર્થીઓને કરાવો.

૨. દેશનાં જૂનાં અને ચાલુ નરરત્નોનો પણ પરિચય આપો.

૩. પાઠને મથાળે મૂકવામાં આવેલી છબી કવિ અરદેશર ફરામજી ખબરદારની છે. આવા પ્રથમ પંક્તિના કવિ આપવા માટે ગુજરાતી ભાષા પારસી કોમની સદા ઋણી રહેશે.

પાઠ ૩૯ મો : અંગૂર

ચાર મુસાફરો હતા. તેઓ પોતપોતાના મુલકમાંથી મુસાફરીએ નીકળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરબસ્તાનમાંથી અરબ નીકળ્યો.
ઈરાનમાંથી ઈરાની નીકળ્યો.
તુર્કસ્તાનમાંથી તુર્ક નીકળ્યો.
યુનાનમાંથી યુનાની નીકળ્યો.

ચારે મુસાફરો એક શહેરના મુસાફરખાનામાં ભેગા થયા. ચારે જણ પાસે પાસે બિસ્તરા પાથરી થાક ખાતા હતા.

તેઓ એકબીજાની બોલી સમજતા નહોતા. પણ માણસ માણસ સાથે વાત કર્યા વિના કંઈ રહે? ઇશારાથી તેઓ વાતચીત કરવા લાગ્યા.

'કેમ છો?'

'ક્યાં રહેવું?'

'થાક કેવોક લાગ્યો છે?'

'ખાવા પીવાનું કંઈક કરીશું ને?'

એ છેલ્લી બાબતમાં બધા તરત એકમત થયા, કારણ કે તેમને-સૌને કકડીને ભૂખ લાગી હતી.

એક જણે ભોંય પર રૂમાલ પાથર્યો અને દરેક મુસાફરે તેમાં પોતપોતાના ભાગના સિક્કા નાખ્યા. પછી એક ભાઈબંધ શહેરમાં જઈને ખાવાનું લઈ આવે એમ તેમણે ઠરાવ્યું.

આટલે સુધી તો ઇશારાથી એમનો વહેવાર સરસ ચાલ્યો. પણ હવે મોટી મુશ્કેલી આવી.

યુનાનીએ ઊભા થઈ ઇશારાથી પૂછ્યું: 'બોલો દોસ્તો, આ પૈસાનું શું ખાવાનું લાવું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ પોતપોતાની ભાષામાં પોતાને ભાવતી વસ્તુનું નામ કહેવા લાગ્યા.

તુર્ક પોતાની ભાષામાં બોલ્યો, 'ઉઝૂમ લાવજે, દોસ્ત ઉઝૂમ. મીઠી મીઠી મધ જેવી અને વળી સાવ સોંઘી.'

અરબ બોલ્યો, 'નહિ, નહિ, ઉઝૂમ-બુઝૂમ મને ન ભાવે. એનબ સરસ, માટે એનબ જ લાવજે.'

ત્યારે ઈરાની મુસાફર બોલ્યો, 'છટ્, ઉઝૂમ ને એનબ કોણ ખાય? તમે લોકો ખાવામાં શું જાણો? આખો મુલક આજ પાકી પાકી અંગૂરથી ઊભરાઈ રહ્યો છે. માટે અંગૂર છોડી આપણે તો બીજું કંઈ ન જોઈએ.'

ત્યારે યુનાની મુસાફર, જેને બજારમાં જવા માટે પસંદ કરવામાં આવ્યો હતો, તે બોલી ઊઠ્યો, 'પૈસા તો મારા હાથમાં છે. હું એવી અંગૂર-ફંગૂર કાંઈ લાવવાનો નથી. આપણે તો મીઠી મધુર સ્ટાફિલિયન લાવવાના. લીલી લીલી સ્ટાફિલિયન! કાળી કાળી સ્ટાફિલિયન! તમે લોકો ખાશો ત્યારે જાણશો.'

ચારે જણાએ ચાર જુદાં જુદાં નામો કહ્યાં. શું લાવવું તેનો નિકાલ હવે કેમ થાય?

ચર્ચા તો ગરમાગરમ થઈ પડી. બોલાબોલી સારી પેઠે કરી, પણ એકબીજાના બોલ તો તેઓ ક્યાં સમજતા હતા? સમજે નહિ, એટલે તેઓ તો જરાવારમાં ઢીંકાપાટુ પર ઊતરી પડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં નસીબ જોગે કોઈ એક બાગવાન ગધેડા ઉપર સરસ તાજી દ્રાક્ષ લાદીને તે રસ્તા પરથી નીકળ્યો.

ઢીંકા ઢીંકાને ઠેકાણે રહ્યા, ચર્ચા ચર્ચાને ઠેકાણે રહી. ચારેય મુસાફરો એકદમ કૂદી પડયા અને ગધેડા પરની દ્રાક્ષની લૂમો તરફ આંગળી ચીંધીને કહેવા લાગ્યા:

તુર્ક બોલ્યો, 'જોઈ આ ઉઝૂમ? કેવા મૂર્ખ કે તમને ઉઝૂમ ભાવતી નથી?'

ઈરાની બોલ્યો, 'કેવી સુંદર **અંગૂર** આ દેશમાં થાય છે તે જોઈ લો. તે ન ભાવે તેને હું માણસ નહિ પણ ગધેડો જ ગણું.'

અરબ ચિડાઈને બોલ્યો, 'આ કયાં ઉઝૂમ કે **અંગૂર** છે? આ તો મીઠી મધુરી **એનબ** છે.'

ત્યારે યુનાની કહેવા લાગ્યો, 'આ **સ્ટાફિલિયન** જ હું બજારમાંથી ખરીદી લાવવા માગતો હતો.'

એમ તે મુસાફરોનો ભ્રમ ભાંગ્યો અને તેઓ સમજ્યા કે, નામો જૂજવાં હતાં, પણ ચીજ તો સૌને એક જ ભાવતી હતી. પછી તેઓએ શાંત પડી દ્રાક્ષ ખરીદી. ઈરાનીએ પેટ ભરીને એની **અંગૂર** ખાધી, તુર્કે એની **ઉઝૂમ** ખાધી, અરબે એની **એનબ** ખાધી, અને યુનાની મુસાફરે એની **સ્ટાફિલિયન** ઉડાવી.

યુનાન = ગ્રીસ દેશ.

જુદા જુદા ધર્મના લોકો જુદાં જુદાં નામે એક ઈશ્વરને જ ભજે છે, છતાં એકબીજા સાથે નામ માટે ઠાલા લડી મરે છે. તેના દૃષ્ટાંતરૂપે આ વાર્તા મૌ. જલાલુદ્દીન રૂમી લખી ગયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૦ મો : ઘોડો અને ગધેડો

ઘોડો અને ગધેડો એ બે તો પિતરાઈ ભાઈઓ જ છે ને? બન્ને કેટલા સરખા છે! બન્નેને મજબૂત પગ છે. બન્ને જોશથી દોડી શકે છે. બન્નેને લાંબી ડોક છે. બન્નેને પગે દાબડા છે.. ચણા ચાવી નાંખે એવા મજબૂત દાંત બેઉના મોઢામાં છે. બન્નેને પહોળી છાતી છે. બંને સાનમાં સમજે તેવા છે. બંને માણસના દોસ્તો અને સેવકો છે.



બંનેમાં કંઈક કંઈક ફેર છે. પણ તે તો હોય જ ને?

ઘોડો હણહણે છે; ગધેડો હોંચી હોંચી કરે છે. પણ તેમાં શું? બંને છાતીમાંથી દમ ઘૂંટીને અવાજ તો કરે જ છે ને? બંનેનો અવાજ કેવો હવાને જાણે ચીરી નાંખે છે!

ઘોડો ઊંચો છે, ગધેડો નીચો છે. પણ તેમાં શું? લાંબા હોય તેણે ઘોડા ઉપર બેસવું, અને ટૂંકા હોય તેણે ગધેડા ઉપર બેસવું! કેમ હસો છો? સાહેબ લોકો પોતાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકોને બેસવા ગધેડાં રાખે છે, તે તમે નથી જોયું ? જોવાનું એ છે કે બન્નેની પીઠ મજબૂત છે કે નહિ.

ઘોડાના કાન ટૂંકા છે અને ગધેડાના કાન લાંબા છે. પણ તેમાં શું? શું ટૂંકા કાનવાળા છોકરા હમેશાં હોશિયાર હોય છે અને લાંબા કાનવાળા હમેશાં ઠોઠ હોય છે?

ઘોડાની ગરદને જુલફાદાર કેશવાળી હોય છે, અને ગધેડાની ડોકે બૂચકા વાળ હોય છે. પણ તેથી શું? ઘોડાનું



પૂંછડું વાળના પૂળા જેવું છે, અને ગધેડાનું દાંડીને છેડે ફૂચડો બાંધ્યો હોય તેવું છે. પણ એથીયે શું? શું મોટી દાઢીમૂછવાળા માણસો હમેશાં ડાહ્યા હોય છે અને નાની દાઢીમૂછવાળા હમેશાં ભોટ હોય છે?

ઘોડો રૂપાળો અને ગધેડો કદરૂપો છે, એ વાત તો ખરી. પણ એમાં ગધેડાનો વાંક છે કે આપણો, તે વિચારો. ગધેડીનું નાનું ખોલકું જોયું છે? તે કેવું ઘાટીલું, નમણું અને ડાહ્યું ડમરું દેખાય છે! ઘોડીના વછેરા કરતાં તે જરાયે કદરૂપું લાગે છે? પછી આપણે માણસો તેના ઉપર જુલમ કરીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. તેને પેટ ભરીને ખવડાવતા નથી. તેને ધમારી ખરેરા કરી ચોખ્ખું રાખતા નથી. તેના ઉપર ગજા કરતાં વધારે ભાર લાદીએ છીએ, અને તેને ડફણાં માર માર કરીએ છીએ. પછી તે બિચારું ભૂંડું દેખાય, તેનું પેટ ડેફરાઈ જાય, તેની પીઠ વળી જાય, અને માર ખાઈ ખાઈને તે નીંભર થઈ જાય તેમાં શી નવાઈ?

ઘોડો અને ગધેડો બન્ને આપણા દોસ્તો છે; બન્ને આપણા વફાદાર સેવકો છે. બન્ને તરફ સરખું હેત રાખો, સરખું માન રાખો.

નીંભર = મૂઢ જેવું

આવી જ રીતે નર અને વાનરના જોડકાનું વર્ણન વિદ્યાર્થીઓ પોતે કરી શકશે. તેઓનાં લક્ષણો શિક્ષક એમની સાથે પ્રથમ ચર્ચી લે. વર્ણનમાં પ્રાણીઓ તરફ સહાનુભૂતિની ભાવના રાખવાની કાળજી લેવી.

પાઠ ૪૧ મો : ખેડ ખેડો



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાં રે ખેડ ખેડો !
અખાતરી આવી, સુરત ના જાયે,
ઓ બાપલા ! બાંધો કમર હવે હોંશથી રે જી. ૧
હાંરે ખેડ ખેડો !
પરોઢ આ ફાટ્યું, તારોડિયું ઊગ્યું,
મોડું નવ થાયે,
ઓ બાપલા ! કાઢો બળદને કોઢથી રે જી. ૨
હાંરે ખેડ ખેડો !
કરબ આ નાડચો, પરોણો કાઢચો,
ભૂલો ન કાંઈ જોજો,
ઓ બાપલા ! હાંકો બળદને સીમમાં રે જી. ૩
હાંરે ખેડ ખેડો !
ખેતર આ આવ્યાં, ના પોર સાલ વાવ્યાં,
પાડો ચાસ ઊંડા,
ઓ બાપલા ! હાંકો બળદને જોરથી રે જી. ૪
હાંરે ખેડ ખેડો !
જમીન છે કાળી, નાખોને ઉખાડી,
ફિકર કાંઈ ના રહે,
ઓ બાપલા ! ઝાલો અછોડા જોરથી રે જી. ૫
હાંરે ખેડ ખેડો !
તપ્યા આ બપોરા, રેલ્યા પરસેવા,
સૂરજ પણ થંભ્યા,
ઓ બાપલા ! ભાથું ખાવા જરા થોભજો રે જી. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાંરે ખેડ ખેડો !
આ સીમમાં ખાવાં, આગાસમાં રહેવાં,
ને ટાઢ તાપ સહેવાં,
એ બાપલા ! એદી થયે નહિ પાલવે રે જી. ૭
હાંરે ખેડ ખેડો !
આ આથમે દહાડો, સાંતીડાં વાળો,
ઘેર વાટ જોશે,
એ બાપલા ! હાંકો બળદ નરમાશથી રે જી. ૮
હાંરે ખેડ ખેડો !
મહેનત પર મોભો, બીજો નહિ થોભો,
દેવાં બહુ માથે,
એ બાપલા ! વાંકી કમર કરો જોરથી રે જી. ૯
હાંરે ખેડ ખેડો !
છો પગ જાય તૂટી, છો દિલ જાય છૂટી,
રે આબરૂ રાખો,
એ બાપલા ! જીવ્યામાં સાર શો બીજો રે જી. ૧૦

સુન્દરમ્

અખાતરી=અક્ષયતૃતીયા, વૈશાખ સુદ ૩.
મુરત=મુહૂર્ત, (ઓરવાની) તક.
તારોડિયું=શુક્રનો મોટો સુંદર ગ્રહ. તે કેટલાક માસ વહેલી સવારે અને કેટલાક માસ સમી સાંજે ઊગે છે.
આગાસમાં રહેવાં=ખુલ્લા આકાશ નીચે ખેતરમાં વાસ.
સાંતીડાં=હળ-લાકડાં.
મોભો=ઇજ્જત, આબરૂ. છાપરું જેમ મોભથી ટકી રહે છે તેમ ખેડૂત પોતાની મહેનતરૂપી મોભથી ટકે છે.
થોભો=આધાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાથમિક વાચનમાળાનાં પુસ્તકોમાં ક્રમિકતા ઉપરાંત ચોપડીના પાઠોમાં દૃષ્ટિ, આદર્શ અને વિષયની એકસૂત્રતા અને સંવાદિતા સાચવવાની હોય છે. એ જો ધ્યાનમાં ન લેવાય તો પાઠ્યપુસ્તકનો એક કીમતી ગુણ નાશ પામે અને તેટલે અંશે તેની કેળવણી-શક્તિ હણાય. આ માળામાં આ ગુણ સાચવવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ ચોપડીના પાઠોમાં વિદ્યાર્થીઓને વાચનનો આનંદ પૂરતા પ્રમાણમાં મળી રહેશે. પણ કેવળ વાચનનો આનંદ પૂરો પાડવો એટલો જ તેનો હેતુ નથી. આ પાઠો વિદ્યાર્થીઓમાં કામકાજ, સેવા આદિ વિવિધ પ્રવૃત્તિઓ માટે ઉત્સાહ જન્માવે, તેમનામાં ઉચ્ચ ભાવનાઓ પ્રેરે અને ઉમદા ટેવોનાં બી વાવે, એવી આશા પણ સેવવામાં આવી છે.

વાચનમાળાના આ હેતુઓ ઉત્સાહી શિક્ષકો દ્વારા જ પાર પડી શકે. પાઠોને અન્તે નાનાં બીબાંમાં કેટલીક સૂચનાઓ મૂકવામાં આવી છે, તે તેમને માટે છે.

આ ચોપડી તૈયાર કરવામાં અનેક લેખકો, કવિઓ અને શિક્ષકોએ અનેક રીતે મદદ કરી છે. તે સૌ ભાઈબહેનોનો સંસ્થા વતી આભાર માનું છું.

આશા છે કે, ગુજરાતના શિક્ષકોને અને વિદ્યાર્થીઓને આ ચોપડી ગમશે અને તેઓ તેને અપનાવશે.

ગૂ૦ વિ૦ કાર્યાલય
તા. ૧૮-૨-'૪૨

મગનભાઈ પ્ર૦ દેસાઈ
મહામાત્ર

પહેલી આવૃત્તિ ૧૯૪૨, પ્રત ૨૫૦
બીજી આવૃત્તિ ૧૯૪૨, પ્રત ૧૨,૦૦૦
પુનર્મુદ્રણ ૧૯૪૪, પ્રત ૬૦,૦૦૦
,, ૧૯૪૫, પ્રત ૭,૦૦૦
,, ૧૯૪૬, પ્રત ૨૦,૦૦૦
,, ૧૯૪૬, પ્રત ૬,૦૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાત આના   જુલાઈ, ૧૯૪૬

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, ખજૂરીની પોળ, કાળુપુર, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar